પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૭-૯-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૧૬૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
માણસ જેટલું બતાવીને જીવતો હોય છે, એના કરતાં વધારે અંદર દબાવીને જીવતો હોય છે..

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતમાં સેવા કાર્યોનો અમૃતોત્સવ**
(વાંચો છેલ્લા પાને)

## જનનાયક-વિશ્વના સૌથી લોકપ્રિય નેતાને જન્મદિનની અઢળક શૂભકામના

### ૧૪૦ કરોડ ભારતવાસીઓનાં હૈયે આજે અનેરો હરખ: દેશભરમાં સેવાકાર્યો સાથે ઉજવણી

# નરેન્દ્ર મોદી@75



**અબતક, રાજકોટ**
ભારતના અમૃતકાળના સ્વપ્નદ્રષ્ટા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની દેશ સહિત દુનીયાભરમાં હર્ષોલ્લાસ સાથે સેવાકાર્યો થકી ઉજવણી કરવામાં આવી રહી છે. પોતાના સમગ્ર જીવનને દેશવાસીઓની સેવા માટે અર્પણ કરી દેનાર જનનાયકના પ્રાગટયોત્સવની ઉજવણી કરવા લોકોના હૈયે ભારે હરખ જોવા મળી રહ્યો છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદ્રી મુર્મુ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભકામના પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભકામના પાઠવતા જણાવ્યું હતુ કે, નરેન્દ્રભાઈ મોદી માત્ર એક નામ નથી પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરનું સુખનું સરનામું છે.

નરેન્દ્રભાઈએ પોતાના જીવનની દરેક ક્ષણ રાષ્ટ્રને સમર્પીત કરી છે. સતત ૧૪ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કર્યા બાદ છેલ્લા ૧૧ વર્ષથી તેઓ વડાપ્રધાન તરીકે દેશની ૧૪૦ કરોડની જનતાની સેવા કરી રહ્યા છે. ગુજરાતને ગ્રોથ એન્જિન બનાવનાર નરેન્દ્રભાઈ હવે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનાવવા માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી દીધી છે.

નરેન્દ્રભાઈ મોદી પ્રખર રાષ્ટ્રભકત છે. તેઓએ ૨૬ મેના ૨૦૧૪ના રોજ ભારતની શાસન ધૂરા સંભાળ્યા બાદ ભારતનો અદ્વિતીય વિકાસ થયો છે. તેઓ સતત ત્રીજી વખત ભારતના પ્રધાન મંત્રી બન્યા હતા. દેશવાસીઓને તેઓના નેતૃત્વ પર ખૂબજ વિશ્વાસ છે. પીએમ તરીકેના ૧૧ વર્ષના કાર્યકાળમાં તેઓએ કલમ ૩૭૦ હટાવી દીધી છે.અયોદયામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ, પી.એલ.આઈ. સ્કીમ, ત્રિપલ તલાક, વકફ બોર્ડના કાયદામાં સુધારા જેવી અનેક ઉપલબ્ધિ હાંસલ કરી છે.

આજે માત્ર ભારત જ નહી વિશ્વના ૭૫ દેશોમાં રકતદાન કેમ્પ થકી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે.

આજથી દેશભરમાં સ્વચ્છતા પખવાડિયાનો આરંભ કરવામાં આવ્યો છે. દેશભરમાં દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સેવા કાર્યો થકી દેશવાસીઓ પોતાના હૃદય સમ્રાટ નેતાના જન્મદિનની વધામણા કરી રહ્યા છે.

### રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ સહિતના વિશ્વભરના નેતાઓએ વડાપ્રધાનને જન્મદિનની શુભકામના પાઠવી

### જનતા સાથે જોડાયેલું નેતૃત્વ, પ્રધાનમંત્રી મોદીનું પ્રેરક જીવનઃ ગૃહમંત્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જંન્મદિવસની શુભેચ્છાઓ આપતા કહ્યુ હતું કે આજે દેશને સમર્પિત જીવન જીવતા નેતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મ થયો હતો. આજે તેઓ ૭૫માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. મોદીનાં નેતૃત્વ હેઠળ ભારતે સર્વસમાવેશક. વિકાસ મોડેલ અપનાવ્યો છે - જનધન, ઉજ્જવલા, આયુષ્માન ભારત અને આવાસ જેવી યોજનાઓથી કરોડો લોકોને સીધી રાહત મળી છે. કઠિન સમયમાં તેમણે અડગ રહીને આર્ટિકલ ૩૭૦ની રદબાતલ, ત્રિપલ તલાકનો અંત, નોટબંધી અને જીએસટી જેવા ઐતિહાસિક નિર્ણયો લીધા. કોરોના મહામારી દરમિયાન ભારતે વેકસીન બનાવીને વિશ્વને (અનુ. આઠમા પાને)



### ટ્રમ્પે મિત્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૫મા જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પરની એક પોસ્ટમાં જણાવ્યું કે તેમણે મોદી સાથે ફોન પર વાત કરી હતી અને તેમને જન્મદિવસની શુભેચ્છાઓ આપી હતી. ટ્રમ્પે મોદીના કામની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ ''ખૂબ જ સારું કામ'' કરી રહ્યા છે. આ પોસ્ટમાં ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે વડાપ્રધાન મોદીએ તેમનો રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવામાં મદદ કરવા બદલ આભાર માન્યો. આના જવાબમાં, વડાપ્રધાન મોદીએ પણ 'એક્સ' પર ટ્રમ્પનો આભાર માન્યો અને યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટેની ટ્રમ્પની પહેલને સમર્થન આપ્યું. મોદીએ ભારત-યુએસ ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી.



### રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૫માં જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડીયા પ્લેટફોર્મ 'એક્સ' પર જન્મદિવસના શુભેચ્છા સંદેશમાં તેમણે પ્રધાનમંત્રીને જન્મદિવસના અભિનંદન આપી તેમના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરી હતી.

# વેપાર કરાર મુદ્દે ભારત અને અમેરિકા વચ્ચે ૭ કલાકની મેરેથોન બેઠક

### બન્ને પક્ષે હકારાત્મક વલણઃ હવે આગામી દિવસોમાં ફરી બીજી બેઠક યોજી વેપાર કરાર માટેની વાતચીતને આગળ ધપાવાશે

**અબતક, નવી દિલ્હી**
ભારત અને અમેરિકા વચ્ચે ગઈકાલે વેપાર કરાર પર ૭ કલાક સુધી બેઠક ચાલી હતી. બંને દેશો વચ્ચેની બેઠક સકારાત્મક રહી હતી અને ભવિષ્યમાં પણ ટેરિફ જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં અમેરિકા તરફથી મુખ્ય વાટાઘાટકાર બ્રેન્ડન લિંચ અને ભારત તરફથી અધિક સચિવ રાજેશ અગ્રવાલ હાજર રહ્યા હતા.

હકીકતમાં, યુએસ ટીમ વેપાર કરાર અંગે દિલ્હીમાં લાંબી વાતચીત કરી હતી. આ બેઠક એક દિવસીય બેઠક હતી. હવે યુએસ ટીમ પરત જશે. જોકે, આગામી બેઠક ટૂંક સમયમાં યોજાવાની છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આજે ૭ કલાક સુધી ચાલેલી બેઠકમાં ટ્રેડ ડીલના વિવિધ પાસાઓ પર સકારાત્મક અને દૂરંદેશી ચર્ચા થઈ હતી. આ બેઠકમાં વેપાર કરારને ટૂંક સમયમાં પૂર્ણ કરવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર તણાવ ઘટાડવા અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. ત્યારે ભારત સતત ટેરિફનો મુદ્દો ઉઠાવી રહ્યું છે. શક્ય છે કે ટેરિફ પર પણ બેઠક દરમિયાન ચર્ચા થઈ હોત. આ ઉપરાંત ભારત અમેરિકામાં તેના નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અંગે પણ ચર્ચા કરી શકે છે.

આ બેઠકમાં અમેરિકાએ પોતાનો દૃષ્ટિકોણ પણ રજૂ કર્યો હશે, જેમાં ભારતીય બજારમાં કૃષિ અને ડેરી ક્ષેત્ર માટે ખુલ્લા પ્રવેશની માંગણી સામેલ હોઈ શકે છે. અમેરિકા ભારતમાં તેના ડેરી અને કૃષિ ઉત્પાદનો વેચવા માગે છે, (અનુ. આઠમા પાને)


### ટેરિફ ઝીંક્યા બાદ ભારતે મચક ન દેતા ટ્રમ્પ ઢીલા પડ્યાં

છેલ્લા કેટલાક દિવસોથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ટેરિફને લઈને તણાવ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ભારત પ્રત્યે નરમ વલણ અપનાવ્યું હતું અને પીએમ મોદીને પોતાના નજીકના મિત્ર ગણાવ્યા હતા અને તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેના જવાબમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'હું પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા આતુર છું.'



### રૂપિયા ૧.૦૨ લાખ કરોડના કરારો સાથે સંબંધો મજબૂત કરવા ટ્રમ્પ બ્રિટન પહોંચ્યા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કિંગ ચાર્લ્સ ત્રીજાના આમંત્રણ પર બીજી વાર બ્રિટનના ઐતિહાસિક રાજ્ય પ્રવાસે પહોંચ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. લંડન નજીક સ્ટેનસ્ટેડ એરપોર્ટ પર તેમનું આગમન થયું. આ મુલાકાત બે રાજ્ય પ્રવાસો માટે આમંત્રણ મેળવનારા ટ્રમ્પને પ્રથમ યુએસ નેતા બનાવે છે, જે તેમનો અગાઉનો ૨૦૧૯નો પ્રવાસ ક્વીન એલિઝાબેથ ૨ દ્વારા આયોજિત કરાયો હતો. સુરક્ષા વ્યવસ્થા કડક રાખવામાં આવી છે અને તેમનું શેડ્યૂલ મધ્ય લંડનથી દૂર રાખવામાં આવ્યું છે, જ્યાં વિરોધ પ્રદર્શનો યોજાવાની શક્યતા છે. યુકે સરકારને આશા છે કે આ મુલાકાત દરમિયાન રૂપિયા ૧.૦૨ લાખ કરોડના પરમાણુ અને ટેકનોલોજી પ્રોજેક્ટ્સને આવરી લેતા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે, જેનાથી બંને દેશોની ''અતૂટ મિત્રતા'' વધુ ગાઢ બનશે. આ મુલાકાત (અનુ. આઠમા પાને)



# યમનના બંદર ઉપર હુથીના લશ્કરી ઠેકાણા ઉપર ઈઝરાયેલનો હુમલો

### હવાઈ સંરક્ષણ પ્રણાલીએ ઈઝરાયેલના લડાકુ વિમાનોને પાછા ધકેલ્યા હોવાનો હુથીઓનો દાવો, જ્યારે અનેક લશ્કરી સરંજામ નષ્ટ કર્યાનો ઈઝરાયેલનો દાવો

**અબતક, નવી દિલ્હી**
ઈઝરાયલે યમનના હોદેઈદા બંદર પર હુમલો કર્યો છે. હુથી બળવાખોરોનો દાવો છે કે આ કાર્યવાહીમાં તેમણે લશ્કરી માળખાને નિશાન બનાવ્યું છે, જે તેમના હવાઈ સંરક્ષણમાં ઘૂસવા માટે કરવામાં આવ્યું હતું. હુથી પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે ઈઝરાયલી વિમાનોને તેમના હવાઈ સંરક્ષણને કારણે પીછેહઠ કરવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું હતું કે હવાઈ સંરક્ષણ દ્વારા ઉભા થયેલા પડકારને કારણે કેટલાક ઈઝરાયલી વિમાનોને યમનના હવાઈ ક્ષેત્રમાંથી પીછેહઠ કરવાની ફરજ પડી હતી.

જૂથના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઈઝરાયલે યમનના બંદર શહેર હોદેઈદા પર હવાઈ હુમલા શરૂ કર્યા પછી ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ તેમના હવાઈ સંરક્ષણને સક્રિય કર્યા હતા. પ્રવક્તા યાહ્યા સારીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, ''અમારી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ હાલમાં ઈઝરાયલી વિમાનોનો સામનો કરી રહી છે જે આપણા દેશ પર હુમલો કરી રહ્યા છે.''

ઈઝરાયલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે (અનુ. આઠમા પાને)

# યુદ્ધ વિરામ માટે મધ્યસ્થી સ્વીકારવાનો ભારતે ઈન્કાર કર્યાનું અંતે પાકે કબૂલ્યું

### 'ઓપરેશન સિંદૂર' બાદ ટ્રમ્પની શાંતિ વાટાઘાટોના દાવાને પાકિસ્તાન નાયબ વડા પ્રધાન અને વિદેશ મંત્રી રદિયો આપ્યો

**અબતક, રાજકોટ**
પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ મંત્રી મોહમ્મદ ઈશાક ડારે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે સ્વીકાર્યું કે ભારતે ''ઓપરેશન સિંદૂર'' દરમિયાન કોઈ પણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ડારનું આ નિવેદન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓથી તદ્દન વિપરીત છે. ટ્રમ્પે વારંવાર દાવો કર્યો હતો કે અમેરિકાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી, પરંતુ હવે પાકિસ્તાન તરફથી જ આ વાતનો રદિયો મળ્યો છે. આ ખુલાસો વૈશ્વિક મંચ પર ભારતની અડગ નીતિને પુનરાવર્તિત કરે છે.

અલ જઝીરા સાથેની વાતચીતમાં ઈશાક ડારે જણાવ્યું કે પાકિસ્તાન મધ્યસ્થી માટે તૈયાર હતું, પરંતુ ભારતે સ્પષ્ટપણે કહ્યું કે આ મુદ્દો દ્વિપક્ષીય છે. ડારે કહ્યું કે ૧૦ મેના રોજ જ્યારે સેક્રેટરી રૂબિયો મારફતે યુદ્ધવિરામની ઓફર આવી, ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે ટૂંક સમયમાં ભારત સાથે વાટાઘાટો થશે. જોકે, ૨૫ જુલાઈના રોજ રૂબિયો સાથેની બેઠકમાં તેમને જાણ થઈ કે ભારતે આ વાતચીતને દ્વિપક્ષીય મુદ્દો કહીને નકારી કાઢી છે. પાકિસ્તાન વ્યાપક વાટાઘાટો ઈચ્છતું હતું, (અનુ. આઠમા પાને)



સુરક્ષિત દર્દી, સ્વસ્થ સમાજ

# સુરક્ષા પહેલા, આરોગ્ય હંમેશા: આજે વિશ્વ દર્દી સુરક્ષા દિવસ

## આ વર્ષની ઉજવણી થીમ ''દરેક નવજાત શિશુ અને દરેક બાળક માટે સલામત સંભાળ'' છે, જેનું સૂત્ર ''શરૂઆતથી જ દર્દીની સલામતી'' છે, જે અપૂરતી સંભાળને કારણે થતા જોખમોને ટાળે છે: નબળી આરોગ્ય સંભાળને કારણે વિશ્વભરમાં દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે કે ઈજાગ્રસ્ત થાય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં દર્દીને ગમે ત્યારે ઈમરજન્સીમાં હોસ્પિટલે લઈ જવા પડતો હોય છે, આવા સમયે તાત્કાલિક સારવાર જીવન બચાવી શકતી હોય છે. જે શારીરિક મુશ્કેલી હોય તેના નિષ્ણાત તબીબો પાસે જો આપણે સમયસર પહોંચી જઈએ તો સારવાર, સંભાળ અને તાત્કાલિક સારવારથી સારા પરિણામો મળતા હોય છે. કોઈપણ દવાખાનું નાનું કે મોટું દર્દીની સુરક્ષા પ્રથમ ક્રમે હોય છે. આજે વિશ્વ દર્દી સુરક્ષા દિવસ છે ત્યારે વાંચકો માટે અત્રે લેખ પ્રસ્તુત છે. ૨૦૧૯ થી વૈશ્વિક સ્તરે ઉજવાતા આ દિવસની ઉજવણી સાથે લોકોમાં તેની જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. આ વર્ષની ઉજવણી થીમ અને સૂત્રમાં ''દરેક નવજાત શિશુ અને દરેક બાળક માટે સલામત સંભાળ'' છે, જે બાળરોગ અને નવજાત શિશુ સંભાળમાં મજબૂત સલામતીની જરૂરિયાત તરફ ધ્યાન દોરે છે. ''શરૂઆતથી દર્દીની સલામતી!'' છે, જે જન્મથી જ બાળકોના અધિકારોનું રક્ષણ કરવાના મહત્વ પર ભાર મૂકે છે.બાળકોની અસુરક્ષિત સંભાળ પ્રત્યેની નબળાઈને રેખાંકિત કરે છે, અને તેમને સુરક્ષિત કરતી સિસ્ટમોને મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા સંચાલિત સત્તાવાર વૈશ્વિક આરોગ્ય દિવસોમાંથી એક છે. તે દર્દી સલામતીના પડકારો પ્રત્યે જાગૃતિ લાવવા અને વિશ્વભરમાં કાર્યવાહીને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવ્યો હતો. આ દિવસ આરોગ્યસંભાળ કાર્યકરો, નીતિ નિર્માતાઓ અને દર્દીઓને અટકાવી શકાય તેવી તબીબી ભૂલો ઘટાડવા માટે એક સહિયારી પ્રતિબદ્ધતામાં પણ એક કરે છે. તબીબી સેવાઓનો લાભ લેતા વીસમાંથી એક દર્દીને ટાળી શકાય તેવી દવાના નુકસાનની અસર થવાની સંભાવના છે, અને ચારમાંથી એક દર્દી જીવલેણ બીમારીઓનો ભોગ બની શકે છે.દવાથી થતું નુકસાન એ ટાળી શકાય તેવા નુકસાનનું મુખ્ય કારણ છે, તે તબીબી સંભાળમાં થતા કુલ ટાળી શકાય તેવા નુકસાનના લગભગ ૫૦ ટકા માટે જવાબદાર છે. દવાના નુકસાનનો સૌથી વધુ દર વૃદ્ધ દર્દીઓમાં જોવા મળે છે, ત્યારબાદ સઘન સંભાળ એકમ અને કટોકટીની દવાનો ક્રમ આવે છે.

દર્દીઓને દવાઓ લખતી વખતે, આપતી વખતે અને દેખરેખ રાખતી વખતે દવાની ભૂલ થઈ શકે છે. પ્રિસ્ક્રિપ્શન, વહીવટ અને દેખરેખના ધોરણો અંગે સારી રીતે તાલીમ પામેલા કુશળ આરોગ્ય વ્યાવસાયિકોને નિયુક્ત કરીને, ક્લિનિકલ ટીમ વચ્ચે યોગ્ય સંકલન કરીને, અને દર્દીઓને દવાની આડઅસરો અને દવાના ઉપયોગની યોગ્ય રીત વિશે શિક્ષિત કરીને દવાના નુકસાનને ઘટાડી શકાય અને ટાળી શકાય છે. વિશ્વ દર્દી સલામતી દિવસ એ જનજાગૃતિ વધારવા, હિસ્સેદારો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા અને દર્દીની સલામતી સુધારવા માટે વૈશ્વિક પગલાં લેવાનો એક અવસર છે. WHO બાળરોગ અને નવજાત શિશુ સંભાળમાં ટાળી શકાય તેવા નુકસાનને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરે છે, જે 'સુરક્ષિત બાળજન્મ', 'દર્દીની સલામતીને પ્રાથમિકતા આપવી', 'આરોગ્ય કાર્યકર સલામતી', 'દવા સલામતી', 'દર્દી અને પરિવારની સંલગ્નતા' અને 'નિદાન સલામતી' પર અગાઉના અભિયાનોના પ્રયાસોના આધારે કરવામાં આવ્યું છે. વિશ્વ દર્દી સલામતી દિવસ






૨૦૨૫ નો ઉદ્દેશ્ય અર્થપૂર્ણ સુધારાઓ લાવવા અને દરેક બાળકના સલામત અને ગુણવત્તાયુક્ત સંભાળના અધિકારને પુનઃપુષ્ટિ કરવાનો છે.

આ દિવસ દર્દીઓ અને તેમના પરિવારોને આરોગ્ય સંભાળમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરે છે, કારણ કે તેમના સહયોગથી સારવાર વધુ સુરક્ષિત બની શકે છે. આ પહેલ દર્દીઓને થતી ઈજાઓ અને મૃત્યુને અટકાવવા માટે લેવાયેલુ એક મહત્વપૂર્ણ પગલું છે. WHOના અંદાજ મુજબ, નબળી આરોગ્યસંભાળને કારણે વિશ્વભરમાં દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે કે ઈજાગ્રસ્ત થાય છે. વિશ્વ દર્દી સલામતી દિવસના મુખ્ય ઉદ્દેશોમાં દર્દીની સલામતીના મહત્વ વિશે સમાજમાં જાગૃતિ લાવવી. દર્દીઓની સલામતી સુધારવા માટે આરોગ્ય સંભાળ સંસ્થાઓ, સરકારો અને વ્યક્તિઓને પગલાં લેવા પ્રોત્સાહિત કરવા. સલામત તબીબી પ્રેક્ટિસ અને ભૂલો ઘટાડવા માટેની નવીન પદ્ધતિઓ અપનાવવી. દર્દીઓને તેમની પોતાની સલામતીમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા. આ દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ આરોગ્યસંભાળ પ્રણાલીમાં કાયમી સુધાર લાવવાની પ્રતિબદ્ધતા છે. દર્દીની સલામતી એ આપણી સહિયારી જવાબદારી છે. દર્દીની સુરક્ષા માત્ર તબીબી ભૂલો અટકાવવા પૂરતી સીમિત નથી. તેમાં ચેપ નિયંત્રણ, દવાઓનો યોગ્ય ઉપયોગ, અને સંભાળની ગુણવત્તા સુધારવા જેવા અનેક પાસાંઓનો સમાવેશ થાય છે. દર્દીઓ, તેમના પરિવારો, અને આરોગ્ય કર્મચારીઓએ સાથે મળીને આ દિશામાં કામ કરવું જોઈએ. ગંભીર માંદગીમાં દર્દીને તાત્કાલિક સારવારની સાથે હૃદય, કિડની ફેલ્યોર, કે કેન્સર જેવા ચોક્કસ રોગ માટે નિષ્ણાત ડોક્ટર દ્વારા સારવાર આપવામાં, શિશુઓ અને બાળકોને આરોગ્ય સંભાળમાં, ખાસ કરીને સઘન સંભાળ એકમોમાં, સર્જિકલ સેટિંગ્સમાં અને દવા વહીવટ દરમિયાન, નુકસાનના અપ્રમાણસર ઊંચા જોખમોનો સામનો કરવો પડે છે. ઈમરજન્સીમાં દર્દીની સારવાર માટે, સૌ પ્રથમ ABC (એરવે, બ્રીધિંગ, સર્ક્યુલેશન) પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. દર્દીને સ્થિર રાખવા અને તરત જ જરૂરી તબીબી સારવાર આપવી એ સૌથી મહત્વપૂર્ણ બાબત છે.

### ઈમરજન્સીમાં દર્દીનો જીવ બચાવવામાં આ મશીનો ઉપયોગી

દર્દીની જોખમી અને ગંભીર પરિસ્થિતિમાં વેન્ટિલેટર એક એવું મશીન છે, જે દર્દીને શ્વાસ લેવામાં મદદ કરે છે, જ્યારે તે જાતે શ્વાસ લઈ શકતા નથી, ત્યારે ઓક્સિજન અને હવાના મિશ્રણને ફેફસાંમાં પમ્પ કરે છે, જેથી શરીરને પૂરતો ઓક્સિજન મળી રહે.

**ઓક્સિજન કોન્સન્ટ્રેટર:** આ મશીન હવામાંથી ઓક્સિજનને અલગ કરીને શુદ્ધ ઓક્સિજન પૂરો પાડે છે. તે ઓક્સિજન ટેન્ક કરતાં વધુ સુરક્ષિત અને અનુકૂળ છે, ખાસ કરીને જ્યારે દર્દીને લાંબા સમય સુધી ઓક્સિજનની જરૂર હોય ત્યારે ઉપયોગી છે.ડિફિબ્રિલેટર એક એવું મશીન છે જે હૃદયના ધબકારા અનિયમિત હોય ત્યારે ઈલેક્ટ્રિક શોક આપીને તેને સામાન્ય સ્થિતિમાં લાવે છે. તે ખાસ કરીને કાર્ડિયાક અરેસ્ટના કેસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ મશીનો ઈમરજન્સીમાં દર્દીનો જીવ બચાવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

### દર્દીની ગંભીર સ્થિતિમાં સઘન સારવાર સંભાળ એકમ (ICU)માં સારવાર આપવામાં આવે છે, જેમાં વેન્ટિલેટર, ઈંટ ફ્લુઈડ્સ અને સતત દેખરેખનો સમાવેશ થાય છે: ગંભીર માંદગીમાં દર્દીને તાત્કાલિક અને વિશેષ સારવારની જરૂર પડે છે

### દર્દીને ઈમરજન્સીમાં જીવન સહાયક સારવાર, સઘન સંભાળ, નિષ્ણાતની સારવાર અને શસ્ત્ર ક્રિયાનું મહત્વ વધી જાય છે: નવજાત સંભાળમાં ૯૭ ટકા સુધી પ્રતિકૂળ ઘટનાને અટકાવી શકાય છે

# મોબાઈલ આપણા હાથમાં હોવો જોઈએ, આપણું જીવન મોબાઈલના હાથમાં નહીં

૨૧મી સદી ટેકનોલોજી અને ડિજિટલ યુગની સદી કહેવાય છે. આજે સ્માર્ટફોન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા આપણા જીવનના અભિન્ન અંગ બની ગયા છે. ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ માનવ જીવનને સરળ, સુવિધાસભર અને ઝડપથી આગળ વધારનારાં છે. પરંતુ દુર્ભાગ્યે, તેના અતિરેક ઉપયોગને કારણે 'ડિજિટલ લત' જેવી સમસ્યા ઝડપથી વિકસી રહી છે. આ લત માનવીય સંબંધોને ખોખલા બનાવી રહી છે.ધીમે ધીમે પરિવાર, સમાજ અને માનવ જીવનનાં મૂળભૂત મૂલ્યોને નષ્ટ કરી રહી છે.

ડિજિટલ લત શું છે?

કોઈપણ વસ્તુનો મર્યાદિત ઉપયોગ લાભદાયી છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ હાનિકારક છે. મોબાઈલ, ગેમ્સ, સોશિયલ મીડિયા, વેબ સીરીઝ, ચેટિંગ અને ઓનલાઈન ગેમિંગમાં અતિશય સમય પસાર કરવો, તેના વિના અશાંતિ અનુભવવી, અને જીવનની અન્ય જરૂરી પ્રવૃત્તિઓની અવગણના કરવી - તેને જ 'ડિજિટલ લત' કહેવાય. દિવસની શરૂઆત મોબાઈલની સ્ક્રીનથી થાય અને અંત પણ મોબાઈલ સાથે થાય ! પરિવાર સાથે બેસીને ભોજન કરતા સમયે પણ આંખો મોબાઈલ પર જ રહે. મિત્રતા, રમતો, વાચન કે સામાજિક વાતચીતમાં રસ ઓછો થઈ જાય. આવી પરિસ્થિતિઓ દર્શાવે છે કે વ્યક્તિ ડિજિટલ લતનો શિકાર થઈ રહ્યો છે.

**ડિજિટલ લતનાં પરિણામો:**

**૧. માનવીય સંબંધોનું વિસર્જન:** માનવ જીવનનું સૌંદર્ય સંબંધોમાં છે. પરંતુ આજે સંબંધો ધીમે



ડિજિટલ લત: માનવીય સંબંધોનો અંત

ધીમે 'ઓનલાઈન' થઈ રહ્યા છે. પરિવાર સાથે વાત કરવાની જગ્યા પર મેસેજ ફોરવર્ડ થવા લાગ્યા છે. મમ્મી જ્યારે બાળકને જમવા માટે નીચે બોલાવે ત્યારે બાળક ઉપરથી મમ્મીને એવો મેસેજ કરે છે કે, જમવામાં શું બનાવ્યું છે ? ફોટો ફોરવર્ડ કર પછી નીચે આવું...! મિત્રતા હવે હૃદયથી નહીં, પરંતુ ફેસબુક કે ઈન્સ્ટાગ્રામના 'લાઈક' અને 'કોમેન્ટ'થી માપવામાં આવે છે. દાંપત્ય જીવનમાં પતિ-પત્ની વચ્ચેનો સંવાદ ઘટી રહ્યો છે,કારણ કે સમય મોટાભાગે મોબાઈલ પર જ વીતે છે. બાળકો અને માતા-પિતાની વચ્ચેની લાગણીસભર વાતચીત ધીમે ધીમે ગાયબ થઈ રહી છે.

**૨. માનસિક અસરો:** ડિજિટલ લત માનસિક સ્વાસ્થ્યને ગંભીર અસર કરે છે. સતત સ્ક્રીન સામે રહેવાના કારણે ચિંતા, એકલતા અને નિરાશા વધે છે.લાઈક-કોમેન્ટ પર આધારિત જીવનશૈલી આત્મવિશ્વાસને નષ્ટ કરે છે. સામાજિક તુલના (Social Comparison)થી ઈર્ષા, ડિપ્રેશન અને અસંતોષ વધે છે.

**૩. શારીરિક અસરો:** આંખોની તકલીફ, માથાનો દુખાવો, ઊંઘનો અભાવ, કમર-પીઠની સમસ્યાઓ. બાળકોમાં શારીરિક રમતો ઘટી રહી છે, જેના કારણે સ્થૂળતા અને બીમારીઓ વધી રહી છે.મોડે સુધી મોબાઈલ વાપરવાને કારણે શરીરની પ્રાકૃતિક ઘડિયાળ બગડી રહી છે.

**૪. શૈક્ષણિક અને વ્યવસાયિક નુકસાન:** વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં વધારે સમય મોબાઈલ કે ગેમમાં વેડફે છે. એકાગ્રતા ઘટે છે, યાદશક્તિ નબળી પડે છે. કાર્યસ્થળ પર પણ કાર્યક્ષમતા ઘટે છે, કારણ કે મન સતત ફોનની સૂચનાઓમાં ફસાયેલું રહે છે.

**૫. માનવીય સંબંધો પર સીધી અસર:** માનવીય સંબંધો વિશ્વાસ, લાગણી અને સંવાદ પર આધારિત છે. પરંતુ ડિજિટલ લત તેને ખોખલા કરી રહી છે.

* **પરિવારમાં અંતર -** પહેલાં સાંજે આખો પરિવાર ભેગો બેસીને વાતચીત કરતો, હવે દરેક સભ્ય પોતાના મોબાઈલમાં વ્યસ્ત રહે છે.

* **મિત્રતા વર્ચ્યુઅલ બની ગઈ છે -** હવે મિત્રો સાથેની મુલાકાતની જગ્યાએ વિડિયો કોલ કે ઓનલાઈન ચેટિંગ જ મિત્રતાનો આધાર બની ગયું છે.

* **સંસ્કારનો અભાવ -** બાળકો વાલીઓ સાથે સમય ન વિતાવે, વાલીઓ પણ બાળકો સાથે વાત કરતાં વધારે મોબાઈલમાં વ્યસ્ત રહે છે. પરિણામે સંસ્કાર, માનવતા અને લાગણીઓ ધીમે ધીમે ઓગળી રહી છે.

* **દાંપત્ય સંબંધોમાં તણાવ -** દંપતી વચ્ચેના મતભેદો અને અવગણનાનું એક મોટું કારણ ડિજિટલ લત બની ગયું છે.

**ઉદાહરણો:** ઘણી વાર જોવા મળે છે કે માતા-પિતા બાળકને ખવડાવવા માટે મોબાઈલ પર કાર્ટૂન કે ગીત મૂકી દે છે. એથી બાળક ખોરાક તો ખાઈ લે છે, પણ સંવાદ અને લાગણીનો પુલ બંધાતો નથી. બાળક સ્વાદ ઓળખતા શીખતું નથી એટલું જ નહીં બલકે ઓવર ઈટીંગની પણ ખબર રહેતી નથી.

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

મિત્રો સાથે પિકનિકમાં ગયેલા યુવાનો મોટાભાગનો સમય 'સેલ્ફી' લેતા અને પોસ્ટ કરવામાં પસાર કરે છે, પરંતુ હૃદયથી મોજ-મજા કરવાનું ભૂલી જાય છે. કેટલાક કેસોમાં તો ઓનલાઈન ગેમ્સના કારણે વિદ્યાર્થીઓએ આત્મહત્યા સુધીનો રસ્તો પસંદ કર્યો છે.

**ડિજિટલ લતમાંથી બહાર આવવા માટે ઉપાય:** **૧.** ડિજિટલ ડિટોક્સ (Digital Detox) દરરોજ ચોક્કસ સમય માટે મોબાઈલ-ઈન્ટરનેટથી દૂર રહો. પરિવાર સાથે સમય વિતાવો, પુસ્તકો વાંચો, પ્રકૃતિ વિહાર કરો.

**૨. પરિવારમાં નિયમો બનાવો:** ભોજન સમયે મોબાઈલનો ઉપયોગ ન કરવો. રાત્રે સૂતા પહેલાં એક કલાક ફોન બંધ રાખવો. પરિવાર સાથે દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ વાતચીત કરવી.

**૩. વૈકલ્પિક પ્રવૃત્તિઓ:** જેવી કે રમતગમત, સંગીત, ચિત્રકામ, બાગબગીચા, વાચન જેવી પ્રવૃત્તિઓમાં રસ વિકસાવવો.

**૪. જાગૃતિ:** શાળાઓ, કોલેજો અને સમાજમાં ડિજિટલ લતના જોખમો અંગે જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ.

**૫. સંસ્કારનો સંચાર:** વાલીઓએ બાળકોને સમય આપવો જોઈએ. સંબંધોમાં લાગણી, પ્રેમ અને સમજણ જાળવવી જોઈએ.

**ઉપસંહાર:** ટેકનોલોજી માનવ જીવનને આગળ ધપાવતું શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ વિનાશક સાબિત થઈ રહ્યું છે. ડિજિટલ લતના કારણે માનવીય સંબંધો ખતમ થઈ રહ્યા છે, પ્રેમ-લાગણીની જગ્યાએ વર્ચ્યુઅલ દુનિયા છવાઈ રહી છે.

અંતે એક વાત યાદ રાખવી જોઈએ - માનવીય સંબંધો જ જીવનની સાચી સંપત્તિ છે. જો આપણે ટેકનોલોજીનો સંતુલિત ઉપયોગ કરી, પરિવાર અને સમાજ સાથે જીવંત સંબંધ જાળવીશું તો જ સાચા અર્થમાં જીવન સફળ અને સુખી બની રહેશે.

'મોબાઈલ આપણા હાથમાં હોવો જોઈએ, આપણું જીવન મોબાઈલના હાથમાં નહીં.'

'રામજીભાઈ ઘરમાં છે ?' દરવાજે આવી રામજીભાઈ આગંતુકને પૂછે છે, 'બોલો શું કામ છે ?' 'મારા દીકરાના લગ્ન છે, આ કંકોત્રી આપવા આવ્યો છું.' આગંતુકે જવાબ આપ્યો. રામજીભાઈનો પ્રત્યુત્તર, 'તમે વોટ્સએપ નથી વાપરતા ? વોટ્સએપમાં મોકલી દેવાય ને...! ધકકો ખાવાની જરૂર નહોતી.'

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૯-૨૦૨૫ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોટેટો ટોર્નેડો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ચણીયા ચોલી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૨૦ દાંડિયા ધમાલ
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૯-૨૦૨૫ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૮-૯-૨૦૨૫ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા વદ બારશ બારશનું શ્રાધ્ધ ગુરૂપુષ્યમૃતયોગ
**નક્ષત્ર** પુષ્ય
**યોગ** શિવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૬.૩૬ **સુર્યાસ્ત:** ૬.૪૭
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** દક્ષિણ તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૮.૯.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા વદ બારસ, પુષ્ય નક્ષત્ર, શિવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.

**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.

**કુંભ (ગ ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

# નરેન્દ્ર મોદી... માત્ર એક નામ નથી પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામુ છે !

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસ નિમિતે શબ્દોના સાથીયા થકી શુભકામના પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**“પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?**
**હું પડકાર ઝીલનારો માણસ છું.**
**હું તેજ ઉછીનું લઉં નહીં,**
**હું જાતે બળતું ફાનસ છું”.**

આ કાવ્યપંકિતના રચયિતા છે નરેન્દ્ર મોદી

નરેન્દ્ર મોદી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય. તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ.૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે.

ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

**- ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી**

જયારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.

૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેન્કર રાજ,



માફિયા રાજ, કર્ફ્યુ રાજ જેવા બધા ‘નકારાત્મક રાજ’ને વિદાય આપી અને સાચા અર્થમાં ‘વિકાસરાજ’ને પ્રસ્થાપિત કર્યું.

આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું. ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન.

**- ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન**

વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૪ સુધીનો સમયગાળો ગુજરાત માટે અનોખો રહ્યો. વિકાસનાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવાની શરૂઆત મોદીજીએ પંચશક્તિ (જળ, જન, રક્ષા, ઊર્જા અને જ્ઞાન)ના સફળ આયોજન થકી કરી. જેના કારણે પ્રજાને સ્પર્શતા અગત્યના ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

જો નિયત સાફ હશે તો પ્રજાનો સાથ હંમેશા મળી રહેશે. સક્રિય રાજનીતિના આ ૨૪ વર્ષ અને એકપણ કાળી ટીલી નહીં. આઝાદ ભારતના રાજકીય ઈતિહાસમાં આવું વ્યકિતત્વ અને આવી લોકપ્રિયતા ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ પ્રાપ્ત કરી હશે અને તેની પશ્ચાદભૂમાં છે.

**- નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઉર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા**

મોદીજીએ જયારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપુરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકિય સુવિધાઓનો પડકાર હતો.

શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી. સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશ ભરમાં પહેલીવાર કલાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

**- ગુજરાતમાં વાવ્યાં કૃષિક્રાંતિના બીજ**

મોદીજીએ ગુજરાતના કૃષિ વિકાસ દરને ડબલ ડિજિટ પર પહોંચાડયો. ‘સુજલામ સુફલામ’ અને ‘સૌની’ યોજના અને રાજયવ્યાપી વિરાટ કેનાલ નેટવર્ક તૈયાર કરીને મા નર્મદાના નીર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડ્યા.

કૃષિ મહોત્સવ’ની પહેલ તો સમગ્ર દેશ માટે અનુસરણીય બની રહી. “લેબ ટુ લેન્ડ”ના સૂત્ર સાથે કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો. સાથે જ, સોઈલ હેલ્થ કાર્ડ થકી ખેડૂતો પોતાની જમીનની પ્રકૃત્તિ અને ગુણવત્તાના આધારે ખેતી કરતા થયા. આ બધાનું પરિણામ એ આવ્યું કે એક સમયે ગુજરાતના અનેક ખેડૂતો, જે માત્ર વરસાદ પર આધારિત રહેતા, તે વર્ષમાં ત્રણ-ત્રણ પાક લેતા થયાં.

આજે તો સમગ્ર દેશમાં કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોના ખાતામાં પ્રતિવર્ષ રૂ.૬૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, લઘુત્તમ ટેકાના ભાવમાં માતબર વધારો કરીને મોદીજીએ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી દીધા છે.

**- યુવા બન્યા ‘નૂતન ગુજરાત - નૂતન ભારત’ના ઘડવૈયા**

આજે તો ભારતના યુવાનોને “જોબ સીકર” નહીં, પરંતુ “જોબ ગીવર” બનાવવાના લક્ષ્ય સાથે મોદીજીએ સમગ્ર દેશમાં ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ના માધ્યમથી યુવાનોને ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ્સ શરૂકરવા તમામ પ્રકારની મદદ પૂરી પાડી છે. ગુજરાત પણ આઈ-ક્રિએટથી લઈને આઈ-હબ જેવી સંસ્થાનોના માધ્યમથી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં મોખરે રહ્યું છે.

**- નારીશક્તિનું સાચા અર્થમાં સન્માનઃ**

મોદીજી જયારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓ માટે અલાયદો વિભાગ સરકારમાં શરૂ કર્યો. ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૫૦ ટકા અનામત, મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના જેવી પહેલથી ‘નારીશક્તિ’ને સાચા અર્થમાં શક્તિ તરીકે પ્રસ્થાપિત કર

એ માતૃશક્તિના અપાર આશીર્વાદથી નરેન્દ્રભાઈ સતત ત્રીજી વાર વડાપ્રધાન તરીકે જન-જનના વિશ્વાસનું પ્રતીક બન્યા છે.

**- પ્રવાસન ક્ષેત્રને મળી નવી ઊંચાઈઓઃ**

મોદીજીના શાસનકાળ પહેલા ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર સુયોગ્ય સ્થિતિમાં ન હતું, પરંતુ આજે કચ્છનું ધોરડો અને રણોત્સવ વૈશ્વિક ફલક પર બિરાજમાન છે. ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ મળ્યો છે.

કચ્છમાં ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનની સ્મૃતિમાં નિર્માણ થયેલું સ્મૃતિવન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**- ‘વિકાસ પણ, વિરાસત પણ’ મંત્રને સાકાર કરતું ગુજરાતઃ**

વાઈબ્રન્ટ નવરાત્રિ, વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો સમાવેશ, સોમનાથ મંદિરની કાયાકલ્પ, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળો ખાતે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વગેરે મોદીજીના ‘વિકાસ પણ, વિરાસત પણ’ના મંત્રનો ઉદઘોષ અને વાસ્તવિક અમલીકરણ પણ છે.

**- વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાનઃ**

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

- મોદી સાહેબના ૭૫મા વર્ષે...

મોદીજી એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જો સ્વયંમાં વિશ્વાસ અને જનતા જનાર્દનનો પ્રેમ સાથે હોય તો કલ્પનાતિત પરિણામો હાંસલ કરી શકાય છે. આજે ભારતના લોકો મોદીજીને એક નેતા તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના ઘડવૈયા તરીકે જોઈ રહ્યા છે. તેમના ૭૫મા જન્મદિવસ અવસરે મોદી સાહેબને આપણે એટલું અવશ્ય કહી શકીએ કે, આપે કંડારેલા વિકાસના રાજમાર્ગ પર ગુજરાત અવિરતપણે આગળ વધતું રહેશે અને વિકાસના અસીમ અજવાળા જગમાં પાથરતું રહેશે. મોદીજીના જ શબ્દોમાં કહીએ તો..

**અમે અજવાળા પાથરશું,**
**જગમાં અજવાળા પાથરશું**
**એકતા, સમતા, મમતાને**
**અમે જતન કરી જાળવશું**
**અમે અજવાળા પાથરશું**


ગુજરાત સરકાર દ્વારા નિર્મિત

“માતૃશ્રી હીરાબા સરોવર”

લોકાર્પણ કાર્યક્રમ

માન. મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્હસ્તે યોજાનાર છે.





ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી બલવંતસિંહ રાજપૂત
માન.મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
માન.મંત્રી, જળ સંપત્તિ, પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત



તારીખ: ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫, બુધવાર | સમય: સાંજે 4:30 વાગે | સ્થળ: વાલકેશ્વર મંદિર, સરસ્વતી નદી નજીક, સિદ્ધપુર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

## તંત્રી લેખ

# નમોત્સવ – અમૃતોત્સવ



૧૪૦ કરોડ હિંદુસ્તાનીઓના હૃદય સમ્રાટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજે જન્મદિવસ છે.પ્રખર રાષ્ટ્રભકત, પુરુષાર્થી અને પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવા શાસક મળતા તે ભારત જેવા લોકશાહી રાષ્ટ્ર માટે નસીબની વાત છે. નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ અમૃત મહોત્સવ તરીકે ઉજવાય છે.

ભારત માતાના સપૂત, વૈશ્વિક કક્ષાએ સર્વાધિક લોકપ્રિય નેતા, પ્રખર રાષ્ટ્રવાદી વિચારક-ચિંતક અને પ્રખર દેશભકત નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજા શાંતિ- સલામતિ અનુભવી રહી છે.

વૈશ્વિક રાજનૈતિક અરાજકતા-અંધાધૂંધી ના કપરા કાળમાં નરેન્દ્રભાઈ મોદીની ભારતના હિત ના રક્ષણ માટે કોઈ પણ વિદેશી તાકાત સામે નહી ઝૂકવાની નીતિના પરિણામે વૈશ્વિક સ્તરે ભારતનું વજન વધ્યુ છે. નરેન્દ્રભાઈ મોદી દેશની જનતાના હ્રદયમાં બિરાજે છે.આજે કોઈ પણ દુશ્મન દેશ ભારત સામે આંખ ઉઠાવવાની કોશિશ કરી શકતો નથી.કરોડો ભારતીયો સુરક્ષિત અને સલામત બન્યો છે.

નરેન્દ્રભાઈ મોદી ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના સફળ યશસ્વી મુખ્યમંત્રી રહ્યા. એ સમયે તેઓએ ગુજરાતમાં વિકાસની અનેક દીર્ઘદ્રષ્ટિ ભરેલી મહત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકી હતી અને ગુજરાતને વિકાસ અને પ્રગતિ ના ઉચ્ચ શિખર ઉપર પહોચાડ્યું હતું. તેઓએ ૨૬મે ૨૦૧૪ના રોજ ભારત ના ૧૫ માં પ્રધાનમંત્રી બન્યા ત્યારથી વડાપ્રધાન તરીકે સતત અવિરત દેશની સેવા કરી રહ્યા છે.તેઓના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રેલવે સુરક્ષા, આધુનિકીકરણ, યુપીઆઇ, વિક્સિનેશન ડ્રાઈવ અને પાસપોર્ટ સુવિધાઓ વગેરેમાં પણ ઘણો બદલાવ કર્યો છે. આ ૧૧ વર્ષ દરમિયાન રામમંદિર બનીને તૈયાર થઈ ગયું એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. દેશના વિકાસને ગતિ પ્રદાન કરવા અને લોકોનાં જીવનમાં બદલાવ લાવવા માટે તેમની સરકારે અનેક પ્રયાસો કર્યા છે. તાજેતરમાં જ જી.એસ.ટી.ના દરોમાં ધરખમ ઘટાડો કરીને પ્રજાને રાહત આપી છે અને ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગના જીવન ધોરણને ઊંચું લાવવા પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનના પ્રયાસોના કારણે સ્વદેશી વસ્તુઓનું મૂલ્ય સમજ્યા અને વિદેશી વસ્તુઓનો ઉપયોગ પણ ઘટાડ્યો. કૌશલ યોજનાથી યુવાનોને યોગ્ય દિશા મળી, તો મેઈક ઈન ઈન્ડિયા મિશનથી સ્ટાર્ટઅપ ઊભા કરીને તેમણે પોતાની ઓળખ બનાવી. ઉજ્જ્વલા યોજનાએ મહિલાઓને ચૂલાના ધુમાડાથી રાહત અપાવી, તો આયુષ્માન ભારતને કારણે ગરીબોને સારવાર મળી શકી છે.

યશસ્વી વડાપ્રધાન જન્મદિવસ નિમિત્તે ઈશ્વર તેમને તંદુરસ્ત યશસ્વી દીર્ઘ આયુષ્ય આપે તેવી મંગલમય પ્રાર્થના કરી રહ્યા છે.

[signature]

# દરેક વ્યકિતએ એક વૃક્ષ વાવીને તેનું જતન કરવું: ધારાસભ્ય ડો. પાડલીયા

## ઉપલેટા વન મહોત્સવ બી.આર. એસ.કોલેજ-ડુમિયાણી ખાતે યોજાયો

## ધારાસભ્ય ડો. પાડલીયા, મામલતદાર મહેતા, તા.પં. પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય અનેક પદાધિકારીઓ હાજર રહ્યા હતા

**અબતક, કિરીટ રાણપરીયા ઉપલેટા**



પીપલ્સ વેલ્ફેર સોસાયટી ડુમિયણી ખાતે આવેલ ‘‘વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલના બી.આર.એસ. કોલેજમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા ઉપલેટા તાલુકા કક્ષાનો ૭૬ મો વનમહોત્સવ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા હાજર રહ્યા હતા. તેમણે વનમાહોત્સવ ની ઉજવણી દ્વારા લોકોમાં વૃક્ષ પ્રત્યેની જાગૃતતા આવે તે અને દરેક વ્યકિત એક વૃક્ષને વાવીને તેનુ જતન કરી ઉછેરે તે માટે અપીલ કરી હતી. ‘‘ એક પેડ માં કે નામ ‘‘ પ્રકલ્પને સાકર કરી આ જન આંદોલનમાં જોડાવા જણાવેલ. સાથે વિધાર્થીઓને સાંસદ ખેલ મહોત્સવમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. ફોરેસ્ટ વિભાગ ઉપલેટા દ્વારા આયોજિત આ વન મહોત્સવમાં આર.એફ.ઓ. બ્રિજેશભાઈ બારૈયા એ પધારેલ તમામ મહેમાનોનું શબ્દથી સ્વાગત કર્યું હતું.સામાજિક વનીકરણ વિશે સરકાર દ્વારા કરવામાં આવતી સહાય પ્રોત્સાહન યોજનાઓ અને નર્સરી વિશે માહિતી આપી હતી. આ તકે મામલદાર નિખીલ મહેતા દ્વારા વૃક્ષોનું જતન કઈ રીતે કરવું તેના દ્વારા થતા ફાયદાઓ ની ટેકનિકલ જ્ઞાન સાથેની માહિતી આપેલ આ તકે ફોરેસ્ટ વિભાગ દ્વારા તેમના વિભાગમાં કામ કરતા કર્મચારી ને પ્રોત્સાહિત કરવા તેમના કાર્યની કદર કરવા તેમજ તેઓ સતત આ કાર્ય ને વફાદાર રહી કાર્ય કરતા રહે તે માટે વિશિષ્ટ ‘‘પ્રશિસ્તપત્રો ‘‘ આપવામાં આવ્યા હતા. આ તકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સવિતાબેન મણવર, ટ્રસ્ટી ડો. ઉર્વશીબેન ખાનપરા, ઈવા આયુર્વેદ કોલેજના મેનેજીંગ ડાયરેક્ટર ડો. સંજયભાઈ ખાનપરા એ કાર્યક્રમને સફળ બનાવવા સતત માર્ગદર્શન આપેલ. આ તકે ઉપસ્થિત બધા જ મહેમાનોનું સ્વાગત ‘‘ સિંદૂર રોપા ‘‘ થી કરવામાં આવ્યું હતું વચ્ચે સાંકૃતિક કાર્યક્રમ તેમ જ વૃક્ષનું મહત્વ સમજતું નાટક રજૂ કરેલ આ તકે જિલ્લા પંચાયતના સભ્ય ભૂપતભાઈ ચાવડા, તા.પં. પ્રમુખ પ્રવિણાબેન હુંબલ, તા.પં.ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભાલોડીયા, તાલુકા ભાજપ ના પ્રમુખ કિરીટભાઈ જાવિયા, નગર પાલિકા પૂર્વ-પ્રમુખ મયુરભાઈ સુવા, તા.પં. પૂર્વ પ્રમુખ વિનુભાઈ ચંદ્રવાડિયા, તા.પં. સામાજિક ન્યાય સમિતિ ચેરમેન લાખાભાઈ વારગીયા, પિયુષભાઈ હુંબલ, મેહુલભાઈ ચંન્દ્રવાડિયા, કોલેજના આચાર્ય શ્રી ડો. ઝાટકિયા સાહેબ હાજર રહ્યા હતા. ૭૫ વૃક્ષોનું વાવેતર કરી તેના જતન અને ઉછેરની જવાબદારી કોલેજના અધ્યાપકો તેમજ વિધાર્થીઓએ લીધેલી છે. કેમ્પસ ડાયરેક્ટર ઘનશ્યામસિંહ ગોહિલ આ આયોજનને સફળ બનાવવા કોલેજના સ્ટાફને સાથે રાખી કાર્ય કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. પારૂલબેન ખાંટ દ્વારા કરવામાં આવેલ હતુ.

# ઉપલેટામાં નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૧૦૫ બોટલ રક્ત એકત્રિત

**અબતક, કિરીટ રાણપરીયા ઉપલેટા**




તસ્વીર: શહેઝાદ બાદશાહ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નાજન્મદિવસ અને ઓપરેશન સિંદૂર ની સફળતા ના ભાગ રૂપે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર ગુજરાત રાજ્ય માં ૩૦૦ થી વધારે સ્થળો પર આજે કર્મચારી મોરચા દ્વારા મહા રકતદાન કેમ્પ યોજાયા હતા અને રકતદાન નો વર્લ્ડ રેકોર્ડ સ્થપાયો હતો જેમાં સહયોગી બનવા ઉપલેટામાં સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા યોજાયેલ આ કેમ્પ ને નગરપાલિકા ના પ્રમુખ વર્ષાબેન ગજેરા ના હસ્તે ખુલ્લો મુકાયો અને ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા એ શુભેરછા પાઠવી હતી અને સહયોગ આપ્યો હતો આ રકતદાન કેમ્પમાં મામલતદાર નિખિલ મહેતા ,પી.આઈ. બી આર પટેલ ,તાલુકાવિકાસ અધિકારી જેઠવા નગરપાલિકા ના સદસ્યો,,સામાજિક સંસ્થાઓ ના આગેવાનો જોડાયા હતા ૧૦૫ રક્તદાતાઓ એ રકતદાન કર્યુ જેમને ધારાસભ્ય,વી.પી. ઘેટીયા હાઈસ્કુલ સ્ટાફ,ગ્રાન્ટેડ શાળા પરિવાર,પ્રાથમિક શિક્ષક સંઘ ના સહયોગ થી પ્રમાણપત્ર અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા..આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવામાં ઉપલેટા ના તમામ સરકારી કર્મચારી વિભાગ ના હોદેદારો ની સંયુક્ત કર્મચારી મોરચા સમિતિ ના સંયોજક પરેશભાઈ પટેલ, બહાદુરભાઈ ડાંગર, અશોકભાઈ ભારાઈ, ગિરીશભાઈ મારડિયા, નિકુંજભાઈ ભીંભા,ચેતનભાઈ પટેલ,કેયુરભાઈ દેદાણીયા , નાથાલાલ ભીંભા, ભાવેશભાઈ સૂવા, જગદીશભાઈ વાઢીયા, વિપુલભાઈ જળું, બિમલભાઈ વ્યાસ ,વિમલભાઈ ભૂત,ભાર્ગવભાઈ વ્યાસ ,નિકુંજભાઈ જસાણી, જીગ્નેશભાઈ ઉપાધ્યાય અને ગળથૂથી ફાઉન્ડેશન ઉપલેટા ના સભ્યો એ જહેમત ઉઠાવી હતી

# ગોંડલ: જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પાર્થ સ્કુલનો દબદબો

## બે ખેલાડીઓ રાજય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી

**અબતક,જીતેન્દ્ર આચાય,ગોંડલ**



ગોંડલ મુકામે જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈહતી. જેમાં ગોંડલની પાર્થ સ્કૂલના ખેલાડીઓએ અંડર ૧૪ વિભાગમાં ઉત્તમ પ્રદર્શન કરતા જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતુ. રાઠોડ જયપાલસિંહ, ખુંટ નવ્ય, વાળા હિત, ધામેલીયા ધ્રુવ અને ચાવડા દિવ્યરાજ એમ કુલ પાંચ ખેલાડીઓ અને અંડર ૧૭ વિભાગમાં રમતના આધારે સિધ્ધપુરા જેનીશ અને સરવૈયા આર્યન એમ કુલ બે ખેલાડીઓ રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

આ તકે શાળા સંચાલક અખિલેશ ત્રિવેદી , જીગ્નેશ ત્રિવેદી કોચ ઋષિ સર તથા સમગ્ર શાળા પરિવારે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પૂર્વ કચ્છ પોલીસ દ્વારા

# સામખિયાળી ખાતે માતાના મઢે જતાં પદયાત્રીકો માટે સેવા કેમ્પ શરૂ કરતાં એસ.પી. બાગમાર

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**



મંગળવારના રોજ સવારે ૧૧ વાગે સામખિયાળી ખાતે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા માતાના મઢ જતા પદયાત્રીઓ માટે ‘‘પદયાત્રી સેવા કેમ્પ‘‘નું ઉદઘાટન કરવામાં આવ્યું. આ કેમ્પનું ઉદઘાટન પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક દ્વારા કરાયું હતું. કેમ્પમાં યાત્રાળુઓ માટે ચા, કોફી, બિસ્કીટ, ફ્રુટ, છાશ, અને ભોજનની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત સ્ત્રી-પુરુષો માટે અલગ આરામની વ્યવસ્થા, ન્હાવા- ધોવાની સુવિધા અને તબીબી સેવાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે. કેમ્પમાં સુરક્ષા માટે સીસીટીવી પણ લગાવવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને ડી.વાય.એસ.પી. સાગર સાબડાએ જાતે પદયાત્રીઓની સેવા કરી અને તેમના સામાન પર રેડિયમ લગાવી સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.

# યાત્રાધામ પાલિતાણામાં એનિમલ હોસ્ટેલ માટે જગ્યા ફાળવવા જીવદયા પ્રેમીઓની માંગ

## જીવદયા પ્રવૃત્તિ સામે તંત્રની નીરસતા દુર કરી ગોચરના દબાણો દૂર કરી એનિમલ એમ્બ્યુલન્સ ફાળવવા રજૂઆત

**અબતક, અંકુર મહેતા પાલીતાણા**

યાત્રાધામ પાલિતાણામાં જીવદયા પ્રવૃત્તિ પ્રત્યે તંત્રની નીરસતા દૂર કરવા અને એનીમલ હોસ્ટેલ માટે જગ્યા ફાળવવા અને એનીમલ એમ્બ્યુલન્સ અને વેટરનરી તબીબોની ખાલી જગ્યા પૂરવા માંગ ઉઠી છે.પવિત્ર યાત્રાધામ પાલિતાણામાં વર્ષોથી જીવદયા માટે કાર્યરત ગૌસેવા સમિતિના કાર્યકર્તા ઓ દ્વારા આવા રસ્તામાં રઝળતા અબોલ પશુઓ માટે કાયમી આશ્રય સ્થાન મળે એ હેતુ પાલિતાણાના તમામ વિસ્તારના વધારાના રખડતા- રેઢીયાળ-અબોલ-મુંગા પશુઓના જીવન નિર્વાહ નિભાવ-સારવાર- રક્ષાર્થે નગરપાલિકાની હદમાં પડતર જગ્યા ઉપર એનિમલ હોસ્ટેલ બનાવવા જગ્યા ફાળવણી કરવામાં આવે તે બાબત વર્ષોથી જીવદયા પ્રેમિયો ની માંગ પુરી કરવામાં આવતી નથી જ્યારે સરકારની ૧૦ ગામ વચ્ચે એક એનિમલ એમ્બ્યુલન્સ સેવા ૧૯૬૨ને વધુ ગામ સુધી લાભમળે એવી પશુ પાલકોની માંગ કરી છે.

પાલિતાણા તાલુકામાં પશુઓની સંખ્યા વધી, પરંતુ મહેકમ જેમનું તેમ છે. પાલિતાણા તાલુકાના પોણા લાખ માલઢોર સામે પશુ ડોક્ટર માત્ર બે જ છે.૮૫ ગામના પાલિતાણા તાલુકામાં પશુઓની વસ્તીમાં વધારો થયો છે. આથી દરરોજના ૧૫ થી ૨૦ કેસ આવતા હોય વેટરનરી ડોક્ટરની બે જગ્યાનું મહેકમ વધારવા તેમજ પશુધન નિરીક્ષકની ખાલી પડેલ જગ્યા તાકીદે પુરવા પણ માગ ઉઠી છે.

પાલિતાણા તાલુકામાં ૮૧ ગામડાં આવેલા છે. જેમાં ગામડાંનું અંતર પણ વધુ છે. અંદાજે તાલુકામાં ૫૫,૦૦૦ ગાય, ભેંસ અને ૨૫૦૦૦ ઘેટા, બકરા જેવા પશુઓ છે.સરકારે પશુધન નિરીક્ષકની પોસ્ટ ઉભી કરી છે. જે વેટરનરી ડોક્ટરની જગ્યા કરતા નીચીની પોસ્ટ કહેવાય.તેમાં પણ પાલિતાણા તાલુકામાં પાંચ પશુધન નિરીક્ષકની જગ્યામાંથી એક જ ભરાયેલી છે, ચાર જગ્યા ખાલી પડી છે. નાની રાજસ્થળી ખે ખાતે પશુધન નિરીક્ષક છે. જ્યારે ઠાડચ, ઘેટી નોંધણવદર ખાલી છે. તે ભરવામાં આવે તેવી માગ ઉઠી છે.હાલ પાલિતાણા અને કુંભણ બે જગ્યાએ જ વેટરનરી ડોક્ટર છે અને મહેકમ પણ ૨ વેટરનરી ડોક્ટરનું છે.વર્ષો પહેલા ઢોર ઓછા હતા. જ્યારે હાલ સંખ્યામાં વધારો નોંધાયો છે ત્યારે મહેકમ પણ વધારવું જરૂરી હાલ દરરોજના ૧૫ થી ૨૦ પશુને સારવાર માટે દવાખાને લાવવામાં આવે છે. તેમજ ડોક્ટર માંગ મુજબ ફિલ્ડમાં જ પણ જાય છે, પશુની સારવાર કરે છે. આશરે ૮૦,૦૦૦ નાના છે મોટા ઢોર વચ્ચે માત્ર બે જ બ વેટરનરી ડોક્ટર હોય ત્યારે તેમાં વધારવા માંગ ઉઠી છે. જ્યારે પશુ બીમાર પડે અને સારવાર માટે ઉ દવાખાને લાવવા હોય તો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે એવી અખબારી યાદી માં સંસ્થા ને ભરતભાઈ રાઠોડ દ્વારા જણવામાં આવ્યું છે.

# ગાંધીધામ: ભારે વિરોધ વચ્ચે નડતરરૂપ ૯૨ દબાણો હટાવાયા

## ગાંધીધામ કોર્પોરેશન તંત્ર શહેરને દબાણ મુકત કરાવવા મકકમ

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**



ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા થી શરુ કરેલ ઝુંબેશના ભાગરૂપે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમાથી ચાવલા ચોક થઇ ભગવાન ક્લોથ સુધી આર્કેડના પેડેસ્ટેરીયન વે માં કરવામાં આવેલા દબાણો અને સાઉથ બજારની પાછળ આવેલ પાર્કિંગના દબાણો બાબતે કોર્પોરેશન કમિશનર, મનીષ ગુરવાનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સતત બીજા દિવસે પણ સવારના દસ વાગ્યાથી સાંજે અંદાજિત સાડા પાંચ વાગ્યા સુધી દબાણ હટાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સવારના અરસામાં અમુક આગેવાનો દ્વારા ફરજમાં રૂકાવટ કરાતા સમજાવટના ભાગરૂપે એ ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.વાદવિવાદ અને વિરોધના વંટોળ વચ્ચે મક્કમતારૂપી આ ઝુંબેશમાં મહાનગરપાલિકાના ૫ જે.સી.બી., ૪ ટ્રેકટર, ૩૦ કર્મચારીઓ તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈની સતત હાજરીમાં આજરોજ કુલ-૯૨ દબાણો દુર કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશમાં એ ડિવિઝન પોલીસ ઈન્સ્પેકટર એમ ડી ચૌધરી, પીઆઇ વી પી આહીર અને પી.એસ.આઇ. ઝાલા દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન બંદોબસ્ત રાખવામાં આવેલ, તથા બાદમાં તમામ વેપારીઓ તરફથી પણ આ ઝુંબેશને પુરતો સહયોગ આપવામાં આવ્યો હતો. તેમજ તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ પણ આ ઝુંબેશ શરુ રહેશે એવું મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સાવરકુંડલા હાથસણી રોડના કામમાં લોટ પાણીને લાકડા : વાહન ચાલકો હેરાન પરેશાન

## નબળા કામ સામે કાર્યવાહી માટે ધારાસભ્ય કસવાળા તરફ મીટ

**અબતક, સોહીલ શેખ, સાવરકુંડલા**

સાવરકુંડલા-હાથસણી રોડ પર જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલા પેચવર્કના કામમાં થયેલી બેદરકારીને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અઠવાડિયા પૂર્વે જ ખાડાઓ પૂરવામાં આવ્યા હતા, પરંતુ નબળી કામગીરી અને હકલી ગુણવત્તા વાળા કામ ને કારણે પેચવર્ક ઉખડી ગયું છે અને રસ્તાની હાલત ફરીથી જેવી હતી તેવી જ ખરાબ થઈ ગઈ છે.

સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે આ કામમાં નબળી ગુણવત્તાવાળી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને કામગીરી યોગ્ય રીતે કરવામાં આવી નથી. આ ઘટનાથી સરકારના તંત્ર વિભાગની કાર્યક્ષમતા પર સવાલો ઉભા થયા છે.ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ અગાઉ લોટ પાણી ને લાકડા જેવી બેદરકારી ચલાવી નહીં લેવાની વાત કરી હતી. હવે લોકો તેમની પાસે આશા રાખી રહ્યા છે કે તેઓ આ મામલે સત્વરે દરમિયાનગીરી કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરશે અને રસ્તાનું કાયમી સમારકામ કરાવશે?

# જસદણ: વડાપ્રધાનના જન્મદિવસે મહારક્તદાન કેમ્પને યુવા આગેવાન વિજય રાઠોડનો આવકાર

**અબતક, હિતેષ ગોસાઇ, જસદણ**



દેશના ડાયનેમિક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન અનુસંધાને રાજ્ય અને દેશભરમાં રકતદાન કેમ્પો યોજાય રહ્યાં છે અને યોજાવાના છે આ કાર્યને મહાન કાર્ય કહી આ કામને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ આવકારી આ ભગીરથ કાર્યમાં પ્રત્યેક નાગરિકોએ પોતાની ફરજ બજાવી દેશ માટે કામ કરવા જણાવ્યું હતું. મંગળવારે જસદણમાં પણ કન્યા વિનય મંદિરમાં મોદીજીના જન્મદિન સંદર્ભે એક કેમ્પ યોજાયો જે કેમ્પમાં વિવિધ સરકારી કર્મચારીઓએ હરખભેર જોડાય આ કેમ્પમાં રકતદાન કરી સારો પ્રતિસાદ આપ્યો હતો. તેમનો આભાર માન્યો હતો.

## વડાપ્રધાનના ૭૫માં જન્મદિવસ નિમિતે

# પાલીતાણા: સ્વામી વિવેકાનંદ કોલેજ દ્વારા વિવિધ સ્થળે સ્વચ્છતા અભિયાન

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસ નિમિતે પાલિતાણાની સ્વામી વિવેકાનંદ કોલેજનો અનોખો પ્રયોગ જેમાં આવતી કાલથી કોલેજના ભાઈઓ બેહનો દ્વારા સમગ્ર વર્ષ માટે દર અઠવાડિએ પાલિતાણાના અલગ અલગ વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે.જે કાર્યની શરૂઆત કરવામાં આવશે.૪૮૦ વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમ લોકોમાં જાગૃતતા લાવવા અને પાલિતણાને સ્વચ્છ તેમજ સ્વસ્થ બનાવના હેતુથી પાલિતાણાના ૭૫ સ્થળ ઉપર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ દર અઠવાડિએ પાલિતાણાના કોઈ એક વોર્ડમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ શ્રમદાન માટે ૩ થી ૪ કલાક માટે સમયદાન કરશે પાલિતાણા નગરપાલિકા દ્વારા જરૂરી સાધન સામગ્રી પુરી પાડી યોગ્ય સહકાર આપવામાં આવશે.

પાંચાળ પંથકમાં ભ્રૂણ પરિક્ષણ પર તંત્રની તવાઈ

# થાનની શેઠ દીપચંદ ગોપાલજી ટ્રસ્ટની હોસ્પિટલનું સોનોગ્રાફી મશીન સીલ

## ચોટીલા ડે.કલેકટર મકવાણાની ટીમે ૨૪ કલાકમાં બીજી હોસ્પિટલ પર કરી કાર્યવાહી

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જીલ્લામાં ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનીક હોસ્પીટલોમાં ગેરકાયદેસર નિયમો વિરૂદધ ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત થતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈ ચોટીલા ડેપ્યુટી કલેકટર દ્વારા સતત બીજે દિવસે થાન શહેરી વિસ્તારમાં આવેલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલમાં ચેકીંગ હાથધરી સોનોગ્રાફી મશીન સીલ કરી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સહિત ડોકટર સામે નિયમ મુજબ કાર્યવાહી હાથધરવામાં આવી છે.



ચોટીલા ડેપ્યુટી કલેકટર એચ.ટી.મકવાણા દ્વારા થાન શહેરી વિસ્તારમાં આવેલ શેઠ દિપચંદ ગોપાલજી સાર્વજનીક ટ્રસ્ટ હોસ્પીટલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથધરી રેઈડ કરવામાં આવી હતી. હોસ્પીટલમાં ચેકીંગ દરમ્યાન અનેક ક્ષતિઓ બહાર આવી હતી. હોસ્પીટલના સોનોગ્રાફી મશીનમાં એકપણ સોનોગ્રાફી કરવામાં આવી નથી તેમ જણાવવામાં આવ્યું હતુ પરંતુ તપાસ કરતા બહારથી સીએચસી હોસ્પીટલમાંથી અનુભવી ગાયનેક ડોક્ટરને બોલાવી સોનોગ્રાફી મશીનમાં પાંચ દર્દીની સોનોગ્રાફી થઈ હોવાનું અને તે પૈકી બે દર્દીના ફોર્મમાં પણ ચેકચાક કરી હોવાનું બહાર આવ્યું હતું તેમજ શીશુની જાતિ પરિક્ષણ ઉપર પ્રતિબંધ અંગેના કોઈ બોર્ડ હોસ્પીટલમાં લગાવવામાં આવ્યા નહોતા અને જે ગાયનેક ડોક્ટરની ફોર્મ-એફમાં સહી કરવામાં આવી છે તેમણે ખરેખર હોસ્પીટલમાં સોનોગ્રાફી કરી છે કે કેમ તે અંગેના પણ કોઈ આધારો રજુ કર્યા નહોતા. આ તમામ ક્ષતિઓને ધ્યાને લઈ હોસ્પીટલનું પોર્ટેબલ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ચોટીલા ડેપ્યુટી કલેકટર દ્વારા અલગ-અલગ બે હોસ્પીટલોના સોનોગ્રાફી મશીન સીલ કરતા ડોકટરો સહિત હોસ્પીટલના સંચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# વેરાવળ લોહાણા બોર્ડીંગમાં રઘુવંશી સમાજના ખૈલેયાઓ નવરાત્રિ મહોત્સવમાં કરશે જમાવટ

## પ્રખ્યાત મ્યુઝકીલ ગ્રુપ લોકપ્રિય કલાકારો સૌથી મોટું સ્ટેજ શિસ્તબંધ આયોજન બેસવાની સંદર વ્યવસ્થા

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ લોહાણા બોર્ડીંગના વિશાળ ગ્રાઉન્ડમાં રવિવારથી હજારો રઘુવંશી ખૈલેયાઓ નવરાત્રી મહોત્સવમાં ઉમટી પડશે પ્રખ્યાત મ્યુઝીકલ ગ્રુપ, લોકપ્રિય કલાકારો સહીત અનેક વ્યવસ્થાઓ સાથે ૧૮ વર્ષથી ભવ્ય નવરાત્રી મહોત્સવ યોજાય છે ગીર સોમનાધ જીલ્લાના મુખ્યમથક વેરાવળમાં સૌથી મોટા જ્ઞાતિ ઉત્સવ માં ૧૧ દિવસ દરમ્યાન હજારો પરીવારોઉમટી પડે છે.

વેરાવળ શહેરમાં બસ સ્ટેન્ડ સામે આવેલ લોહાણા બોર્ડીંગના વિશાળ ગ્રાઉન્ડમાં જલ્યાણ નવરાત્રી મહોત્સવ ૨૦૨૫ નું ભવ્ય આયોજન કરાયેલ છે ૧૮ વર્ષથી ચેરમેન તરીકે સેવા બજાવતા તેમજ લોહાણા મહાજન પ્રમુખ દીપક કકકડે જણાવેલ હતું કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુસરીન નવરાત્રીનું આયોજન થઈ રહેલ છે હજારો લોહાણા જ્ઞાતિજનો દરરોજ માતાજીના સ્વરૂપમાં રમતી બાળાઓના દર્શન કરવા આવી પહોચે છે સૌથી સુરક્ષીત સીકયુરીટી સાથે આ નવરાત્રી મહોત્સવ વડીલોએ શરૂ કરેલ હતો તેની પરંપરા આજે પણ સાચવી રાખેલ છે રમવા આવતા ખૈલેયાઓ તેમજ જ્ઞાતિજનો પાસે થી કોઈપણ એન્ટ્રી ફી લેવામાં આવતી નથી તમામ ને વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે વર્ષોથી લોહાણા જ્ઞાતિ પરીવારો ૧૧ દિવસ એક સાથે હળેમળે છે ત્યારે પરીવાર જેવું ખુબજ અદભુત પુર્વક વાતાવરણ હોય છે.

સૌથી મોટો ઉત્સવ ૧૧ દિવસ માતાજીના આરાધના પ્રાર્થના કરવા માટે ગ્રાઉન્ડ ની અંદર સૌ સાથે મળીને આરતી કરે છે દરવર્ષે કંઈક નવું મળી રહે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે આ દસે દસ દિવસ બાળકો માટે સુંદર આયોજન કરાઈ છે દરરોજ લ્હાણી આપવામાં આવે છે.

પ્રખ્યાત સ્વર મ્યુઝીકલ ગ્રુપ ના કલાકારો દિનેશ ચુડાસમા, જીજ્ઞાશા વાજા,દશરથભાઈ ચુડાસમા સહીત ના કલાકારો તેમજ મ્યુઝીક ટીમ ખલેયાઓને દરરોજ થનગનાટ કરવા માટે સૌથી મોટી તૈયારી કરેલ છે.

વધુ માં દીપક કકકડે જણાવેલ હતું કે ૩૦ વર્ષ થી લોહાણા જ્ઞાતિ રઘુવંશી ખલૈયાઓ માટે નવરાત્રી મહોત્સવ સૌથી મોટ રાઉન્ડ માં યોજાય છે તેનો સૌથી વધારે પ્રય લોહાણા બોર્ડીંગના ટ્રસ્ટીઓ ગૃહપતિ,બાળકો સૌથી વધારે સાથ સહકાર આપી રહેલ છે.

ગીર સોમનાથ જીલ્લા સહીત અનેક શહેરોમાંથી લોહાણા જ્ઞાતિ પરીવારો નવરાત્રી માણવા ઉમટી પડે છે.

# સુત્રાપાડા: પ્રાસલી ફાટકથી ગાંગ્રેથા સોમત નદી સુધી વાઈડનીંગના કામનો શુભારંભ

## ધારાસભ્ય જસાભાઈ બારડના હસ્તે કરાયું ખાતમુહુર્ત

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



ખાતમુહૂર્ત નિમિતે પ્રાસલી ફાટકથી ગાંગ્રેથા સોમત નદી સુધી રોડના ખાતમુહુર્તમાં ઉપસ્થિત ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મૂછાલ તાલાલા સુત્રાપાડા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ બાબુભાઈ પરમાર ચેરમેન બાંધકામ સમિતિ ખીમભાઈ વાજા પ્રમુખ તાલુકા પંચાયત સુત્રાપાડા હરિભાઈ જાદવ ચેરમેન જિલ્લા પંચાયત સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ મસરીભાઈ રાઠોડ સુરસિંહ મોરી પૂર્વ ચેરમેન શિક્ષણ સમિતિ પૂર્વ ચેરમેન ધીરુભાઈ સોલંકી બહાદુરસિંહ ગોહિલ જિલ્લા ભાજપ મંત્રી કિશાન મોરચા મહામંત્રી પ્રતાપસિંહ બારડ અક્ષયભાઈ વાળા સરપંચ પ્રાસલી પ્રતાપભાઈ બામણીયા પૂર્વ પ્રમુખ પંકજભાઈ પપાણીયા ધારાસભ્ય ભગવાનભાઈના પ્રયત્નથી પ્રાંચલી ફાટકથી ગાંગેથા સોમત નદી સુધી રોડ વાઈડનીંગ સાથે રૂ. ૪૫૯ લાખની મંજુરી મળતા તેમનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ તેના આજુ બાજુ ગામ સરપંચઓ તથા મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા: સેજો ભેરાઈ ગામે 'પોષણ ઉત્સવ'ની ઉજવણી



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

પોષણ ઉત્સવ - ૨૦૨૫ અંતર્ગત આજ રોજ આઈ.સી.ડી.એમ.ઘટક રાજુલા સેજો ભેરાઈ ગામ ભેરાઈ માં પોષણ ઉત્સવ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવેલ છે.જેમાં ગામના સરપંચ વાલાભાઈ તેમજ બાબુભાઈ દુલાભાઈ રામ.તેમજ સુપરવાઈઝર બેન મેડિકલ ઓફિસશ્રી. તેમજ આરોગ્ય ના તમામ સ્ટાફ સ્વંદીપ શિક્ષણ સંસ્થા માંથી પધારેલ મહેમાનો તથા આંગણવાડી ના વર્કર બેનો અને હેલ્પર બેનો જેમના દ્વારા વાનગી નિદર્શન કરવામાં આવેલ છે.અને વાનગી માં.૧.થી.૩.નંબર આપવામાં આવેલ હતા જેમાં અર્ચના બેન નો ૧ નો.નંબર આવેલ હોય તેઓ ને પ્રોત્સાહક ગિફ્ટ આપવામાં આવેલ હતી. સ્વાદીપ સંસ્થા તરફી ગિફ્ટ આપવામાં આવેલ હતી. આ પોષણ ઉત્સવ ની ઉજવણી દર વર્ષે ઉજવવામાં આવે છે.જેમાં આંગણવાડી ની બહેનો ઉત્સાહ પ્રવાસ ભાગ લ્યે છે

# સિહોર નગરપાલીકાના કર્મચારીઓને ફાયર સેફટી ઈમરજન્સી સેવા ૧૧૨ વિશે માર્ગદર્શન અપાયું

**અબતક, આનંદ રાણા સિહોર**



સિહોર નગરપાલિકાના ઉપક્રમથી શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત સિહોર નગરપાલિકાના તાલીમાર્થીઓની સંખ્યા-૧૪૫ કર્મચારીઓ/અધિકારીઓ માટે ફાયર, ૧૦૮/૧૧૨ ઈમરજન્સી સર્વિસીઝ અને ફર્સ્ટ એઈડની તાલીમનો કાર્યક્રમ યોજાયો. પીલર ૨ ગુડ ગિવિન્સ અધિકારીઓ/કર્મચારીઓને જરૂરી તાલીમ આપવા ઉપર વિશેષ ભાર મુકાયો છે. કોઈપણ કુદરતી આફત કે માનવ સર્જીત દુર્ઘટના સમયે નગરપાલિકા કક્ષાએ સ્થાનિક સ્તરે આ ડીઝાસ્ટરનો પ્રથમ પ્રતિભાવ ફ્રન્ટલાઈન વોરીયર તરીકે નગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓએ આપવાનો થાય છે.

જેથી નગરપાલિકાઓના અધિકારીઓને/કર્મચારીઓને આ માટે સુરાજજ્જ કરવા આવશ્યક હોય-છે. જે અન્વયે પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ ભાવનગરના માર્ગદર્શન હેઠળ ભાવનગર જિલ્લાની કુલ નગરપાલિકાઓની સંખ્યા-૬ નગરપાલિકાઓ માટે ફાયર સેફ્ટી, ૧૦૮/૧૧૨ આવશ્યક સેવાઓ અને ફર્સ્ટ એઈડની તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તે પૈકી આજરોજ સિહોર નગરપાલિકામાં ટાઉન હોલ ખાતે ફાયર સેફ્ટી ૧૦૮ અને ૧૧૨ આવશ્યક સેવાઓ અને ફર્સ્ટ એઈડ જેવી મહત્વની તાલીમ ચીફ ઓફિસર આર. પી. સોલંકી ના અધ્યક્ષસ્થાને નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આપવામાં આવી.

# ચોટીલા: રેફરલ હોસ્પિટલને અપગ્રેડ કરવા આરોગ્ય મંત્રી સમક્ષ રજૂઆત

## ચોટલીના આગેવાનોને મુલાકાત આપી આરોગ્ય મંત્રીએ પ્રશ્નના ઉકેલની આપી હૈયાધારણા

**અબતક, રણજીતસિંહ ધાધલ ચોટીલા**



ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને રૂબરૂ મળી અને ચોટીલાનો પ્રાણ પ્રશ્ન એટલે કે ચોટીલાની રેફરલ હોસ્પિટલ અપગ્રેડ કરવા માટે તમામ સુવિધાઓ ઝડપથી ચાલુ થાય અને આરોગ્યના કિડની ટ્રાન્સલેટ અને લીવર ટ્રાન્સલેટના ગરીબ દર્દીના દર્દીઓના પ્રશ્ન ટ્રોમા સેન્ટરસેન્ટર ચાલુ કરવા રજૂઆત કરતાં આરોગ્ય મંત્રીએ તુર્ત જ ઘટતું કરવાની ખાતરી આપેલ છે. આ અંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ઘટતું કરવાની તમામ સૂચનાઓ લાગતા વિભાગોને આપેલ છે જે બદલ તેઓનો આભાર અખિલ વિશ્વ ગૌવર્ધન પરિષદ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સમજતો વાઢારા સમાજ રાષ્ટ્રીય અધ્યક્ષ ચોટીલા નગરપાલિકા પૂર્વ ઉપાધ્યક્ષ હરેશભાઈ ચૌહાણ માલધારી સમાજના આગેવાન અખિલ વિશ્વ ગૌ સંવર્ધન ગુજરાત પ્રદેશ મહામંત્રી રઘુભાઈ ભરવાડ મનોજભાઈ બોડાણા આગેવાનો સાથે સફળતાપૂર્વક રજૂઆત તમામ આગેવાનો દ્વારા માં ચામુંડાનો ફોટો આપી મંત્રીનું સન્માન કરવામાં આવ્યું માં ચામુંડા ધામ ચોટીલાના આ પ્રાણ પ્રશ્ને ઝડપથી ઉકેલ આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

# જૂનાગઢ જીલ્લાના પાંચ આરોગ્ય કેન્દ્રની નિદાન શિબિરોમાં નિષ્ણાંત તબીબો આપશે ''સેવા''

## માળીયા, માંગરોળ, માણાવદર, વંથલી, મેંદરડામાં યોજાશે આરોગ્ય શિબિરો

**અબતક, દર્શન જોશી જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત તા.૨૩ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન જિલ્લાના પાંચ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય વિષયક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૨૩ સપ્ટેમ્બર થી તા.૩૦ સપ્ટેમ્બર દરમિયાન જુનાગઢ જિલ્લાના પાંચ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં માળિયા હાટીના તાલુકા સીએચસી ખાતે બપોરના ૨ થી ૫ દરમિયાન હોમ સર્જીકલ હોસ્પિટલના ગાયનેકોલોજીસ્ટ ડો. વિકાસ ગોહેલ, પીડીયાટ્રીશીયન ડો. જીગ્નેશ ભરડા સેવા આપશે. જ્યારે માંગરોળ સીએચસી ખાતે તા.૨૩ સપ્ટેમ્બરના રોજ બપોરના ૨ થી ૫ દરમિયાન વિનાયક મલ્ટીકેર હોસ્પિટલના ગાયનેકોલોજીસ્ટ ડો. પ્રિયલ શાંતિલાલ દોંગા સેવા આપશે. માણાવદર સીએચસી ખાતે તા.૨૫ સપ્ટેમ્બરના રોજ ટ્યુલીપ હોસ્પિટલના ગાયનેકોલોજીસ્ટ ડો. જયદીપ ભાટુ સેવા આપશે. તથા વંથલી સીએચસી ખાતે તા.૩૦ સપ્ટેમ્બર ના રોજ બપોરના ૨ થી ૫ વાગ્યા દરમિયાન કલરવ હોસ્પિટલના પીડીયાટ્રીશીયન ડો.કિશન પરસાણીયા, ગાયનેકોલોજીસ્ટ ડો. હર્ષા ગાધે સેવા આપશે. તેમજ મેંદરડા સીએચસી ખાતે ફળદુ મેટરનીટી એન્ડ ગાયનેક હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ ડો. એસ. એન. ફળદુ સેવા આપશે.આ મેગા કેમ્પમાં નાગરિકો વધુને વધુ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લે એ માટે જૂનાગઢ જિલ્લા પંચાયત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જસદણમાં વડાપ્રધાનના જન્મદિવસે સેવાકાર્યોનો ધમધમાટ

**અબતક,હિતેશ ગોસાઈ,જસદણ**



જસદણમાં દેશના ડાયનેમિક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિન પ્રસંગે ભાજપ દ્વારા આજ સવારથી ભરચક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતુ કે ગઈકાલે મંગળવારે જસદણ કન્યા વિનય મંદિરમાં એક સફળતાવાળો રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું વિશ્વભરમાં નામ રોશન કર્યુ છે તે આઝાદી બાદ દેશનું ભારે ગૌરવ વધાર્યુ છે પ્રત્યેક નાગરિકોએ આ બાબતની ખાસ નોંધ લેવી પડે એવા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ અંગે શિવ મંદિરમાં સામૂહિક પ્રાર્થના કરવામાં આવી આ ઉપરાંત સ્વસ્થ ભારત સ્વચ્છતા અભિયાન જેવાં કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતાં. ખાસ કરીને આટકોટ કે ડી પરવાડિયા હોસ્પિટલ ખાતે ડો. ભરતભાઈ બોધરાએ મોદીજીના જન્મદિન અવસરે દર્દીઓ માટે આજે ઓપીડી નિઃશુલ્ક બનાવી હતી.


નં. જન્મ-મરણ/રજી. કેસ નં. ૧૦૬/૨૦૨૫

**-:: જાહેર નોટિસ ::-**

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી મોહનભાઈ સોમાભાઈ સુણાએ તેઓના જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪ ના રોજ રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના ચીખલીયા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઈને વાંધો - તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦ માં વાંધો તકરાર રજુ કરી શકે છે. જો કોઈ વાંધા-તકરાર રજુ કરવામાં નહીં આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

કોર્ટનો સિક્કો

(એન.એમ. તરખાલા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી



જા.નં.: 5170 તા.: 15/9/25

**મોરબી મહાનગરપાલિકા**

**નેહરુગેટ ઘડિયાળ રિપેરિંગ કરવાનું કામ**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | કામની અંદાજીત રૂ. |
|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તાર માં આવેલ નેહરુ ગેટ ની ઘડિયાળ રીપેર કરી ચાલુ કરવાનું કામ. | ૩,૦૦,૦૦૦/- |

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તાર માં આવેલ નેહરુ ગેટ પર સ્થિત ઘડિયાળ રિપેરિંગ કરવાં ના કામ માટે રસ ધરાવતા તથા સમાંન પ્રકાર ના કામ નો અનુભવ ધરાવતી એજન્સીઓ એ ઘડિયાળ નું રૂબરૂ નિરીક્ષણ કરી કામ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે આ કામગીરી માં રસ ધરાવતા ઉમેદવારો એ જરૂરિયાત મુજબ ના ડોક્યુમેન્ટ્સ તથા ક્વોટેશન તા: 24-09-2025 સમય 2:00 સુધી માં મોરબી મહાનગરપાલિકા પહોંચી જાય તે રીતે RPAD થી પહોંચાડવાનું રહેશે કવર પર નેહરુગેટ ઘડિયાળ રિપેરિંગ કરવાનું કામ નો ઉલ્લેખ કરવાનો રહેશે.

માહિતી -રાજ-૯૫૭-૨૫-૨૬

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા



**નામ બદલાવેલ છે**

હું અફઝલભાઈ પરીયટ આ સાથે જાહેર કરૂ છું કે મારા પુત્રનું નામ ફઝલેમોઈન અફઝલભાઈ પરીયટમાંથી બદલીને ફઝલેમોઈન આબઝલ પરીયટ કરેલ છે તેથી હવેથી મારો પુત્ર ફઝલેમોઈન આબઝલ પરીયટ નામથી ઓળખાશે.



**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

નં. WR-RJT0COMM(PARK)/4/2021-O/o SR DCM/RJT/WR

**પાર્કિંગ અને પે એન્ડ યુઝના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ટેન્ડર નોટીસ નં. RJT-PARK-PAY&USE25-04-03

રાજકોટ ડિવિઝન માટે નીચે જણાવેલ કેટલોગ્સ પર ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-PARK-04-25 | 1. PARKING-RJT-OKHA-MX-18-25-2<br>2. PARKING-RJT-DWK-MX-19-25-2<br>3. PARKING-RJT-HAPA-MX-6-25-1<br>4. PARKING-RJT-SUNR-MX-9-25-1 | (પાર્કિંગ-મિક્સ્ડ) | ૦૩ વર્ષ | તા.૦૧-૧૦-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે |
| E-PAYUSE-03-25 | 1. PnU-RJT-DWK-Toi-4-25-2 | (પે એન્ડ યુઝ-ટોયલેટ્સ) | ૦૩ વર્ષ | તા.૦૧-૧૦-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે |

ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટની વિગતો (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ www.ireps.gov.in પર આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : રાજકોટ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે.

RJT-120

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

જાહેર નિવિદા

**સરકારશ્રીની યોજનાની બહોળી પ્રસિદ્ધિ અર્થે**

**ખેડૂતોએ સ્વખર્ચે બનાવેલ ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરાવવાનો રાજ્ય સરકાર ઉઠાવશે ખર્ચ**

ooooooooo

**લાભ લેવા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ : તા. ૧૦ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે**

ooooooooo

ખેતી અને ખેડૂતને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે રાજ્ય સરકાર અનેક પાસાઓ પર વિચાર કરીને જગતના તાતને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી મદદરૂપ બની રહી છે. ત્યારે નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા પાણીની અછત વાળા વિસ્તારોમાં ખેતરમાં ખેત તલાવડી સંદર્ભે વધુ એક મહત્વની યોજના અમલમાં મુકવામાં આવનાર છે. જેમાં ખેડૂતોએ સ્વ ખર્ચે બનાવેલ ખેત તલાવડીઓમાં સરકારશ્રીના ખર્ચે જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત મોરબી જિલ્લાનો સમાવેશ થયો છે. જેમાં ખેડૂતોએ સ્વ ખર્ચે બનાવેલ લઘુત્તમ ૫૦૪ ચો.મીટર અને મહત્તમ ૨૪૬૦ ચો.મીટરની જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવાનો લાભ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મહત્તમ ૨૪૬૦ ચો.મીટર કરતા જીઓમેમ્બ્રેન ફીટ કરવાના કિસ્સામાં વધારાના જીઓમેમ્બ્રેન અને તેના ફીટીંગનો ખર્ચે ખેડૂતોએ જાતે ભોગવવાનો રહેશે.

**ઓનલાઈન અરજી કરવા અંગેની જરૂરી વિગતો**

જીઓમેમ્બ્રેન ફીટ કરાવીને લાભ મેળવવા ઈચ્છુક ખેડૂત ખાતેદારોએ તા. ૧૦ ઓક્ટોબર સુધીમાં https://gtalavadi.gujarat.gov.in/index.php વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં ખેડૂતનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને આધારકાર્ડની નકલ અપલોડ કરવાની રહેશે. તેમજ ખેત તલાવડી બનાવવા માંગતા હોય તો ખેતરનો સર્વે નંબર/ બ્લોક નંબર અને વિસ્તાર ખેતરનાં ૭/૧૨ તથા ૮-અના ઉતારાની નકલ મુકવાની રહેશે. વધુમાં સ્વખર્ચે ખેત તલાવડીનું ખોદકામ કરવા અંગે, મરામત, સાફ સફાઈ, જાળવણી ખર્ચ કરવા અંગેની બાંહેધરી. સ્વખર્ચે ખેત તલાવડી ખોદકામ કર્યા હોવા અંગેની મરામત, સાફ સફાઈ અને જાળવણી સ્વખર્ચ કરવા અંગેની બાંહેધરી અપલોડ કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે પાણીની અછતવાળા વિસ્તારોમાં ખેડૂતોને ખેત તલાવડી ઘણી મદદરૂપ બને છે. જો આ ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણી સીધે સીધુ જમીનમાં ઉતરી જતું નથી. તેથી સંગ્રહીત થયેલ પાણીનો વરસાદ ખેંચાઈ અથવા વચગાળાના સમયમાં વરસાદ પડે નહી તો તેવા સંજોગોમાં સંગ્રહીત પાણીનો ઉપયોગ કરીને પાક બચાવવામાં અને રવિ સિંચાઈમાં કરી શકાય છે. તેમજ ખેડૂતોના પાકને પૂરક પાણી પુરૂં પાડવાની સાથો સાથ ઉપજમાં વધારો કરી શકાય અને ભૂગર્ભ જળમાં બચાવ કરી શકાય.

મોરબીનાં ખેડૂતોએ આ યોજના અંગે વધુ માહિતી માટે નીચે દર્શાવેલ કચેરીનો રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

**કચેરીનું નામ** -: કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાલુકા સેવા સદન લાલ બાગ રૂમ નં ૧૫૨ મોરબી ૨ મોરબી ૩૬૩૬૪૨ ગુજરાત રાજ્ય (ફોન ૦૨૮૨૨ - ૨૪૧૦૩૫)

માહિતી -રાજ-૯૫૯-૨૫-૨૬

# મોરબી: હોમગાર્ડના વારસદારને રૂ.૧.૫૫ લાખની સહાય અર્પણ

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી જીલ્લા હોમગાર્ડઝના ટંકારા યુનિટ ખાતે ફરજ બજાવતા હોમગાર્ડઝ સભ્ય સ્વ.હિતેન્દ્રસિંહ ભરતસિંહ ઝાલાનું તા.૨૪ ઓકટોબર ૨૦૨૪ ના રોજ અવસાન થતા, જીલ્લા કમાન્ડન્ટ ડી.બી.પટેલની ભલામણને આધારે ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ હેડકવાર્ટર, અમદાવાદ દ્વારા હોમગાર્ડઝ કલ્યાણનિધિમાંથી રૂ.૧,૫૫,૦૦૦/-ની ફરજ સિવાય સામાન્ય સંજોગોમાં અવસાન સહાય મંજુર કરવામાં આવી છે.

જે અન્વયે સ્વ.હિતેન્દ્રસિંહના વારસદાર તેમના પત્નિ ગં.સ્વ. શોભનાબા હિતેન્દ્રસિંહ ઝાલાના નામનો ચેક જીલ્લા કમાન્ડન્ટ ડી.બી.પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. આ વેળાએ ટંકારા હોમગાર્ડઝ યુનિટ ઓફીસર કમાન્ડીંગ /ઈન્ચાર્જ અરૂણભાઈ પરમાર, જીલ્લા કચેરીના જુનીયર કલાર્ક કુલદીપભાઈ દાણીધારીયા, ઈન્ચાર્જ ઈન્ટ્રકટર રાજેન્દ્રસિંહ જાડેજા, ટંકારા યુનિટના વય નિવૃત હોમગાર્ડઝ સભ્ય અનિરૂધ્ધસિંહ ઝાલા, ઓફીસના કર્મચારીઓ તથા હોમગાર્ડઝ સભ્યો હાજર રહ્યા હતા તેવું મોરબી જીલ્લા કમાન્ડટ હોમગાર્ડઝની યાદીમાં જણાવાયું છે.

# મોરબી: જુની અદાવતનો ખાર રાખી સામાજિક કાર્યકર ઉપર હુમલો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં નટરાજ ફાટક નજીક સામાજિક કાર્યકર ઉપર અગાઉની અંગત બોલાચાલીનો ખાર રાખી એક શખ્સે ઢીકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી મુજબ, મોરબી-૨ માળીયા-વનાળીયામાં લાયન્સ સ્કૂલ બાજુમાં રહેતા મોહનભાઈ નરસિંહભાઈ સોલંકી ઉવ.૬૧ કે જેઓ સામાજિક કાર્યકર છે, અને તેમના સમાજમાં સામાજિક કાર્ય કરે છે, તેઓએ મોરબી સરકારી હોસ્પિટલ ખાતેથી બી ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી દિનેશભાઈ બાબુભાઈ વાળા રહે. નજરબાગ ભડીયાદ મોરબી-૨ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આજથી ત્રણેક માસ અગાઉ આરોપી દિનેશભાઈ તેમના સમાજના લોકોને હેરાન કરતા હોય જેથી મોહનભાઈએ તેમને સમજાવતા તે સમયે બન્ને વચ્ચે બોલાચાલી ઝઘડો થયો હતો. જે બાબતનો ખાર રાખી ગઈકાલ તા.૧૬/૦૯ના રોજ મોહનભાઈ મોરબી-૨ નટરાજ ફાટક પાસે તેમના મિત્ર સાથે ઉભા હોય ત્યારે આરોપી દિનેશભાઈ ત્યા આવી મોહનભાઈને ગાળો આપી ઢીકા પાટુનો માર મારવા લાગેલ જે બાદ આજુબાજુથી લોકો એકઠા થઈ જતા જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી ત્યાંથી ચાલ્યો ગયો હતો. હાલ પોલીસે આરોપી દિનેશભાઈ વાળા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાપાલિકા ઝોન-રમાં સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરતા મ્યુની.કમિશનર સ્વપ્નીલ ખરે

**અબતક, ઋષિ મહેતા મોરબી**




મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરે એ તા.૧૫/ ૯ ના રોજ ઝોન નં.૨ની વિઝીટ કરી હતી. આ દરમ્યાન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના નં.૨ના સફાઈ કર્મચારીઓની હાજરી ચકાસી હતી. ઉપરાંત દાણાપીઠ, દાઉદી પ્લોટ શેરી નં.૧ અને ૨ તથા લાતી પ્લોટ શેરી નં.૪ ખાતે આવેલા હેન્ડક્રાફટ એન્ડ જીવીપી પોઈન્ટોની મુલાકાત પણ લીધી હતી. સફાઈ કામગીરી અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ તા.૯ સપ્ટે. થી તા.૧૫ સપ્ટે. દરમિયાન નાની વાવડી, રવાપર ગ્રામ પંચાયત, શનાળા ગુરુ દતાત્રેય તથા આસ્વાદ પાન વિસ્તારમાં આવેલ નાલાઓની સફાઈ હાથ ધરી હતી. ઉપરાંત, આ જ અવધિ દરમિયાન નાગરિકો દ્વારા કુલ ૮૯ ફરિયાદો નોંધાઈ હતી. જેમાંથી ૫૭ ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવ્યું છે જ્યારે બાકીની ફરિયાદોના નિવારણ માટે કામગીરી ચાલી રહી છે.

# વાંકાનેર: જય ગોપાલ ડેરીમાં હાથ ફેરો કરનાર તસ્કર ઝડપાયો

## સીટી પોલીસે ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી મુદામાલ કબ્જે કર્યો

**અબતક, લિતેશ ચંદારાણા વાંકાનેર**



વાંકાનેર શહેરમાં નવાપરા વિસ્તારમાં આવેલ જય ગોપાલ ડેરી ફાર્મમાં માલીકની નજર ચૂકવી રોકડ ભરેલ થેલાની ચોરીની ઘટનાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી સીટી પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ચોરી કરનાર આરોપીની અટક કરવામાં આવી છે. આ સાથે પોલીસે આરોપી પાસેથી ચોરી કરેલ રૂ. ૧.૯૪ લાખ રોકડ, બીલ બુક તથા બેંક ઓફ બરોડાની ચેક બુક સહિતનો તમામ મુદ્દામાલ રિકવર કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી બાતમી મળી હતી કે, એક શખ્સ ચોરી કરેલ રોકડ ભરેલો થેલો લઈને વાંકાનેર-હસનપર બ્રીજ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભો છે. જેથી મળેલી હકીકત આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ઈસમની અટક કરી હતી. જે બાદ તપાસ દરમિયાન તેની પાસે રહેલ થેલામાંથી રોકડા રૂપિયા, ડેરી ફાર્મની બીલ બુક તથા બેંક ઓફ બરોડાની ચેક બુક મળી આવી હતી. ત્યારે પકડાયેલ આરોપી આફતાબ હસનભાઈ બેલીમ ઉવ.૨૫ હાલ રહે.હસનપર ગામ મસ્જીદવાળા ખાંચામાં ભાડેના મકાનમાં તા.વાંકાનેર મૂળરહે. નાનીવાવડી ગામ તા.ગારીયાધાર જી.ભાવનગરની સઘન પુછપરછમાં આરોપીએ વાંકાનેર નવાપરા પંચાસર રોડ પર આવેલી જય ગોપાલ ડેરી ફાર્મમાંથી ચોરી કર્યાની કબૂલાત આપી હતી. આ સાથે વાંકાનેર સીટી પોલીસે આરોપી પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામ: કન્ટેનરમાં મરચાની બોરીની આડમાં છૂપાવેલો ૬૦.૫૪ લાખનો શરાબ સાથે ચાલક પકડાયો

## ૯૧૦૮ બોટલ દારૂ, આઈસર, એક્ટિવા અને રોકડ મળી રૂ.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**



ગળપાદર ગામ પાસેના સાંગ નદીના વિસ્તારમાં પૂર્વ કચ્છ એલસીબીએ દરોડો પાડતા મરચાની બોરીઓની આડમાં છુપાવેલો વિદેશી દારૂનો વિશાળ જથ્થો મળી આવ્યો હતો. આ દરોડામાં કુલ રૂ.૬૦,૫૪,૪૮૦ની કિંમતનો દારૂ અને આઈસર કન્ટેનર, એક્ટિવા સ્કૂટર, અને રોકડ રકમ મળી રૂ.૮૩,૨૯,૨૮૦નો કુલ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, આ ઓપરેશન દરમિયાન પોલીસે અરબાઝ સાયરાબાનુ શાહમદાર નામના એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ફરાર છે.

એલ.સી.બી.ના પી.આઈ. એન.એન. ચુડાસમા અને ડી.જી. પટેલની ટીમ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે તેમને બાતમી મળી કે ગળપાદર ગામે ગૌશાળા અને જુના રેલ્વે પુલ વચ્ચે સચિન ઉર્ફે સતલો વિનોદભાઈ ચૌહાણ અને તેના સાથીઓ દ્વારા દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. તાત્કાલિક કાર્યવાહી કરતા પોલીસે સ્થળ પર પહોંચીને દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ૭૫૦ મિ.લિ.ની ૩,૨૦૪ બોટલ અને ૧૮૦ મિ.લિ.ની ૫,૯૦૪ બોટલ મળીને કુલ ૯,૧૦૮ બોટલો દારૂનો જથ્થો મળી આવ્યો. આ પ્રોહી મુદ્દા માલ ઉપરાંત આઈસર કન્ટેનર, એક્ટિવા સ્કૂટર અને બે મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

આ કેસમાં પકડાયેલા એકમાત્ર આરોપી અરબાઝ સિવાય, પોલીસે મુખ્ય સૂત્રધાર સચિન ઉર્ફે સતલો ચૌહાણ, વિપુલ ઉર્ફે વિશાલ લક્ષ્મણભાઈ પટેલ, સાગર ઉર્ફે વાઘ ઈશ્વરદાસ લશ્કરી, અને નિખિલ ઉર્ફે નિકલો બીજલભાઈ વિરડાને ફરાર જાહેર કર્યા છે. આ ઉપરાંત આઈસર કન્ટેનરના ચાલક, બે અજાણ્યા મોબાઈલ ધારકો અને દારૂનો જથ્થો મોકલનાર રણજી સિંહ પણ પોલીસ પકડથી દૂર છે.

# મોરબી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણીક મહાસંઘ ટીમે ‘નમો વન’ લીધી મુલાકાત

**અબતક, ઋષિ મહેતા મોરબી**



મોરબીના કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન અને સરસ્વતી નિકેતન આશ્રમની બાજુમાં આવેલા પાંજરાપોળની વિશાળ જગ્યામાં ૧૦ લાખ વૃક્ષોનું મિયાવાકી જંગલ વિકસાવવાની કામગીરી પૂર્ણતાની નજીક છે. આ પ્રોજેક્ટનું લોકાર્પણ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ રાજયના મુખ્યમંત્રીના હસ્તે થશે. પ્રોજેક્ટને અનોખી ભેટરૂપે તે દિવસે પ્રધાનમંત્રીના જન્મદિવસે મોરબીથી અર્પણ કરવામાં આવશે.

આ ભવ્ય આયોજનની પૂર્વ તૈયારીઓ નિહાળવા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-મોરબીની કોર ટીમ, જેમાં પ્રાંત સંગઠન મંત્રી હિતેશભાઈ ગોપાણી, મંત્રી કિરણભાઈ કાચરોલા, પ્રચાર મંત્રી નિરવભાઈ બાવરવા, સહ કોશાધ્યક્ષ રમેશભાઈ ચાવડા અને કાર્યકર્તા રમેશભાઈ ભાટિયાએ નમો વનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા તથા પાંજરાપોળના પ્રમુખ વેલજીભાઈ ઉઘરેજા પણ ઉપસ્થિત રહ્યા હતા અને આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# માળીયા(મી): બોલેરોમાં અબોલ જીવોને કૂરતાપૂર્વક ભરીને નીકળેલ બે આરોપી ઝડપાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) ના ત્રણ રસ્તે નેશનલ હાઈવે ઉપર કચ્છ તરફથી આવતી બોલેરોની રોકી માળીયા(મી) પોલીસ દ્વારા તલાસી લેતા તેમાં ૯ જેટલા પાડા(અબોલ જીવ)ને ઠસોઠસ ભરીને લઈ જતા હોવાનું સામે આવ્યું હતું, પોલીસે બોલેરો ચાલક સહિત બે આરોપીઓની અટક કરી હતી.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) પોલીસ ટીમ ગઈ તા.૧૬/૦૯ ના રોજ રાત્રીના નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન માળીયા ત્રણ રસ્તે નેશનલ હાઈવે ઉપર કચ્છ તરફથી આવતી બોલેરો વાહન રજી.નં. જીજે-૧૨-સીટી-૩૨૭૮ માં અબોલ જીવોને એકદમ ક્રૂરતાપૂર્વક ઠસોઠસ ભરીને હેરાફેરી કરતા હોવાનું સામે આવ્યું હતું. જેથી તુરંત બોલેરોની રોકી તેમાં તલાસી લેતા, ૯ પાડરડાને ટૂંકા દોરડાથી બાંધી તેના માટે પાણી કે ઘાસચારાની વ્યવસ્થા રાખ્યા વગર લઈ જતા હોય, જેથી પોલીસે આરોપી બોલેરો ગાડીના ચાલક કરીમ મામદઅલી જત ઉવ.૨૭ રહે. નાના સરાડા, ભગાડીઓ તા. ભુજ જી.કચ્છ તેમજ બાજુમા બેઠેલ આરોપી વાહેબ મામધહસન જત ઉવ.૩૧ રહે.નાના સરાડા ભગાડીયો તા. ભુજ જી. કચ્છ વાળાની અટક કરી બોલેરો તથા ૯ અબોલ જીવ સહિત કિ રૂ.૪,૨૭,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પશુપ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટા: પ્રધાનમંત્રી મોદીના દીર્ઘાયું માટે ભોળાનાથની પુજા કરતા ધારાસભ્ય પાડલીયા

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**



જેના નામ ઉપરથી આજે સમગ્ર દેશ અને ગુજરાતના લોકો વિશ્વની અંદર માથું ઊંચું રાખીને વાત કરી શકે છે અને તાજેતરમાં દુશ્મન દેશને ઓપરેશન સિંદૂરથી જડબાતોડ જવાબ આપનાર લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે તેમના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થય માટે ઉપલેટાના ત્રિલોકનાથ મહાદેવ મંદિરમાં સવારે સાત વાગ્યે ખાસ પૂજન અર્ચન, રૂદ્રાભિષેક, અને પ્રાર્થના કરવામાં આવી.આ તકે ધારાસભ્ય ડો.મહેન્દ્ર પાડલીયા, નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડિયા, મયુરભાઈ સુવા, ઉપપ્રમુખ જિજ્ઞાબેન વ્યાસ, મસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ અશ્વિનભાઈ લાડાણી, જયેશભાઈ ત્રિવેદી, પરાગભાઈ સુતરીયા, કિશોરભાઈ સોલંકી સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપા દ્વારા બિલ્ડીંગ માલિકોએ ૩૦ દિવસમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવા તાકીદ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. શહેર વિસ્તારમાં આવેલી તમામ ઊંચી ઈમારતો, હોટેલ, શૈક્ષણિક, સંસ્થાકીય, વેપાર, જોખમી તેમજ એસેમ્બલી પ્રકારની ઈમારતોના માલિકો, કબ્જેદારો અને સંચાલકોને તાકીદે ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવી ૩૦ દિવસની અંદર માન્ય ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત કરાયું છે. પાલન ન થવા પર પેનલ્ટી ઉપરાંત બિલ્ડીંગ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. મોરબી મહાનગરપાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪ તથા એક્ટ રૂલ્સ-૨૦૨૪ મુજબની જાહેર નોટિસ બહાર પાડી છે. આ ઉપરાંત બિલ્ડીંગ માલિકો અને સંચાલકોને ગુણવત્તાસભર ફાયર પ્રિવેન્શન-પ્રોટેકશન સાધનો સ્થાપિત કરવા, છ મહિને એક વખત મોક ડ્રિલ યોજવા તથા સ્ટાફને જરૂરી ટ્રેનિંગ આપવાની ફરજ રહેશે. ઉપરાંત સાધનોને હંમેશા કાર્યરત રાખવાનું અનિવાર્ય રહેશે. ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવા માટે સંબંધિતોએ gujfiresafety cop.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે નોટિસ સાથે આપેલા QR કોડનો ઉપયોગ કરી શકાય છે. મહાપાલિકા દ્વારા સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ૩૦ દિવસમાં જરૂરી અમલ કરી માન્ય ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવી લેવામાં નહીં આવે તો સંબંધિત બિલ્ડીંગ પર કાનૂની કાર્યવાહી, પેનલ્ટી તેમજ સીલ સુધીના કડક પગલાં લેવાશે.

ઉપરાંત, આગ અથવા અકસ્માતની ઘટના બને તો તેની કાનૂની જવાબદારી માલિકો, કબ્જેદારો અને સંચાલકોની જ રહેશે.

# મોરબીના બગથળા ખાતે મંગળવારે મેગા આયુષ કેમ્પ યોજાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય તથા નિયામક, આયુષની કચેરી, ગાંધીનગરની સુચના તથા મોરબી જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન અન્વયે જીલ્લા પંચાયત- આયુર્વેદ શાખા, મોરબી દ્વારા મોરબી જીલ્લામાં તા. ૨૩-૦૯ ના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન પટેલ સમાજ વાડી, બગથળા ખાતે મેગા આયુષ કેમ્પ (આયુર્વેદ -હોમી. નિદાન સારવાર-કેમ્પ)“નું આયોજન કરવામાં આવ્યું છે.આ મેગા આયુષ કેમ્પમાં તમામ રોગો માટે આયુર્વેદ નિદાન- સારવાર અને હોમીયોપથીક નિદાન- સારવાર કેમ્પ, વિવિધ આરોગ્યવર્ધક વાનગીઓનું પોસ્ટર તથા જીવંત પ્રદર્શન, દિનચર્યા, ઋતુચર્યા, વિરૂધ્ધઆહાર, આપણી આસપાસ ઉગતી વનસ્પતિઓની સમજ આપતું પ્રદર્શન, રોગોમાં અસરકારક આયુર્વેદ સારવાર, સાંધાના દુ:ખાવાના દર્દીઓ માટે અગ્નિકર્મ ચિકિત્સા, સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદ પીણુ - “હર્બલ ડ્રીંક નુ વિતરણ કરવામાં આવશે.

# મોરબી: ઉંચી માંડલ ગામ નજીક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવતા વાલી-વારસની શોધખોળ

## મૃતકની ઓળખ મેળવવા અને મોતનું કારણ જાણવા તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા તજવીજ હાથ ધરાઈ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામની સીમમાં ગઈ તા.૧૪/૦૯ના રોજ સ્પેલ કારખાના તરફ તેમજ વાડી વિસ્તાર તરફ જતા કાચા રસ્તા પાસે ટ્રેસા કારખાનાની દિવાલ નજીક કોઈ કારણોસર મૃત્યુ પામેલ અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા, તેને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ. કરાવી ત્યાંના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. આ મૃતકના વાલી-વારસ ન મળ્યા હોવાથી બિનવારશી લાશની ઓળખ માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આથી, મોરબી તાલુકા પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે, મૃતકના વાલીવારસ મળે કે તેમના અંગે કોઈ જાણકારી હોય તો તપાસ કરનાર અધિકારી મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પો.હે. કોન્સ.ના ૯૯૦૪૭૧૩૨૪૭ અથવા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ટેલીફોન નંબર ૬૩૫૯૬૨૬૦૬૬ પર સંપર્ક કરવા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

# મોરબી: ટ્રક અડફેટે રોડ સાઈડ ઉભેલા વૃદ્ધનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના રવાપર રોડ બોનીપાર્ક ખાતે ૬૦૩ શિવાલય હાઈટ્સમાં રહેતા મૂળ મોરબી તાલુકાના કેશવનગર જીવાપર(ચકમપર)ના વતની જસમતભાઈ કેશવજીભાઈ કાલરીયા ઉવ.૬૮ ગઈકાલ તા.૧૬/૦૯ના રોજ સવારે શકત શનાળા મંદિરે જવા પોતાના ઘરેથી ચાલીને નીકળ્યા હતા, ત્યારે ભકિતનગર સર્કલથી આગળ ઓવરબ્રિઝના છેડે રોડ ક્રોસ કરવા માટે ઉભા હોય તે દરમિયાન નવલખી ચોકડી બાજુથી ટ્રક કન્ટેઈનર રજી.નં. જીજે-૧૨-એવાય-૯૭૪૧ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ચલાવી જસમતભાઈને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં તેઓને માથામાં ગંભીર ઈજા પહોચતા, તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક કન્ટેઈનર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી ગયો હતો.

# મોરબી: યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સામાકાંઠા વિસ્તારમાં સો ઓરડી ભડીયા મંદિરની બાજુમાં રહેતા કિશનભાઈ દિનેશભાઈ છેલાણીયા ઉવ.૩૦ એ ગ૮કકલ તા.૧૬/૦૯ ના રોજ પોતાના રહેણાંક મકાનમાં કોઈ અકળ કારણોસર પોતાની જાતે ગકલેફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે પરિવારજનો મૃતકની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવતા, ફરજ પરના ડોકટરે જોઈ તપાસી કિશનભાઈને મૃત જાગેર કર્યા હતા, ત્યારે મૃત્યુના બનાવ અંગે બી ડિવિઝન પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

## પી.એમ. મોદીના જન્મદિવસની ઉજવણી અન્વયે

# મોરબી: રાજય યોગ બોર્ડ દ્વારા આજથી ૩૦ દિવસીય ‘મેદસ્વિતા મુકિત વિશેષ યોગ કેમ્પ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશમાં વધી રહેલ મેદસ્વિતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના દ્વારા દેશના લોકોને કરવામાં આવેલી મેદસ્વિતા મુકિતની અપીલના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા ’સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિતે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ’સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત’ અભિયાન અંતર્ગત, તા.૧૭ સપ્ટેમ્બર થી સમગ્ર રાજ્યમાં મેદસ્વિતા મુક્તિ માટેના ૭૫ વિશેષ કેમ્પ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી જીલ્લામાં મોરબી શહેરના ગાયત્રી ચેતના કેન્દ્ર, નવા હાઉસિંગ બોર્ડ, શનાળા રોડ, ખાતે આ મેદસ્વિતા મુક્તિ માટેનો વિશેષ ૩૦ દિવસીય યોગ કેમ્પ તા. ૧૭ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ સુધી દરરોજ સવારે ૦૬:૩૦થી ૦૮:૦૦ દરમિયાન યોજાનાર છે. વધુ માહિતી માટે મોરબી જીલ્લા કોર્ડીનેટર દેવાંશ્રીબેન પરમારના મોબાઈલ નંબર ૯૦૩૩૬૪૩૭૮૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વિંછીયાના મના દેવધરી ગામ નજીક છકડો રીક્ષાની અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

## ચુડાના ખાંડીયા ગામનો યુવાન મોઢુકા જવા નીકળતા રસ્તામાં કાળનો ભેંટો : રીક્ષાચાલક વિરુદ્ધ વિંછીયા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ખાંડિયા ગામે રહેતો યુવાન બાઈક લઈને મોઢુકા જતો હતો. દરમિયાન વિંછીયાના દેવધરી મોઢુકા વચ્ચે છકડો રીક્ષા ચાલકે બાઇકને હડફેટે લેતા ગંભીર ઈજા થવાથી યુવાનનું મોત થયું હતું. બનાવ અંગે યુવાનના પિતાની ફરિયાદ પરથી વિંછીયા પોલીસે છકડો રીક્ષાચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ખાંડિયા ગામે રહેતો જગદીશ કવાભાઈ જીલીયા(ઉ.વ ૨૫) નામનો યુવાન ગઈકાલે બાઈક લઈને મોઢુકા ગામ તરફ જતો હતો ત્યારે દેવધરી મોઢુકા રોડ પર પાણીના સંપની પાસે છકડો રીક્ષાએ બાઈકને હડફેટ લેતા બાઈક ચાલક યુવાન જગદીશ ગંભીર રીતે ઘવાયો હતો. જેથી તેને સારવાર માટે વીંછિયા સરકારી હોસ્પિટલ ખસેડાતા અહીં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ યુવાનનું મોત થયું હતું. બનાવના પગલે વિંછીયા પોલીસ એ જરૂરી કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, ચુડાના ખાંડીયા ગામે રહેતો જગદીશ ત્રણ ભાઈના પરિવારમાં મોટો હતો. તે ગઈકાલે ખાંડીયા ગામેથી મોઢુકા ગામ પાસે આવેલા નવાગામમાં ભેંસ જોવા માટે જતો હતો. ત્યારે દેવધરી મોઢુકા વચ્ચે છકડો રીક્ષા નંબર જીજે ૪ વી ૬૦૦૧ ના ચાલકે તેને હડફેટે લેતા તેનું મોત થયું હતું. બનાવ અંગે મૃતકના પિતા કવાભાઈ કેહુભાઈ જીલીયા(ઉ.વ ૪૯ રહે. ખાંડીયા) ની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાસી ગયેલા છકડો રીક્ષા ચાલક સામે વિંછીયા પોલીસે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# અંજારના ભીમાસર ગામે પત્નીએ પ્રેમી સાથે મળી પતિનું કાસળ કાઢી નાખ્યું

## હોટલ સંચાલકે મિત્રની મદદથી સોપારી આપી તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી વેઈટરને મોતને ઘાટ ઉતાર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારના ભીમાસર ગામ પાસે થયેલા યુવકની હત્યાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. આ હત્યા પ્રેમ સંબંધમાં થઈ હોવાનું સામે આવ્યું છે, જેમાં મૃતકની પત્નીએ જ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરાવી હતી. આ ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓની અંજાર પોલીસે ધરપકડ કરી છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે અંજાર તાલુકાના ભીમાસર રેલવે સ્ટેશન પાસે ૩૨ વર્ષીય અરુણકુમાર દેવ શાહુનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. તેના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા હતા.

આ ઘટનાની જાણ થતા જ અંજાર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પોલીસે જુદી જુદી ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મૃતક અરુણકુમાર જે હોટેલમાં કામ કરતો હતો તે જ હોટેલના માલિક હારાધન ફોનીભુશન ગરાઈને અરુણની પત્ની રેખાબેન સાથે પ્રેમ સંબંધ હતો. અરુણને આ સંબંધની જાણ થતા જ રેખાએ તેના પતિને રસ્તા પરથી હટાવવા માટે પ્રેમી હારાધનને વાત કરી. હારાધને તેના મિત્ર આનંદ દામજીભાઈ બારોટને આ



કામની સોપારી આપી હતી અને કામ પૂરું થયા બાદ ૫ થી ૬ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. આનંદે આ ગુનાને અંજામ આપવા માટે તેના મિત્રો ગોપાલ રામજીભાઈ બારોટ અને દિલીપ નાથાભાઈ ભટ્ટીને સાથે લીધા. આ ત્રણેય મિત્રોએ અરુણનો એકાંતમાં લાભ લઈ તેની હત્યા કરી નાખી.

અંજાર પોલીસે હત્યાના ગુનામાં સંડોવાયેલા પાંચેય આરોપીઓ મૃતકની પત્ની રેખાબેન અરૂણભાઈ શાહુ,રેખાનો પ્રેમી અને હત્યાનો મુખ્ય સુત્રધાર. હારાધન ફોનીભુશન ગરાઈ,સોપારી લેનાર.આનંદ દામજીભાઈ બારોટ તથા હત્યામાં મદદગારી કરનાર. ગોપાલ રામજીભાઈ બારોટ અને દિલીપ નાથાભાઈ ભટ્ટી ની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી હત્યામાં વપરાયેલી છરી પણ કબજે કરી છે. આ પ્રશંસનીય કામગીરી પી.આઈ. એ.આર. ગોહિલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

**પી.આઈ.એ.આર. ગોહિલ સહિતના સ્ટાફે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી પત્ની સહિત પાંચની ધરપકડ કરી**

# જેતલસર નજીક વિલાયતી શરાબનો જંગી જથ્થો ઝડપાયો: ચાલક ફરાર

## તાલુકા પોલીસે દરોડો પાડી ૧૩૬ દારૂ બોટલ, કારમળી રૂ.૭.૮૬લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો

**અબતક, કુલદીપ જોષી, જેતલસર**

જેતલસર નજીક ચોકી ચેકપોસ્ટ નજીકથી કાર વિલાયતી દારૂ ભરીને રવાના થવાની સચોટ બાતમીના આધારે જેતપુર તાલુકા પોલીસે ચેકીંગ હાથ ધરી બાતમીના આધારિત કાર આવતા તપાસી તેમાંથી મસમોટો દારૂ બિયરનો જથ્થો ઝડપી કાર અને દારૂ મળી ૭.૮૬ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો હતો બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જેતલસરના ચોકી ધાર ચેકપોસ્ટ પર અવારનવાર સ્થાનિક પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવતું હોઈ છે

જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ એ.એમ. હેરમાં, ભુરાભાઈ માલીવાળ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમા હોઈ ત્યારે બાતમી મળેલ કે ચોકી ધાર ચેકપોસ્ટ થી જીજે -૧૧-સીકયુ-૬૯૯૩ નંબરની સ્વીટ ગાડી ઈંગલિશ દારૂની ડીલેવરી આપવા માટે રવાના થવાની છે જે બાતમીના આધારે વહેલી સવારે જેતપુર તાલુકા પોલીસના પીઆઈ હેરમાં, એ.એમ. હેરમા, ભુરાભાઈ માલીવાડ,અજીતભાઈ ગંભીર,મનેશભાઈ જોગરાદીયા અને પ્રદ્યુમનસિંહ વાઘેલાએ ચેકપોસ્ટે વોચ ગોઠવી બાતમી આધારિત કાર દેખાતા તેને કોર્ડન કરી રોકતા કાર ચાલક ત્યાંથી નાશી છૂટ્યો હતો, પોલીસે કારની તપાસ કરતા ગાડી માંથી ઈંગ્લિશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૧૩૬ બોટલો મળી આવી




હતી પોલીસે કાર અને શરાબ મળી કુલ રૂ.૭.૮૬લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો હતો.ફોરવીલને કબ્જે કરી આરોપીની શોધખોળ હાથ ધરી કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

# ગાંધીધામ: માથાભારે ચાવડા બંધુ કચ્છ જિલ્લામાંથી તડીપાર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




પુર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તરફથી જીલ્લામાં કાયદો વ્યવસ્થા અંતર્ગત કિડાણા ગામના માથાભારે અને કુખ્યાત અકરમ ઈસ્માઈલ ચાવડા અને અબ્દુલ ગની ઉર્ફે ગનીડો ઈસ્માઈલ ચાવડા જે અગાઉ (જી.જી.ટી.ઓ.સી.) જેવા ગંભીર ગુનામાં ધરપકડ થયેલ હતા તે બન્ને સગા ભાઈઓ વિરૂધ્ધ તેમના ગુનાહીત ઈતિહાસ આધારે તડીપાર દરખાસ્ત તૈયાર કરી મંજુર થવા માટે સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ-અંજાર તરફ મોકલી આપવામા આવ્યા જે બન્ને તડીપાર દરખાસ્તોને મંજુર રાખી આ બન્ને ગુનાહિત માનસિકતા વાળા ઈશમોને કચ્છ જીલ્લા તથા કચ્છ જીલ્લાને અડીને આવેલ જીલ્લાઓની હદમાંથી એસ.જે.ચૌધરી સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ-અંજાર કચ્છ દ્વારા તડીપાર કરવા હુકમ કરતા ગતરોજ બન્ને ભાઈઓ અકરમ ઈસ્માઈલ ચાવડા અને અબ્દુલ ગની ઉર્ફે ગનીડો ઈસ્માઈલ ચાવડાને કિડાણા ખાતેથી હસ્તગત કરી તડીપાર હુકમની બજવણી કરી કચ્છ જીલ્લામાંથી તડીપાર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

# ગોમતી સ્નાન કરવા ગયેલા યાત્રાળુના રોકડ મોબાઈલની ઉઠાંતરી

## ગણતરીના કલાકોમાં ચાર આરોપીઓને ઝડપી લેતી પોલીસ

**અબતક**
**મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાના ગોમતી નદીમાં સ્નાન કરવા ગયેલ મહારાષ્ટ્રના સીનીયર સીટીઝન યાત્રાળુના નદી કાંઠે પડેલ કપડામાંથી મોબાઈલ રોકડની ચોરી અંગે નોંધાવેલ પોલીસ ફરીયાદ અંગે પોલીસે ગણતરીના કલાકોમાં ચાર આરોપીઓને ઝડપી લીધા છે.

પ્રાપ્ત વિગત અનુસાર મહારાષ્ટ્રના વાસીમ જિલ્લાના શિંધેનગર ગામના ગુરૂ બસ સંગપાતોંદારે નામના ૬૨ વર્ષીય સીનીયર સીટીઝન ગઇકાલે દ્વારકાધીશના દર્શનાર્થે આવ્યા હતા. તેઓ ગોમતી ઘાટ, રામેશ્વર મંદિર પાસે સ્નાનાર્થે ગયેલ હોય નદી કાંઠે રાખેલ તેમના કપડામાંથી રૂપિયા ૩ હજાર રોકડ તથા અંદાજે ૧૪ હજાર રૂપિયાના મોબાઈલ કોઈ તસ્કરો ચોરી ગયા અંગે તેમના દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી. જે અંગે દ્વારકા પોલીસે ગણતરીના કલાકોમાં ચાર જેટલા આરોપીઓને ઝડપી લીધા હોવાનું સૂત્રોમાંથી જાણમાં આવ્યું છે. ચોરી અંગે તમામ આરોપીઓની પુછપરછ હાલ ચાલી રહી છે.

# લોધિકાના દેવડા ગામ નજીક યુવાનની કારમાં તલવારના ઘા ઝીંકી તોડફોડ

## યુવકે પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી યુવતિના પરિજનો દ્વારા ખૂનની ધમકી: મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

લોધિકાના દેવડા ગામના પાટિયા પાસે રાત્રીના કારનો પીછો કરી ચાર શખસોએ કારમાં તોડફોડ કરી હતી. યુવાન કાલાવડ મિત્રના લગ્નમાં ગયો હતો બાદમાં રાત્રીના રાજકોટ પરત ફરતો હતો દરમિયાન આ ઘટના બની હતી. જે અંગ મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

રાજકોટમાં દૂધસાગર રોડ પર મેમણ કોલોની બ્લોક નંબર-એ ફ્લેટ નંબર ૧૦૫ માં રહેતા મૂળ કાલાવડના વતની જુનેદ જીકરભાઈ રાવ(ઉ.વ ૩૩) નામના યુવાને મેટોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કાલાવડમાં રહેતા સલમાન યુસુફ સુર્યા, બાસીદ ગફારભાઈ બારાડી, મુલ્તજીમ બારાડી અને સાહિલ હારૂનભાઈ સમાના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા બે મહિનાથી રાજકોટમાં રહે છે અને તેણે કાલાવડમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ હોય ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. ત્યારબાદ તેને પત્નીના પરિવાર તરફથી ધમકી મળતી હતી. શરૂઆતમાં અલગ અલગ જગ્યાએ રહેતા હતા ત્યાર પછી રાજકોટમાં સાત એક મહિના પછી આવી અને ત્યારબાદ વર્ષ ૨૦૨૨ થી પત્ની સગર્ભા હોય તે માતા-પિતા સાથે કાલાવડ રહેવા જતા રહ્યા હતા. સંતાનમાં પુત્રનો જન્મ થયો હતો. જેના સવા મહિના બાદ સાળાએ ઘરે આવી તોડફોડ કરી હતી અને મારામારી કરી હતી અને યુવાનની પત્નીને ધરાર તેની સાથે લઈ ગયો હતો ત્યારથી તેની પત્ની સાથે રહેતી નથી. યુવાનનો પુત્ર પણ હાલ પત્ની સાથે છે અને પત્નીએ ભરણપોષણનો કેસ કર્યો છે જે જામનગર ફેમિલી કોર્ટમાં ચાલુ છે.

દરમિયાન ગઈ તા. ૧૪/૯/૨૦૨૫ ના યુવાન તથા તેનો પિતરાઈ ભાઈ મોહસીન ઈસ્માઈલભાઈ હાસમાણી મિત્ર નવાજ નુરમોહમ્મદ બાબીના લગ્ન કાલાવડમાં શીતળા ખાતે હોય જેથી તેઓ ત્યાં ગયા હતા. બાદમાં રાત્રિના એક વાગ્યા આસપાસ કાર નંબર જીજે-૦૩-ડીવાય-૩૪૬૬ લઈ લગ્નમાંથી પરત રાજકોટ આવતા હતા ત્યારે યુવાન કાર ચલાવતો હતો. રાજકોટમાં કાલાવડ રોડ પર લોધીકા તાલુકાના દેવડા ગામથી રાજકોટ તરફ સોપાન હાર્ડવેર સામેના ભાગે પહોંચતા પાછળથી એક સિલ્વર અલ્ટો કારમાં સદામ બારાડી સાથે થયેલ મારામારીનો ખાર રાખી સલમાન સુર્યા, બાસીદ બારાડી, મુલ્તજીમ બારાડી અને સાહિલ સમા (રહે. બધા. કાલાવડ શીતળા) કારનો પીછો કરી બાદમાં કાર રોકી બાસિદે તલવારનો એક ઘા કારના કાચ પર મારી રૂપિયા ૧૦,૦૦૦ નું નુકસાન કર્યું હતું. તેમજ તલવારનો એક ઘા ડ્રાઈવર સીટના દરવાજા પાસે મારી યુવાનને ગાળો આપી ધમકી આપી હતી કે આની પહેલા તો બચી ગયો આજે તો તને પૂરો જ કરી દેવો છે. દરમિયાન યુવાને પોલીસને જાણ કરતા ખીરસરા ચોકડી પાસે પીસીઆરવાન આવી ગઈ હતી.

ત્યારબાદ યુવાને આ અંગે મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કારમાં તોડફોડ કરી રૂપિયા ૧૦,૦૦૦ નું નુકસાન કર્યા અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગફાર બારાડી યુવાનો સાળો હોય અને ત્રણેક મહિના પહેલા કાલાવડ ટાઉનહોલ ખાતે હતો ત્યારે બાસીદના ભાઈ સદામ બારાડી સાથે મારા મારી થઈ હતી. જેમાં સદામને ઈજા થઈ હતી. જેનો રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢ જિલ્લામાં અકસ્માતના બે બનાવમાં યુવક અને વૃદ્ધનું મોત

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જિલ્લામાં માર્ગ અકસ્માતના બે બનાવમાં મુળ રાજસ્થાનના અને હાલમાં વિસાવદર પંથકમાં રહેતા એક યુવક અને માંગરોળના એક વૃદ્ધનું મોત થયાનું પોલીસ દફતરે નોંધાયું છે.

વિસાવદર થી બગસરા જતા રોડ ઉપર જાંબુડા ગામ પાસે રાજસ્થાનના તોરડી ગામના વતની અને હાલમાં વિસાવદરના મોણીયા ગામે રહેતા પોપટલાલ હીરાલાલભાઈ ડામોર (ઉ.વ. ૩૦) એ પોતાના હવાલાવાળુ ટ્રેક્ટર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી, ટ્રેક્ટર પરનો કાબુ ગુમાવી, પલ્ટી ખવડાવી દેતા, અને પોતાને શરીરે ગંભીર ઈજાઓ થતા મરણ ગયા હોવાની વિસાવદર પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ અકસ્માત મામલે તપાસ હાથ ધરી છે.

જ્યારે માંગરોળના રહેવાસી બાબુભાઈ જીવાભાઈ ચાંડેગરા (ઉ.વ. ૭૮) પોતાનું એકિટવા મો.સા.નં. જીજે ૧૧ સીઆર ૭૩૨૩ લઈને માંગરોળના પોરબંદર રોડ ઉપર આવેલ સાંઈબાબા મંદિર સામેથી પસાર થઈ, ઘરે પરત જતાં હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા ફોરવ્હીલ ચાલકે બાબુભાઈ જીવાભાઈને હડફેટે લઈ, અકસ્માત સર્જતા બાબુભાઈને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા થતાં સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાની અને અકસ્માત સર્જી અજાણ્યો ફોર વ્હીલ ચાલક નાસી ગયો હોવાની માંગરોળ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# સુત્રાપાડા તાલુકાના કણજોતર ગામે વીજ ચેકિંગ ટીમ પર હુમલો: બે કર્મચારી ઈજાગ્રસ્ત

**અબતક**
**રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકા ના કણજોતર ગામે વીજ ચેકિંગ ટીમ પર હુમલો.ગામના લોકોના ટોળાંએ વીજ ટીમને ઘેરી લઈ કર્યો હુમલો.હુમલામાં ૨ કર્મચારીઓ ઈજાગ્રસ્ત.સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચેકિંગ ડ્રાઈવ યોજાઈ હતી.જુદી જુદી ૭ ટિમો દ્વારા વીજ મીટર ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.સવારે રાખેજ ગામે ચેકિંગ કર્યા બાદ કણજોતર ગામે પહોંચેલ. કણજોતર ગામે પ્રવેશની સાથે જ લોકોના ટોળાં દ્વારા હુમલો કરાયો.જી.ઈજનેર એ.પી.કટારીયા અને ઈલે. આસી.અશોક પરમાર ઈજાગ્રસ્ત થયા.બન્ને કર્મચારીઓ ને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

# કંડલા: શરીર સંબંધી ગુના આચરતા અસામાજીક શખ્સને તડીપાર કરતી પોલીસ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



કંડલા મરીન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ એ.એમ.વાળાના નેતૃત્વ હેઠળ અવાર-નવાર શરીર સબંધી ગુના આચરતા અંજાર તાલુકાના તુણા ગામના માથાભારે ઈસમ ગની અયુબ જુણેજા વિરુધ્ધ હદપારી દરખાસ્ત તૈયાર કરવામા આવી અને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ અંજાર દ્વારા હદપારી દરખાસ્ત મંજુર રાખી કચ્છ જીલ્લામાંથી બે મહીના માટે હદપાર કરવા હુકમ કર્યો જેથી ગતરોજ કંડલા પોલીસ દ્વારા આરોપી ગની સ/ઓફ અયુબ જુણેજાને હસ્તગત કરી હદપારી હુકમની બજવણી કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રા નજીક ટ્રકની અડફેટ બાઈક ચાલકનું મોત

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા હળવદ હાઈવે પર કુડા ચોકડી નજીક ટ્રક ચાલકે પૂર ઝડપે મોટરસાયકલ સાથે અકસ્માત થતા મોટર સાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત ડેડ બોડીને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખસેડાઈ વધુ તપાસ તાલુકા પોલીસ ચલાવી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકો જિલ્લાનું મહત્વનું સેન્ટર છે અહીં કચ્છ થી અમદાવાદ મેઈન રોડ વચ્ચે ધ્રાંગધ્રા પડતું હોવાથી છાશવારે અકસ્માતો જોવા મળતાં હોય છે ત્યારે છેલ્લા એક મહિનામાં હાઈવે પર અકસ્માતના અનેક બનાવો બન્યા છે ત્યારે ધાંગધ્રા હળવદ હાઈવે પર કુડા ચોકડી નજીક સ્ટોન પાર્ક પાસે રાજસ્થાની ટ્રક ચાલકે મોટર સાયકલ ને ટક્કર મારતા અકસ્માત સજાયો હતો ત્યારે મોટરસાયકલ ચાલક જયેશભાઈ ભુપતભાઈ રહે કંકાવટી વાળા નું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ જેમાં પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી જેમાં વધુ તપાસ ધાંગધ્રા તાલુકા પોલીસ ચલાવી રહી છે.

# ધોરાજી: રૂ.૨૪.૫૮ લાખના શરાબનો નાશ



**અબતક, રમણીકભાઈ ટોપીયા, ધોરાજી**

ધોરાજી સબ ડિવિઝન નીચે આવનારા ઉપલેટા પોલીસ સ્ટેશનની ૬૬૩ બોટલ,ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનની ૩૧૩ બોટલ,ભાયાવદર પોલીસ સ્ટેશનની ૧૮૨૨ બોટલ,ધોરાજી શહેર પોલીસ સ્ટેશનની ૪૫૫ બોટલ અને પાટણવાવ પોલીસ સ્ટેશનની ૪૬ બોટલ મળી કુલ ૩૨૯૯ વિદેશી દારૂની બોટલ કે જેની કુલ કિંમત ૨૪,૫૮,૦૮૪/- રૂપિયાના દારૂની બોટલનો નાશ કરવામાં આવ્યો.

# ધ્રાંગધ્રા: બે શખ્સોએ મોબાઈલ અને બાઈક પડાવી યુવકને માર માર્યો

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરના માં આવેલા આંબેડકર નગર હોલ નજીક મોટરસાયકલ લઈને જતા યુવક ને ઉભો રાખી માર મારી મોબાઈલ અને મોટરસાયકલ પડાવી લેતા સીટી પોલીસમાં બે શખ્સો સામે નોંધાઈ પોલીસ ફરિયાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી.ધ્રાંગધ્રા શહેરના કુંભારપરા વિસ્તારમાં રહેતા રિયાઝભાઈ મોહમદભાઈ ફંગાત પોતાનું બાઈક લઈને મિત્રને મળવા જતા હોય તેવામાં શહેરના ડો.આંબેડકર હોલ નજીક પહોચતા રોડ પર ઉભેલા હિતેશ ઉર્ફે લાલો ગિરિધરભાઈ મકવાણા દ્વારા હાથ ઊંચો કરી યુવાનને ઊભો રાખવતા બાજુમાં આવેલ પન્ના ગલ્લામાં બેઠેલા ભરતભાઈ દાનાભાઈ છાસિયા હોલમાંથી બહાર આવી યુવાનને પકડી લીધો હતો અને હિતેશભાઈ દ્વારા ગલ્લામાંથી લોખંડનો પાઈપ લઈ યુવાનને માથાના ભાગે મારી ઈજા પહોચાડી યુવાનના ખીસ્સામાંથી મોબાઈલ કિંમત ૫૦૦૦ રૂપિયા તથા બાઈક કિંમત ૧૫૦૦૦ રૂપિયાનું લઈ લીધા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાન દરના લીધે ભાગી છૂટ્યો હતો આ તરફ યુવાને હોસ્પિટલ ખાતે સારવાર લઈ બાદમાં બંને ઈસમો વિરુધ ગુન્હો નોંધાવતા કાર્યવાહી હાથ ધરી હતી.

# બગસરા: કરોડોના ખર્ચે બનેલી સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી સર્જનની જગ્યા ખાલી

## લોકાર્પણ વખતે જાહેર સુવિધા હજી કાગળ પર જ

**અબતક**
**સમીર વિરાણી, બગસરા**

બગસરામાં ૪.૫૦ કરોડના ખર્ચે અદ્યતન સિવિલ હોસ્પિટલ તમામ સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવેલી છે. આ સિવિલ હોસ્પિટલ આરોગ્ય મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ હતું. સાડા ચાર કરોડના ખર્ચે બનેલ સિવિલ હોસ્પિટલમાં સરકાર દ્વારા એકસરે મશીન મુકવામાં આવ્યું છે પરંતુ હાલ ઘણો સમય વીતી ગયો પણ હજુ સુધી ચાલુ કરવામાં આવેલ નથી તેમજ ડાયાલીસીસ વિભાગ પણ હજુ સુધી ચાલુ કરવામાં આવેલ નથી અને સર્જરી વિભાગ તો જાણે ૨૦૦૯ પહેલાથી જ બંધ કરી દેવામાં આવ્યો હોય તેમ ૨૦૦૯ થી આ હોસ્પિટલમાં સર્જન ડોક્ટરની જગ્યા ખાલી છે. જેના લીધે લોકોને પ્રાઈવેટ હોસ્પિટલમાં જવાની ફરજ પડે છે. આવી ઘણી સુવિધાઓ આપવામાં આવી છે પરંતુ હજુ સુધી ફક્ત કાગળ ઉપર હોય તેમ લાગી રહ્યું છે. ખાલી પડેલી જગ્યામાં ડોકટરોના આભાવે આ તમામ ફેસેલિટી ફક્ત કાગળ ઉપર જ હોય તેવું લાગી રહ્યુ છે. હાલમાં ડોક્ટરના સ્ટાફના અભાવને કારણે આ સિવિલ હોસ્પિટલમાં સર્જન ડોક્ટર ૨૦૦૯ પહેલાથી જગ્યા ખાલી હોવાથી સરકાર દ્વારા આ સર્જનનિ ભરતી તત્કાલ ભરવામાં આવે જેથી



દર્દીઓને સર્જરી તેમજ ડાયાલીસીસ અને ઓર્થોપેડિક માટે બહાર જવું ના પડે તેના માટે સરકાર દ્વારા તત્કાલ ડોક્ટરનો સ્ટાફનિ ભરતી કરી તમામ ફેસેલિટી ચાલુ કરવામાં આવે તેમજ ડોક્ટર પણ નિમવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# જામનગર ક્રાઈમ ડાયરી

## વાંસજાળીયા ગામે સગીરાનું અપહરણ કરનાર શખ્સ થાનથી પકડાયો

### સગીરાએ એક પુત્રને જન્મ આપ્યો હોવાનું સામે આવ્યું: આરોપી સામે પ્રોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, જામનગર**

જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામમાંથી સગીરાનું અપહરણ કરી જનાર શખ્સને દબોચી લેવામાં જામનગર પોલીસને સફળતા સાંપડી છે. પોલીસે આરોપીને સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાંથી દબોચી લીધો હતો. જ્યારે સગીરાને મુક્ત કરાવી તેના પરિજનો સુધી પહોંચાડી છે. આરોપી સામે પોકસો, અપહરણ સહિતની જુદી-જુદી કલમો હેઠળ ગુન્હો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

વિગત અનુસાર આજથી અઢી વર્ષ પહેલાં ૧૭ વર્ષની વયની એક સગીરાનું જામજોધપુર તાલુકાના



વાસજાળીયા ગામમાંથી અપહરણ થયું હતું. જે મામલે પરિજનોને જાણ થતા બનાવા અંગે સગીરાના પિતાએ જામજોધપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સગીરાના પિતાએ વાંસજાળીયા ગામમાં જ રહેતા નિલેશ બટુકભાઈ મોરી (ઊં.વ.૨૬) સામે નામજોગ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આરોપી સુધી પહોંચવામાં જામનગરની એ.એચ. ટી.યૂ. પોલીસ જહેમતશિલ હતી તેવામાં ચોક્કસ બાતમી મળી હતી, કે આરોપી નિલેશ મોરી કે જે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં એક સીરામીક્ના કારખાનામાં મજૂરી કામ કરે છે, અને એક ઓરડી ભાડેથી રાખીને ત્યાં રહે છે. જે બાતમીના આધારે પોલીસ ટુકડીએ દરોડો પાડી આરોપી નિલેશ મોરીને ઝડપી લીધો હતો. જેની સાથે સગીરાએ પુત્રને જન્મ આપ્યો હોવાનું પણ સામે આવ્યું છે.

## તસ્કરોનો તરખાટ: પાંચ સ્થળે બાઈકની ઉઠાતરી

### જામજોધપુર, મેઘપર, યાદવનગર, ખારાબોજ ગામ અને યાદગનગરમાં ટુ-વ્હીલર્સની ચોરી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં એક સાથે બાઇકચોરીના વધુ પાંચ બનાવો સામે આવ્યા છે. જામનગર શહેરમાંથી બે, જામનગર-ખંભાળિયા રોડ પર ખાનગી કંપનીના પાર્કિંગમાંથી બે તેમજ જામજોધપુરમાંથી કોઇ અજાણ્યો ચોરો બાઈકની ચોરી કરી નાશી ગયા હતા.

પોરબંદર શહેર નજીકના કુછડી ગામના વતની અને હાલ જામજોધપુર તાલુકાના પાટણ ગામે રહેતાં નાગાભાઈ રામાભાઈ કુછડિયા (ઉ.વ.૪૯) એ ફરિયાદ નોંધવી હતી કે તેણે પોતાનું રૂ.૧૫,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-સીએ-૭૩૧૧ નંબરનું હીરો કંપનીનું પેશન પ્રો મોટરસાઇકલ ગત તા.૧૧-૯-૨૦૨૫ના રોજ પાટણ ગામે આવેલ નાગભાઈ માતાજીના મંદિર પાસે પાર્ક કરેલ હતું. જે મોટરસાઇકલ કોઈ અજાણ્યો ચોર હંકારી ગયો હતો.

જામનગર તાલુકાના સિક્કા ગામે હાઉસીંગ બોર્ડ, ડીસીસી કોલોની, અંબે માતાજીના મંદિરની બાજુમાં રહેતાં ભરતભાઈ ચંદુભાઈ મુલચંદાણી (ઉ.વ.૩૭) નામના યુવાને ફરિયાદ નોંધવી હતી કે તેણે પોતાનું રૂા.૪૦,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-ડીએ-૨૦૪૧ નંબરનું મોટરસાઇકલ ગત તા.૧૧-૯-૨૦૨૫ ના રોજ કોઇ અજાણ્યો ચોર હંકારી ગયો હતો.

જામનગર તાલુકાના સિક્કા ગામે ગોકુલપુરી, ક્રિષ્ના સ્કુલની બાજુમાં રહેતાં રવિગીરી કાંતીગીરી ગોસાંઈ (ઉ.વ.૨૫) નામના યુવાને ફરિયાદ નોંધવી હતી કે તેણે પોતાનું રૂા.૩૦,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-ડીએ-૪૭૮૪ નંબરનું મોટરસાઇકલ ગત તા.૨૯-૮-૨૦૨૫ ના રોજ જામનગર-ખંભાળિયા રોડ પર પ્રાઇવેટ કંપનીના પાર્કિંગમાં પાર્ક કરેલ હતું. જે મોટરસાઇકલ કોઇ અજાણ્યો ચોર હંકારી ગયો હતો.

જામનગર શહેરમાં યાદવનગર, રાધિકિષ્ના સોસાયટી, ચર્ચની બાજુમાં રહેતાં યોગેશગીરી ચીમનગીરી ગોસ્વામી (ઉ.વ.૩૯) નામના યુવાને ફરિયાદ નોંધવી હતી કે તેણે પોતાનું રૂા.૨૦,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-ડીબી-૩૫૭૧ નંબરનું મોટરસાઇકલ ગત તા.૪-૯-૨૦૨૫ ના રોજ શહેરના સમર્પણ સર્કલથી મહાકાલી સર્કલ વચ્ચે દેવકૃપા પાર્કિંગની સામે રોડની સાઇડમાં પાર્ક કરેલ હતું. જે મોટરસાઇકલ કોઇ અજાણ્યો ચોર હંકારી ગયો હતો.

જામનગર શહેર નજીકના ખારાબોજ ગામે દલીતવાસમાં રહેતાં રણજીતભાઇ છગનભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) નામના યુવાને ફરિયાદ નોંધવી હતી કે તેણે પોતાનું રૂા.૧૫,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦-એઆર-૫૧૪૩ નંબરનું મોટરસાઇકલ ગત તા.૧૧-૯-૨૦૨૫ ના શહેરના સમર્પણ સર્કલ આવતા ડાબી સાઇડ પર લીમડા નીચે સુપર રોઝ નર્સરી સામે પાર્ક કરેલ હતું. જે મોટરસાઇકલ કોઇ અજાણ્યો ચોર હંકારી ગયો હતો.

## દરેડ સહિત ત્રણ સ્થળે જુગારના દરોડા પાંચ મહિલા સહિત ૧૧ પકડાયા

**અબતક, જામનગર**

જામનગરના દરેડ ગામેથી ગંજીપાનાનો જુગાર રમી રહેલી પાંચ મહિલાઓને તથા શહેરમાં એકીબેકીનો જુગાર રમી રહેલાં છ પંટરોને પોલીસે પકડી પાડી કાયદાના પાઠ ભણાવ્યા હતાં.

પંચકોષી બી ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન જામનગર શહેર નજીકના દરેડ ગામે મુરલિધર સોસાયટીમા રાયકા ચોકમાં જાહેરમાં જુગાર રમી રહેલાં રામીબેન ધનાભાઈ માતકા (રહે.દરેડ ગામ મુરલિધર સોસાયટી તા.જી.જામનગર), રૂકશાનાબેન ઈરફાનભઈ ખફી (રહે.દરેડ ગામ એફ.સી.આઈ ગોડાઉનની બાજુમા મુરલીધર સોસાયટી તા.જી. જામનગર), શોભનાબા સંજયસિંહ ગોહીલ (રહે.દરેડ ગામ મુરલિધર સોસાયટી તા.જી.જામનગર), માલીબેન નાગજીભાઈ માતકા (રહે.દરેડ ગામ મસીતીયા રોડ પાણીના ટાકા પાસે તા.જી.જામનગર), રાનૂબેન નાથાભાઈ માવલીયા (રહે.દરેડ ગામ મુરલિધર સોસાયટી તા.જી.જામનગર) નામના પાંચ મહિલાઓને રૂા.૩૫૩૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

સિટી બી ડિવિઝન પોલીસે શહેરના નાગેશ્વર વિસ્તાર વ્હોરાના હજીરા પાસેથી જાહેરમાં ભારતીય ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમી રહેલાં હમીરભાઈ દેવાભાઈ ગોજીયા (ઉ.વ.૫૦, રહે.વિક્ટોરીયા પુલ ભારતવાસ જામનગર), પુંજાભાઈ નારણભાઈ સાગઠીયા (ઉ.વ.૩૦, રહે.વિક્ટોરીયા પુલ ભારતવાસ જામનગર) નામના બે શખ્સોને ૫૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. સિટી બી ડિવિઝન પોલીસે જ શહેરના ત્રણ દરવાજા પાસે જાહેરમાં એકીબેકીનો જુગાર રમી રહેલાં નાથાભાઈ પાલાભાઈ ધુલીયા (ઉ.વ.૪૦, રહે. નાગનાથ નાકે મોટોવાસ જામનગર), દીનેશભાઈ મગનલાલ ચંદ્રપાલ (ઉ.વ.૪૧, રહે. ત્રણ દરવાજા ખાન બજાર સત્યકૃપા બીલ્ડીંગ જામનગર) નામના બે શખ્સોને ૪૧૦ ની રોકડ સાથે પકડી પાડ્યાં હતાં. સિટી એ ડિવિઝન પોલીસે દરબારગઢ સર્કલ નજીક રિક્ષા સ્ટેન્ડ પાસે જાહેરમાં એકીબેકીનો જુગાર રમી રહેલાં સંજયભાઈ જયસુખભાઈ વારા (ઉ.વ.૩૮, રહે.સુભાષશાક માર્કેટ પાસે, પખાલીવાડ ભોયવાડો જામનગર), બીરજુ ઉર્ફે બીલ્લો રાજુભાઈ ડાભી (ઉ.વ.૩૨, રહે.સુભાષશાક માર્કેટ પાસે ફુટપાથ ઉપર જામનગર) નામના બે શખ્સની ૨૧૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી.

## ધુવાવ નજીક ચોરાઉ કોપર વાયરના જથ્થા સાથે બેલડી પકડાઈ

**અબતક, જામનગર**

જામનગર પંથકમાંથી ચોરાઉ કોપર કેબલ વાયરના જથ્થા સાથે જામનગર એલ.સી.બી પોલીસે બે શખ્સોને પકડી પાડ્યા છે. જેના કબજામાંથી ૩.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

વિગત અનુસાર જામનગર રાજકોટ હાઈવે રોડ ધુવાવ હાઉસિંગ બોર્ડ પાસે કાચા રસ્તા પાસેથી ૨ શખ્સો ચોરાઊંમુદ્દામાલ સાથે હોવાની પોલીસને જાણ થઈ હતી.

જેના આધારે પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન હિંમતભાઈ અલુભાઈ સાડમીયા (ઉં.વ.૨૨ રહેવાસી ધુવાવ હાઉસિંગ બોર્ડ તા.જી.જામનગર) રણછોડ લખુભાઈ સાડમિયા ( ઊં.વ.૨૪ (ધુવાવ હાઉસિંગ બોર્ડ તા.જી.જામનગર) શંકાસ્પદ હાલતમાં ઝડપાયા હતા. પોલીસે તેની તલાસી લેતા તેમની પાસેથી ૧.૭૪ લાખની કિંમતનો ૪૩૫ મીટર કોપર કેબલ વાયર મળી આવ્યો હતો. સાથે જ ૨ લાખની કિંમતની વાસ્પા રીક્ષા નં-જી.જે.૧૦ ટી ડબલ્યુ ક૨૦૬ મળી પોલીસે ૩,૭૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ઉપલેટાના મકાનમાંથી જુગાર ક્લબ ઝડપાઈ: રાજકોટ, જામનગર, જૂનાગઢના ૧૯ જુગારી ઝબ્બે

### એક લાખની રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૨.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે : ભાયાવદર પોલીસનો દરોડો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખારચિયા(શહીદ) ગામના રહેણાંક મકાનમાંથી જુગાર કલબ ઝડપાઈ છે. ભાયાવદર પોલીસની ટીમે જુગારના અખાડા પર દરોડો પાડી રાજકોટ, જામનગર અને જૂનાગઢના ૧૯ શખ્સોની રૂ. ૨.૨૧ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂ-જુગારની બદ્દીને ડામવાની પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર અને ધોરાજી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારતની સૂચના અને પગલે ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વીસી પરમારના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઈટ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી



રાહે હકીકત મળી હતી કે, ઉપલેટાના ખારચીયા(શહીદ) ગામે હરેશભાઈ બગડાના મકાનમાં જુગારનો અખાડો ધમધમી રહ્યો છે અને હાલ અહીં તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાઈ રહ્યો છે. જેથી તાત્કાલિક ભાયાવદર પોલીસની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને જુગારનો અખાડો ઝડપી હરેશ દેવશીભાઈ બગડા(ઉપલેટા), કિસન કારાભાઈ શિર (જામજોધપુર, જામનગર), જીવન રાજાભાઈ ચાવડા (જામજોધપુર,જામનગર), હસમુખ નાથાભાઈ વાઘેલા (જામજોધપુર, જામનગર), રાહુલ કરસનભાઈ મકવાણા (જામજોધપુર, જામનગર), વિવેક રાજેશભાઈ નંદાણીયા (ઉપલેટા), જોગેસ ચંદુભાઈ પરમાર (ઉપલેટા), ભરત વાલાભાઈ કટારીયા (જુનાગઢ), સંજય શંકરદાસ શ્રીમાળી (જામજોધપુર, જામનગર), જયંતિ હીરાભાઈ વારગીયા (જામજોધપુર, જામનગર), કાંતિ બાવનજીભાઈ સોંદરવા (જામજોધપુર,જામનગર) જયેશ ખીમદાસ શ્રીમાળી (જામજોધપુર, જામનગર), પરેશ શામળદાસ ગાંજણ (જામજોધપુર, જામનગર), વિનોદ બાવનજીભાઈ સોંદરવા (જામજોધપુર, જામનગર), ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ચુડાસમા (ઉપલેટા), રમેશ ગોવિંદભાઈ વામરોટીયા (ઉપલેટા), દિનેશસિંહ નવલસંગ ચુડાસમા (ઉપલેટા), હિતેશ રવજીભાઈ સોંદરવા (ધોરાજી) અને અજીત પ્રેમજીભાઈ પરમાર (ભાયાવદર) એમ કુલ ૧૯ શખ્સોને રોકડ રૂ. ૧,૦૦,૮૧૦ અને ૧૩ મોબાઈલ જેની કિંમત રૂ ૧,૨૦,૫૦૦ એમ મળી કુલ રૂ. ૨,૨૧,૩૧૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી.

## કોટડાસાંગાણીમાં પાડોશીએ લાકડીનો ઘા ઝીંકી પાંચ વર્ષના પૌત્ર અને દાદીનો પગ ભાંગી નાખ્યો

### માતા-પિતા સાથે ઝગડો કરતા શખ્સે એકાએક પાડોશમાં રહેતા વૃદ્ધા અને બાળક પર હુમલો કરી દીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણીમાં પાડોશમાં રહેતો શખસ તેના માતા-પિતા સાથે ઝઘડો કરતો હતો. દરમિયાન ઘર બહાર પૌત્રને લઇ ઉભેલા વૃધ્ધા અને તેના પાંચ વર્ષના પૌત્રને આ શખસે લાકડીનો ઘા ફટકારી દેતા બાળક અને વૃધ્ધા બંનેને પગમાં ફ્રેક્ચર થઇ ગયું હતું. જે અંગે કોટડા સાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. બનવાની જાણવા મળતી વિગતો મુજબ,કોટડા સાંગાણીમાં મફતીયાપરા બિલેશ્વર સ્કુલ પાસે રહેતા ધુનાબેન શાયરભાઈ વાઘેલા(ઉ.વ ૩૦) નામના મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા અજય ધીરૂભાઈ સોલંકીનું નામ આપ્યું છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના સમયે તેમના સાસુ હેમુબેન તેમના બાળક મિહિર(ઉ.વ ૫) ને લઈ ઘર બહાર શેરીમાં ઉભા હતાં. ત્યારે આરોપી અજય તેના પિતા ધીરૂભાઈ અને માતા રેખાબેન સાથે ઝઘડો કરતો હતો. દરમિયાન અજયે ઉશ્કેરાઈ લાકડીનો એક ઘા પાંચ વર્ષના બાળક મિહિર અને વૃધ્ધા હેમુબેનને મારી દેતા બંનેને ઇજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાતા બંનેને પગમાં ફ્રેક્ચર થયાનું માલુમ પડયું હતું. આ અંગે મહિલાની ફરિયાદ પરથી કોટડા સાંગાણી પોલીસે આરોપી અજય સોલંકી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ઉપલેટાના મજેઠી ગામે ભાણેજના છૂટાછેડા મામલે મામા પર હુમલો

ઉપલેટાના મજેઠી ગામે રહેતા હાજાભાઈ ઘુસાભાઈ કોડીવાર(ઉ.વ ૪૩) નામના યુવાને પાટણવાવ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નાગદાન રાયમલભાઈ ડાંગર(રહે. મેલી મજેઠી તા. ઉપલેટા) નું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની સગી ભાણેજ માધવીના લગ્ન આરોપી નાગદાનભાઈના પુત્ર સાથે થયા હતાં અને હાલ તેમની ભાણેજ રિસામણે છે જેથી આરોપીએ છુટાછેડા કરવવાનું કહી ગાળો આપી તું તારી ભાણેજને ફરીને છુટાછેડા કરાવી દેજે નહીંતર તું તારી બાયડી છોકરા સાથે બેઠા જેવો નહીં રહેવા દઉં કહી ધમકી આપી લાકડી વડે મારમાર્યો હતો. જે અંગે પાટણવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### અમિતશાહ...

માર્ગ બતાવ્યો, તો સશસ્ત્ર દળોની સાહસિક કાર્યવાહી દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરી. આંતરરાષ્ટ્રીય મંચ પર આત્મવિશ્વાસથી ભારતની વાત રજૂ કરી તેમણે દેશને વૈશ્વિક નેતૃત્વ તરફ દોરી જવાનું કાર્ય કર્યુ છે. તેમનું વ્યક્તિત્વ નીતિઓથી આગળ છે - સીધી જનતા સાથેનું જોડાણ અને રાષ્ટ્રને ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિશ્વગુરુ બનાવવાનો દૃઢ સંકલ્પ જ આજના ભારતની સૌથી મોટી શક્તિ છે.

### ભારત-અમેરિકા બેઠક

જેના માટે તે ભારત પર દબાણ વધારી રહ્યું છે. આવી સ્થિતિમાં અમેરિકા માટે આ મુદ્દા પર ચર્ચા કરવી સ્વાભાવિક છે.

નોંધનીય છે કે ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારના મુખ્ય વાટાઘાટકાર, શ્રી બ્રેન્ડન લિંચના નેતૃત્વમાં યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસના અધિકારીઓની એક ટીમ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ભારત આવી હતી. તેમણે વાણિજ્ય વિભાગના વિશેષ સચિવના નેતૃત્વમાં વાણિજ્ય વિભાગના અધિકારીઓ સાથે ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર સહિત ભારત-અમેરિકા વેપાર સંબંધો પર ચર્ચા કરી હતી.

### ટ્રમ્પ બ્રિટન...

દરમિયાન ટ્રમ્પ ગુરુવારે યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મરને પણ મળવાના છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે સ્ટાર્મર તેમના ભૂતપૂર્વ દૂત પીટર મેન્ડેલસનના સંબંધોને કારણે ટીકાઓનો સામનો કરી રહ્યા છે, જેમના જેફરી એપસ્ટીન સાથેના સંબંધો પર સવાલો ઉભા થયા છે. ખાસ વાત એ છે કે, ટ્રમ્પ પણ જેફરી એપસ્ટીન સાથેના તેમના ભૂતકાળના સંબંધોને કારણે તપાસ હેઠળ છે. આ મુલાકાત કૂટનીતિક અને આર્થિક મુદ્દાઓ ઉપરાંત, બંને નેતાઓ પરના અંગત વિવાદોને કારણે પણ ચર્ચાનો વિષય બની છે.

### યમન-ઈઝરાયેલ...

હોદેઈદા બંદર પર હુથીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ''લશ્કરી માળખા'' પર હુમલો કર્યો હતો. ''હુથી આતંકવાદી શાસન દ્વારા ઈઝરાયલ રાજ્ય અને તેના સાથીઓ સામે હુમલા કરવા માટે ઈરાની શાસન દ્વારા મોકલવામાં આવેલા શસ્ત્રોના પરિવહન માટે હોદેઈદા બંદરનો ઉપયોગ કરવામાં આવે છે,'' નિવેદનમાં જણાવાયું છે.

સારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હુથી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ ઈઝરાયલી વિમાનો માટે ''ઘણી મૂંઝવણ ઊભી કરી'' અને કેટલાક લડાકુ વિમાનોને હુમલો કરતા પહેલા જ યમનની હવાઈ સીમા છોડી દેવાની ફરજ પાડી, જેના કારણે યમનમાં ઈઝરાયલના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો. ગયા અઠવાડિયે યમનની રાજધાની સનામાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો પર ઈઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા ૩૧ યમની પત્રકારોના દફનવિધિમાં સેંકડો લોકો હાજર રહ્યા હતા ત્યારે આ હુમલા કરવામાં આવ્યા હતા.

### પાક.એ કબુલ્યું...

જેમાં આતંકવાદ, વેપાર, અર્થતંત્ર અને કાશ્મીર જેવા મુદ્દાઓનો સમાવેશ થાય. આ ઘટના દર્શાવે છે કે ભારત પોતાની સાર્વભૌમિકતાના મુદ્દાઓ પર કોઈ સમાધાન કરવા તૈયાર નથી.

ભારતની આ નીતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અગાઉના નિવેદનો સાથે સુસંગત છે. જૂનમાં, વડાપ્રધાન મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન સ્પષ્ટપણે કહ્યું હતું કે ભારત ક્યારેય પાકિસ્તાન સાથેના તેના સંબંધોમાં કોઈ પણ પ્રકારની મધ્યસ્થી સ્વીકારશે નહીં. તે સમયે, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પણ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે ભારતે ક્યારેય મધ્યસ્થી સ્વીકારી નથી અને ભવિષ્યમાં પણ નહીં સ્વીકારે. આ ભારતીય કૂટનીતિની મજબૂતાઈ અને સ્વતંત્રતાને રેખાંકિત કરે છે.નોંધનીય છે કે ૨૨ એપ્રિલના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નાગરીકોના મોત થયા હતા, તેના જવાબમાં ભારતે ૭ મેના રોજ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓ પર નિશાન સાધવા માટે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ ઓપરેશન બાદ બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી અથડામણ ચાલી હતી, જેનો અંત ૧૦ મેના રોજ પાકિસ્તાનના ડીજીએમઓ દ્વારા યુદ્ધવિરામની અપીલ કરવામાં આવ્યા બાદ આવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમથી સ્પષ્ટ થાય છે કે ભારતે કોઈપણ પ્રકારની બાહ્ય દખલગીરી વિના પોતાની રીતે જ પરિસ્થિતિને નિયંત્રિત કરી હતી. આ કાર્યવાહીએ વિશ્વને એ સંદેશો આપ્યો કે ભારત પોતાની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને હિંસાનો જવાબ આપવામાં અચકાશે નહીં.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ગુજરાતમાં સેવા કાર્યો...

નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે આજે અમદાવાદના નરેન્દ્રમોદી સ્ટેડિયમ સહિત ૬૦૦ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરાયું છે. રાજકોટ ખાતે પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપનને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાર્યભાળ સંભાળતાની સાથે જ વર્ષ ૨૦૧૪થી રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશનનો પ્રારંભ કરાવ્યો હતો. આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના રોજ આ અભિયાનના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આજથી તા. ૨ ઓક્ટોબર સુધીના પખવાડિયા દરમિયાન દેશભરમાં સ્વચ્છોત્સવની થીમ પર સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં માત્ર એક જ પખવાડિયું નહિ, પરંતુ ત્રણ પખવાડિયા સુધી રાજ્યના મહાનગરો, નગરો, ગામડાઓ અને સરકારી કચેરીઓ સહિતના જાહેર સ્થળો ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા, ટેક્સી અને સાયકલ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ, શહેરી વિસ્તારમાંથી પસાર થતા રીંગ રોડ, રાજ્યના ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરી માર્ગ જેવા સ્થળોની સંપૂર્ણ સાફ-સફાઈ ઉપરાંત કચરાના એકત્રીકરણ અને વર્ગીકરણના તમામ સાધનોની પણ સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં આવેલા ધાર્મિક સ્થળો, સંગ્રહાલયો, પ્રવાસન સ્થળો, બાગ-બગીચાઓ, ઐતિહાસિક સ્થળો, સાર્વજનિક અને રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો તેમજ ટ્રેકિંગ અને કેમ્પિંગ સ્થળોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. ૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબર દરમિયાન શહેરોમાં આવેલા વિવિધ નદી, તળાવ, સરોવર, દરિયાકિનારા, વરસાદી પાણીના નાળા જેવી વોટર બોડીસ અને ટ્રેસ ક્લીનર્સ સહિતના સ્થળોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.૭ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન રાજ્યના શહેરોમાં આવેલા વિવિધ સર્કલ, ચાર રસ્તાઓ, સિગ્નલ્સ, ખુલ્લા પ્લોટ અને પ્રસ્થાપિત કરાયેલી પ્રતિમાઓ ઉપરાંત બેક લેનની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. ૧૪ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન રાજ્યના શહેરોમાં આવેલા વિવિધ વાણિજ્ય વિસ્તારો, માર્કેટીંગ યાર્ડ માર્કેટ, શાકભાજી માર્કેટ અને સ્ટ્રીટ ફૂડ માર્કેટ સહિતની વિવિધ બજારોની સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૨૧ થી ૨૭ ઓક્ટોબર દરમિયાન શહેરોમાં આવેલી તમામ સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, ખાનગી તથા સરકારી દવાખાના અને વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ભંગારનો નિકાલ, રેકર્ડ વર્ગીકરણ અને જૂના વાહનોની હરાજી જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવશે. તા. ૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન શહેરોના આઉટગ્રોથ વિસ્તારમાં આવેલા તમામ એન્ટ્રી પોઈન્ટથી એપ્રોચ વિસ્તાર સુધીના સ્થળો, શહેરના તમામ ફૂટપાથ, રોડ, વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ અને તેની આસપાસના વિસ્તારોની સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.વડાપ્રધાનના વતન વડનગર ખાતે પણ નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામં આવી હતી.સુરત ખાતે વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ઈશ્વર તેમને દીર્ઘાયુ, સુખ, સ્વાસ્થ્ય અને દેશસેવામાં સતત સફળતા પ્રદાન કરે એવી હૃદયપૂર્વક પ્રાર્થના તેમજ પૂજા અર્ચના કરી તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત મંદિરની બહાર સાફ સફાઈ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ કરી હતી.

### ટેકાના ભાવની ખરીદી

ટકાને બદલે ૫૦ ટકા ઉત્પાદનની એમએસપી હેઠળ ખરીદી કરવાની જોગવાઈ કરવા પણ મંત્રીએ સૂચન કર્યું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં જ રેકોર્ડબ્રેક રાજ્યના ૯ લાખથી વધુ ખેડૂતોએ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે અરજી કરી છે. જેથી ખરીફ સીઝનમાં પીઓએસ મશીન વગર જ એમએસપી હેઠળ મગફળીની ખરીદી કરવા પણ મંત્રીએ વિનંતી કરી હતી. આ ઉપરાંત તેમણે ખેડૂતોની નોંધણી વધારવા માટે કૃષિ વિભાગની યોજનાઓનો લાભ લેતી વખતે, ખાતર ખરીદતી વખતે અને કેસીસી હેઠળ કૃષિ લોન લેતી વખતે ખેડૂત નોંધણી ફરજિયાત કરવાનું પણ સૂચન કર્યું હતું.કૃષિ મંત્રી રાઘવજી પટેલે કોન્ફરન્સમાં ગુજરાત સરકારે ડિજિટલ કૃષિને પ્રોત્સાહન આપવા શરુ કરેલા નવીન પહેલ ''કૃષિ પ્રગતિ'' ડિજિટલ એગ્રીકલ્ચર પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

### ૧૦૮ ઈમરજન્સી...

૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૩૯ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા કુલ ૫૧.૯૨ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યો છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૫૩ કરોડથી વધુ ઈમરજન્સી કોલ, પોલીસ ઈમરજન્સી, ફાયર ઈમરજન્સી, મેડીકલ ઈમરજન્સી અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ૧૦૮ દ્વારા ગુજરાતમાં નવતર પહેલના ભાગરૂપે વર્ષ ૨૦૨૦માં ૧૧૦૦ ટેલિ મેડિસિન એટલે કે ઘરે બેઠા ટેલિફોન પર ડોકટરનું માર્ગદર્શન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તબીબી સલાહ, કાઉન્સેલીંગ, કોવિડ-૧૯ અને વિવિધ આરોગ્ય સંબંધિ સેવાઓ સફળતાપૂર્વક એટેન્ડ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** કાંતાબેન વ્રજલાલ પાટડીયા તે સ્વ. સોની વ્રજલાલ કેશવજી પાટડીયાના પત્ની, સ્વ. સોની મનહરલાલ કેશવજી પાટડીયાના ભાભી, સ્વ. સોની પ્રેમજીભાઈ વનમાલીદાસ આદેશરા મોરબીના દીકરી, અનિલભાઈ, મંદાકિનીબેનના માતાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ગુરુવાર તા. ૧૮ ના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાકે લુહારની વાડી, શેરી નં. ૨૨, સપના સોડા વાળી શેરી કેવડાવાળી રાજકોટ ખાતે બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોંડલઃ** દિનેશભાઈ આણંદજીભાઈ ટાંક (ઉ.વ.૭૫) (યોગી સ્ટારવાળા) તે રાજેન, સંધ્યા, ધીરેનના પિતાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ ના રોજ શ્યામ વાડી ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ ખોરાણા નિવાસી, હાલ રાજકોટ બેચરભાઈ કરશનભાઈ સાંગાણી તે શાંતાબેનના પતિ, ગીરીશભાઈ, અનિલભાઈ, કુંદનબેન અરવિંદકુમાર સંખાવરાના પિતાનું તા. ૧૪ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નિવાસ સ્થાન શ્રીજી વિલા એપલ વીલા પ્લોટ નં. ૫૩, કે.જી. ધોળકીયા સ્કુલની પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** જીતેન્દ્રભાઈ મહીકૃષ્ણભાઈ મજીઠીયા (ઉ.વ.૭૫) તે સ્વ. મહીકૃષ્ણભાઈ કુબેરદાસભાઈના પુત્ર, રંજનબેનના પતિ, જતીનભાઈના પિતા, જિજ્ઞાસાના સસરા, ખુશના દાદા, પ્રફુલભાઈ, અશ્વિનભાઈ, સુધીરભાઈ, ભદ્રાબેન, સ્વ. ભારતીબેન, ઈલાબેનના ભાઈ, સ્વ. વ્રજલાલ મગનલાલ કકકડના જમાઈ, રસિકભાઈ ધીરુભાઈ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રમેશભાઈના બનેવીનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને ગુરુવાર બપોરે ૪ થી ૬ દરમિયાન સોમેશ્વર મહાદેવ, વિતરાગ સોસાયટી, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**જામનગરઃ** કીર્તિબેન પ્રફુલચંદ્ર ગોહિલ (ઉ.વ.૬૦) તે પ્રફુલચંદ્ર મોહનલાલ ગોહિલ તે જા.જી.પે. સમાજના કારોબારી સભ્ય પત્ની, પાયલ ટાંક (મુંબઈ), ભૂમિકા વાઘેલા (રાજકોટ)ના માતાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૫ થી ૫.૩૦ કલાકે જામનગર ગુ.ક્ષ. કડિયા જ્ઞાતિની ભોજનશાળા, કડિયાવાડ, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** શ્રીમાળી બ્રાહ્મણ લલીતભાઈ વસંતરાય ઓઝા (સીનીયર ઈન્સ્યોરન્સ સર્વેયર) તે અનિલભાઈ વસંતરાય ઓઝાના નાનાભાઈ, સ્વ. મીતલબેન ઓઝાના પતિ, સુમિતભાઈ, દર્શીતભાઈના પિતા, વિપુલભાઈ ઓઝાના કાકાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ સુખસાગર એપાર્ટમેન્ટ જલારામ-૨ વરદ મેડીસીન પાસે, યુનિવસિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજકોટ : શિવાય રેસીડેન્સીના બિલ્ડર વિરેન સિંધવે રૂ. ૨.૫૦ કરોડની ઠગાઈ આચરી

## મવડી વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટના ૧૭ ફ્લેટ ગીરવે મૂકી વર્ષ ૨૦૧૯ માં માંડવરાયજી ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટીમાંથી લોન મેળવી લીધી : બાદમાં ફ્લેટધારકોને બોજારહિત દસ્તાવેજ કરી દીધો

## તાજેતરમાં ફ્લેટધારકોને ક્રેડિટ સોસાયટીએ નોટિસ ફટકારતા ભાંડો ફૂટ્યો: બિલ્ડરને પૂછા કરતા નાણાં નહિ હોવાનું કહી હાથ ઉંચા કરી દીધા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં કરોડોની ઠગાઈનો વધુ એક બનાવ સામે આવ્યો છે. મવડી રોડ પર બાપા સીતારામ ચોક નજીક આવેલ શીવાય ફ્લેટના ૧૭ ફ્લેટ ગીરવે મૂકી બિલ્ડરે ૨.૫૦ કરોડની લોન લઈ ઠગાઈ આચરતાં તાલુકા પોલીસ મથકમાં છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. વર્ષ ૨૦૨૦ માં ફ્લેટ ધારકોને બોજા રહિતના દસ્તાવેજ કરી આપ્યાં બાદ મંડવરાયજી ક્રેડિટ કો. ઓપરેટિવ મંડળીની રૂપીયા વસુલ કરવાની ફ્લેટ ધારકોને નોટીસ મળતાં જ બિલ્ડરે રૂપીયા નહિ હોવાનું કહીં હાથ ઊંચા કરી દેતાં ફ્લેટ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે.

રાજકોટ શહેરના રાધાનગરના ગુલાલ વિહાર સોસાયટી શેરી નંબર-૨ માં રહેતા ૪૦ વર્ષીય શિક્ષિકા હેતલબેન મોહનીશભાઈ ટીલાળાએ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં બિલ્ડર વિરેન બાબુભાઈ સિંધવનું નામ આપતાં પોલીસે ઠગાઈની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી. શિક્ષિકાએ જણાવ્યું હતું કે, હું કોટડાસાંગાણી તાલુકાના મોટા માંડવા પ્રાથમીક શાળામાં છ વર્ષથી શિક્ષક તરીકે નોકરી કરું છું. મારા પરીવારમાં હું તથા મારા પતિ મોહનીશભાઈ, બે દિકરીઓ, સાસુ કિરણબેન, દાદી સાસુ સાથે રહીએ છીએ.

વધુમાં શિક્ષિકાએ જણાવ્યું હતું કે, અમે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ મવડીના રેવન્યુ સર્વે નંબર ૧૮૧ ની બિનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૧૬ પૈકીની જમીન ચો.મી. આશરે ૧૭૨-૩૩-૫૭ તથા રે. સર્વે નંબર ૧૮૨ પૈકીની બિનખેડવાણ અને રહેણાકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૨૧ પૈકીની જમીન ચો.મી.આ. ૨૩૧-૭૪-૨૨ તથા પ્લોટ નંબર-૨૩ પૈકીની જમીન ચો.મી.આ. ૨૭૫-૪૦-૬૦ આમ મળી કુલ જમીન ચો.મી.આ. ૭૧૯-૪૮-૩૯ ઉપરના મકાન અમે વે.દ.અ.નં.૩૫૮૯ તા.૨૨/૦૫/૨૦૧૮ થી બિલ્ડર વિરેનભાઈ બાબુભાઈ સિંધવ (રહે. વંદના હેરીટેઝ, બ્લોક નંબર બી-૪૦૨ પી.ડી. માલવીયા કોલેજ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ) પાસેથી ફ્લેટ ખરીદ કરેલ હતો, જેનુ નામ શિવાય ફ્લેટ છે અને આ શિવાય ફ્લેટમાં કુલ ૩૨ ફ્લેટ આવેલા છે. જેમાં મારા ફ્લેટ નંબર-૫૦૩ ના છે. અમે આ ફ્લેટ એક્સીસ બેંકની લોનથી ખરીદ કરેલ હતો. બાદ આ ફ્લેટ મારા દિયર કિશનભાઈ અશ્વીનભાઈ ટીલાળાને રહેવા માટે આપેલ હતો.તા.૨૬/૦૫/૨૦૨૦ ના રોજ બપોરના સાડા બાર વાગ્યે બિલ્ડર વિરેનભાઈ બાબુભાઈ સિંધવએ અમને વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતો.

### સરકારી શાળાના શિક્ષિકાની ફરિયાદ પરથી તાલુકા પોલીસ મથકમાં બિલ્ડર વિરેન સિંધવ વિરુદ્ધ ગુનો દાખલ

બાદ ગઈ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ હુ મારા ઘરે હાજર હતી. ત્યારે દિયર કિશનભાઈનો ફોન આવેલ કે, રજીસ્ટર એડી. મારફતે તમારા ઘરે એક ટપાલ આવેલ છે, જેમાં શુક્લા એન્ડ શુક્લા એડવોકેટની તમારા નામની નોટીસ છે. જે નોટીસ માંડવરાયજી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. દ્વારા મોકલવામાં આવેલ છે. જે નોટીસમાં કેવીનભાઈ જીતેન્દ્રભાઈ પંડ્યા (રહે.એ-૧૩૦૨ રાધા રેસીડેન્સી, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર ચોકડી, રાજકોટ)ના સભ્ય દરજ્જે વીરેનભાઈ બાબુભાઈ સિંધવએ તેમની માલીકીની સ્થાવર મિલ્કત રૂ. ૫૦ લાખ તા. ૨૨/૦૪/૨૦૧૯ ના રોજ ૧૫ ટકા ના દરે તેમના ધંધાના વિકાસ માટે કેસ ક્રેડીટ ધિરાણ લીધેલ છે અને તેના લોન ખાતા નંબર એ-૧૩૭-૬૪૦૦૦૦૩૫ છે. આ ધિરાણમાં (૧) બાબુભાઈ માધાભાઈ સિંધવ (૨) હેમલભાઈ દીપકભાઈ સોમૈયા ધિરાણની રકમ ભરપાઈ કરી આપવાની સંપુર્ણ જવાબદારી સ્વીકારી જામીન થયેલ છે. શિવાય ફ્લેટસ એપાર્ટમેન્ટમાં કુલ-૩૨ ફ્લેટો આવેલ છે જેમાંથી ૧૭ ફ્લેટો ધિરાણ સવલતની જામીનગીરીમાં વીરેનભાઈ બાબુભાઈ સિંધવ દ્વારા સોસાયટી જોગ ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ છે અને માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી.એ વીરેનભાઈ બાબુભાઈ સિંધવ તથા જામીનદારો પાસેથી ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ ફ્લેટોવાળી મિલ્કત વસુલ મેળવવા માટે રાજકોટના બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટના લવાદ કેસ નં.૨૮૪/૨૦૨૩ થી રૂ.૫૩,૭૭,૯૦૬/- ની રકમ તથા તા.૦૧/૦૫/૨૦૨૩ થી વસુલ થતા સુધી ૧૫ ટકા વ્યાજ તથા ૨ ટકા વધારાના વ્યાજ સહિતની રકમ વસુલ મેળવવા માટે દાવો કરવામાં આવેલ છે.

આ દાવામાં બોર્ડ ઓફ નોમીનીઝ દાવા મુજબની દાદ મંજુર કરી સ્થાવર મિલ્કતથી લેણુ વસુલ કરી શકીએ તેવુ હુકમનામું તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ કરેલ છે. બોર્ડ ઓફ નોમીનોઝ સાહેબના હુકમનામા અન્વયે સહકારી કાયદા મુજબ જીલ્લા રજીસ્ટ્રારમાંથી વસુલાત કરવા માટેનુ જરૂરી પ્રમાણપત્ર મેળવી રાજકોટના સીવીલ જજની કોર્ટમાં લેણી રકમ વ્યાજ સહીત રૂ.૬૬,૩૫,૨૩૭ તથા તે રકમ ઉપર તા.૦૧/૦૯/૨૦૨૪ થી વસુલ થતા સુધીના ૧૫+૨ ટકા લેખે કરારની શરતો મુજબના ચડતા વ્યાજ તથા ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ મિલ્કતોથી તથા દાવાના ખર્ચ સહિતની રકમ વસુલ થાય તેવી દરખાસ્ત કરેલ છે. તેમજ આ નોટીસ મળ્યેથી દિવસ-૧૫ માં દરખાસ્ત મુજબની વ્યાજ સહીતની રકમો ભરપાઈ કરવા તમે જેની પાસેથી ફ્લેટ ખરીદ કરેલ છે તેને રકમો ભરપાઈ કરવા અથવા કરાવવા જાણ કરવામાં આવે છે. જે કરવામાં કસુર થયેથી શિવાય ફ્લેટ્સ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર-૫૦૩ થી વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવુ નોટીસમાં લખેલ હતું.

જેથી અમે તથા શિવાય એપાર્ટમેન્ટના (૧) પ્રજ્ઞાબેન નિલેશભાઈ ચૌહાણ (૨) જોશનાબેન રમેશભાઈ ડાંગરીયા (૩) ભારતીબેન દિનકરરાય જોશી (૪) જયેશ ભાઈ દુલેરાય પંડ્યા (૫) મંજુલાબેન ભીખાભાઈ ભંડેરી (૬) કૃષ્ણાબેન અનીલભાઈ સાવલીયા (૭) રેખાબેન પ્રશાંતભાઈ ધામેલીયા (૮) અંકીતાબેન ગૌરવભાઈ રોજાસરા (૯) ક્રીષ્નાબેન પંકજભાઈ મહેરા તથા અન્ય ફ્લેટ ધારકોને નોટીસ આવેલ હતી. આ તમામ લોકોએ અમારી શિવાય સોસાયટીના બિલ્ડર વીરેનભાઈ સિંધવને ફોન કરી સોસાયટીમાં આવવા જણાવેલુ હતુ અને અમે બધા ભેગા થયેલા હતા. બાદ વીરેનભાઈ સાથે વાત કરતા તેમણે જણાવેલ કે, વર્ષ ૨૦૧૯ માં મે માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. ખાતેથી આ બિલ્ડીંગની ફાઈલ મુકી રૂ.૨.૫૦ કરોડની લોન લીધેલ છે અને જેમાંથી રૂ. ૨ કરોડ ચૂકતે કરી દીધેલ છે અને બાકીના રૂ. ૫૦ લાખ અને તેનું વ્યાજ ભરવાનુ બાકી છે. હાલ મારી પાસે પૈસા નથી તેમ વાત કરેલ હતી.

જેથી બિલ્ડર વિરેન સિંધવએ વર્ષ ૨૦૧૯ માં માંડવરાયજી કેડીટ કો.ઓપરેટીવ સોસાયટીમાંથી રૂ.૨.૫૦ કરોડની શિવાય બિલ્ડીંગની ફાઈલ મુકી લોન લીધેલ અને તા.૨૬/૦૫/૨૦૨૦ માં બિલ્ડરે ફરીયાદી અને ફ્લેટના બીજા માણસોને ફ્લેટના અલગ અલગ વેચાણ દસ્તાવેજ કરી આપી જે વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપેલ ફ્લેટ કે તેની સમગ્ર ''શિવાય'' ઉપરની સમગ્ર મિલ્કત કે જમીન ઉપર સરકારી કે સહકારી કે બેંકનુ, પેઢીનું, નિગમનુ, સહકારી મંડળીનુ કે અન્ય કોઈ વ્યક્તિનુ કોઈપણ પ્રકારનુ કરજ, બોજો નથી કે કોઈનો ચાર્જ હક્ક, અગ્રહક્ક, ખાધાખોરાકીનો હક્ક, કે કોઈ જામીનગીરીનો કે કોઈપણ પ્રકારનો હક્ક નથી અને સર્વ પ્રકારના બોજા રહિત બીજા વગરની મિલ્કત તમોને વેચાણ આપેલ છે તેવુ લખેલ છે. જેથી આરોપીએ ૧૭ ફ્લેટની ફાઈલ મૂકી રૂ.૨.૫૦ કરોડની લોન લઈ છેતરપીંડી આચરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઇ એમ.આઈ.શેખ અને ટીમે તપાસ હાથ ધરી હતી.

### બે કરોડ ચૂકવી દીધા છે અને હવે બાકીના નાણાં ચૂકવવા મારી પાસે પૈસા નથી કહી બિલ્ડર છટકી ગયો

ફ્લેટ ધારકોએ શિવાય સોસાયટીના બિલ્ડર વીરેનભાઈ સિંધવને ફોન કરી સોસાયટીમાં આવવા જણાવેલુ હતું અને અમે બધા ભેગા થયેલા હતા.

બાદ વીરેનભાઈ સાથે વાત કરતા તેમણે જણાવેલ કે, વર્ષ ૨૦૧૯ માં મે માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. ખાતેથી આ બિલ્ડીંગની ફાઈલ મુકી રૂ.૨.૫૦ કરોડની લોન લીધેલ છે અને જેમાંથી રૂ. ૨ કરોડ ચૂકતે કરી દીધેલ છે અને બાકીના રૂ. ૫૦ લાખ અને તેનું વ્યાજ ભરવાનુ બાકી છે.

હાલ મારી પાસે પૈસા નથી તેમ વાત કરેલ હતી.

### જાયે તો જાયે કહા ઔર કરે તો કરે ક્યાં જેવી ફ્લેટધારકોની સ્થિતિ: બિલ્ડર નાણાં નહિ ચૂકવે તો ગીરવે મુકાયેલ ફ્લેટમાંથી વસુલાત કરાશે તેવી નોટીસ મળ્યે ભારે ઉહાપો

# ગોંડલ ગૌ શાળાના નામે છેતરપિંડી

## ગૌ માતા માટે ધાસચારો લાવું છું તેમ કહી ઓનલાઇન ઠગાઇ કરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ની ગૌસેવા સંસ્થા રામગરબાપુ ગૌસેવા ટ્રસ્ટ ના એક કાર્યકર ને ફોન કરી કુતિયાણા થી બોલું છું બીમાર ગાયો માટે માંડવી નો પાલો આઈશર ગાડી ભરીને આવું છું જામકંડોરના પોચ્યો છું હું આની પેલા ત્યાં આવી ગયેલો છું. ગૌશાળા જોઈ છે પાલો સારો છે તે ક્યાં ઉતારવો છે. આમ વારંવાર ફોન કરી કાર્યકર ને વિશ્વાસ માં લઈ અજાણ્યા શખ્સે ડિઝલ માટે ૧૦૦૦ રૂ મોકલશો તેવી વાત કરી ગ્રઇઈ સ્કેનર મોકલી પેમેન્ટ આપવાનું કહ્યા બાદ રૂ. ૧૦૦૦ નું પેમેન્ટ કાર્યકર એ કરી આપ્યું હતું. બાદમાં ગાડી તેમજ પાલો ના આવતા કાર્યકર દ્વારા અજાણ્યા શખ્સને ફોન કરાયા હતા.પણ શખ્સ દ્વારા ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો.

સાયબર ક્રાઈમ થયા ની જાણ થતાં ઓનલાઈન સાયબર ક્રાઈમ માં ફરિયાદ કરવામાં આવી હતી.

upi id પર થી નંબર મેળવી તેના પર ફોન કરતાં જાણવા મળ્યું કે તે ફ્રોડ કરનાર વ્યકિત ગોંડલ નો રેહવસી છે અને તેના દ્વારા કોલેજ ચોક માં આવેલ બેંકિંગ તથા અન્ય સુવીધા ચલાવતા એન્ટરપ્રાઈઝ નુ સ્કેનર મોકલી રોકડા રૂપિયા ત્યાં થી મેળવી લીધા હતા.

અહી આધાર કાર્ડ લીધું ના હોવાથી અને કેમેરા બરોબર ચાલતા ના હોવાના કારણે તે વ્યક્તિની ઓળખ મેળવવી મુશ્કેલ બની હતી.

ગૌસેવક અને ટ્રસ્ટ સંચાલક જયકરભાઈ જીવરાજાની એ બનાવ અંગે કહ્યુ કે રકમ નાની છે પરંતુ ગાયોના સેવાના નામે થયેલ છેતરપિંડી ઓનલાઈન ફ્રોડ તમામ ગૌશાળા ના સંચાલકો માટે ચેતવણી રૂપ કિસ્સો છે અને પોલીસ તપાસ કરી એવા બનાવ વધુ ના બને તે જરૂરી છે

# હિંમતનગરની ક્વાટર્સના દસ માં માળેથી સર્ગભાએ પડતું મુકી જીવન ટુંકાવ્યું

## આપઘાતનું કારણ જાણવા તપાસનો ધમધમાટ

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની નવીન સિવિલ હોસ્પિટલમાં ઘટના સામે આવી હતી જેમાં સિદ્ધાર્થનગર વિસ્તારની રોયલ રેસિડેન્સીમાં રહેતા આશરે ૩૫ વર્ષીય શર્મિષ્ઠાબેન પરમારે સિવિલ હોસ્પિટલના કવાર્ટર્સના સી-૧ બ્લોકના ૧૦ માં માળેથી પડતું મૂક્યું હતું

ત્યારબાદ ગર્ભવતી શર્મિષ્ઠાબેનને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા પણ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા તબીબે તરત જ હિંમતનગર સિવિલ પોલીસ ચોકીને જાણ કરી હતી

આ અંગે સિવિલ હોસ્પિટલના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે પોલીસે સિવિલ વર્ધિના આધારે તપાસ શરૂ કરી છે અને મહિલાએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હજુ કોઈ માહિતી સામે આવી નથી.

# રાજકોટ, જામનગર અને દાહોદમાં દારૂના આઠ ગુનામાં વોન્ટેડ રાજસ્થાની શખ્સ દબોચાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય અને જામનગર, દાહોદમાં દારૂના ગુનામાં નાસતા ફરતા અને અગાઉ આઠ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રાજસ્થાની શખસને રાજકોટ એલસીબીની ટીમે ઝડપી લીધો હતો. આ ઉપરાંત નવસારી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર અન્ય આરોપીને પણ ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા અપાયેલી સૂચનાને પગલે એલસીબી પીઆઇ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઇ એચ.સી. ગોહિલ અને આર.વી.ભીમાણીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઇ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ આરબ, રોહિતભાઈ બકોત્રા અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમારને મળેલી બાતમીના આધારે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર આરોપી અનિલ બુધારામ શાહુ બિશ્નોઈ (રહે. દાવલ વર્ણપુર તા. ચિતલવાના જી. સાંચોર, રાજસ્થાન) ને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી અનિલ શાહુ સામે રાજકોટ ગ્રામ્ય, જામનગર અને દાહોદમાં મળી દારૂના કુલ આઠ ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોવાનું માલુમ પડ્યું હતું.

અન્ય એક કામગીરીમાં નવસારી જિલ્લામાં નોંધાયેલા દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપી શ્રવણ કુંભારામ પરિહાર (રહે. બાડમેર, રાજસ્થાન) ને ઝડપી લઇ શાપર વેરાવળ પોલીસ સ્ટેશન હવાલે કર્યો હતો.

# ગાંધીધામ: ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાય

## ત્રણ બાઈક ચોરીનો ભેદ ઉકેલી રૂ.૬૦ હજારનો મુદામાલ કબ્જે કર્યો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ બી-ડીવીઝન પોલીસે બે શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં કિડાણાના અબ્દુલ મુસા ચાવડા (ઉ.વ.૨૩) અને અંજારના ફિરોજ અલીમામદ મથડા (ઉ.વ.૨૮)નો સમાવેશ થાય છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ત્રણ અલગ-અલગ સ્થળોએથી મોટરસાઈકલ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તેમણે યોગેશ્વર નગર કિડાણા, રોયલ [ સિયા સોસાયટી પાછળની સેંટ પોલ સ્કૂલ પાસેથી અને આદિપુરની સોનલ હોટેલ સામેની લાઈનમાંથી વાહનો ચોર્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ.૬૦ હજારની કિંમતની ત્રણ મોટરસાઈકલ કબજે કરી છે. જેમાં હિરો સ્પલેન્ડર પ્લસ (કિંમત રૂ.૨૦ હજાર), હોન્ડા સાઈન (કિંમત રૂ.૩૫ હજાર) અને હિરો ડિલક્ષના અલગ-અલગ સ્પેર પાર્ટ્સ (કિંમત રૂ.૫ હજાર)નો સમાવેશ થાય છે. આ મામલે ગાંધીધામ બી-ડીવીઝન અને આદિપુર પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજકોટ જિલ્લામાં હદપારી હુકમનો ભંગ કરતા બે શખ્સો ઝડપાયા

## રાજકોટ રૂરલ એલસીબી ટીમે હદપારી હુકમનો ભંગ કરતા બે શખ્સોને ઝડપી સ્થાનિક પોલીસના હવાલે કરી કાયદેસરની કાર્યવાહી કરી છે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લા વિસ્તારમાંથી હદપાર થયેલા શખ્સો ઉપર વોચ રાખી હદપારી હુકમનો ભંગ કરતા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઈ એચ સી ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર વી ભીમાણીની રાહબરી હેઠળ એલસીબી ટીમ કોમ્બિંગ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા અને હરેશભાઈ પરમારને મળેલી સંયુક્ત હકીકતના આધારે ગોંડલ એસડીએમ દ્વારા ચાર માસ માટે રાજકોટ શહેર અને જિલ્લામાંથી હદપાર થયેલ રાજેશ ઉર્ફે દેહો ધીરૂભાઈ વાઘેલા (રહે અમરનગર, જેતપુર,રાજકોટ)ને જેતપુર-ખીરસરા રોડ પાણીના ટાંકા પાસેથી ઝડપી જેતપુર પોલીસ સ્ટેશન હવાલે કરવામાં આવ્યો હતો. જ્યારે ગોંડલ એસડીએમ કચેરી દ્વારા ચાર માસ માટે રાજકોટ શહેર અને જિલ્લાની હદપાર થયેલ જયેશ ઉર્ફે બીબન શિવાભાઈ વાઘેલા (રહે. અમરનગર, જેતપુર,રાજકોટ)ને જેતપુર તાલુકાના અમરનગર ગામ ખાતેથી ઝડપી જેતપુર તાલુકા પોલીસના હવાલે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# હળવદ: શ્રમિકનો ઝેરી દવા પી આપઘાત

**અબતક, રાજકોટ**

હળવદ ના રાયસીંગપૂરમાં રહેતા ૩૭ વર્ષીય યુવકનો કોઈ કારણસર દવા પી જીવન ટુંકાવી લીધું છે. આ બનાવથી પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મોરબી ના હળવદમાં આવેલ રાયસિંગપુર ગામે રહેતા સબીરભાઈ દૂરસિંગભાઈ નાયક (ઉંમર.૩૭) તેને ગોરીઘનશ્યામપૂર તેમના સાળાની વાડીએ જે ને તારીખ ૧૪/૯/૨૫ ના બોપર ત્રણ વાગે કોઈ કારણ સર ઝેરી દવા પી હતી ત્યાર બાદ સબિર ને સારવાર માટે મોરબી સિવિલ માં ખસેડયા હતો જ્યાં થી તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ માં લાવતા ત્યાં તેની ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું પ્રાપ્ત વિગત મુજબ સબીરભાઈ દૂરસિંગભાઈ રાયસીંગપુરમાં ભાગ્યું રાખીને જીવન જીવતા હતા મૂળ મધ્યપ્રદેશ ના રહેવાસી અને એક દીકરી એક દીકરો ચાર ભાઈ એક બેન માં બીજા નંબર નો ભાઈ હોવાનું સામે આવ્યો છે.

# જૂનાગઢ: મકાનમાં ખાતર પાડતા તસ્કરો

## સોના-ચાંદીના ઘરેણા અને રોકડા મળી રૂ.૨.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ શહેરના ગિરિરાજ રોડ ઉપર આવેલ રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈશમે સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂપિયા ૨.૮૦ લાખના મતાની ચોરી કરી લઈ ગયા હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોર ઈસમને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

શહેરમાં નોબલ સ્કુલ પાસે આવેલ ગ્રીન પાર્ક સોસાયટી બ્લોક નં.૧૩ માં રહેતા સચીનભાઈ લક્ષ્મીદાસભાઈ દલાલના રહેણાંક મકાનમાં તા. ૦૯/૦૮/૨૫ થી તા.૨૮/૦૮/૨૫ દરમિયા કોઈ અજાણ્યા ચોર ઈસમે અપ-પ્રવેશ કરી, ઘરમાં રાખેલા સોના-ચાંદીના આશરે રૂ. ૨,૫૫,૦૦૦ મતાના દાગીનાઓ તથા રોકડા રૂ.૨૦ થી ૩૫ હજાર મળીને કુલ રૂ. ૨,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયાની બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા, અજાણ્યા ચોર ઈસમને પકડી પાડવા બી ડિવિઝન પી.એસ.આઈ. પી.એ. જામંગએ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ: બેંક કર્મી.ની ઓળખ આપી યુવક સાથે રૂ.૩.૨૯ લાખની ઠગાઈ

## એપ્લીકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલ હેક કરી ઓનલાઈન રૂપીયા ઉપાડી લીધા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં વધુ એક સાઈબર ફ્રોડનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના મધુરમ વિસ્તારમાં રહેતા યુવાનને એકિસસ બેન્કના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, વિશ્વાસમાં લઈ, એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, બેન્કના એકાઉન્ટમાંથી રૂ. ૩.૨૯ લાખ ઓનલાઈન ઉપાડી લીધા હોવાની પોલીસમાં ફરિયાદ થતા, પોલીસે અજાણ્યા આરોપીઓને પકડી પાડવા કવાયત હાથ ધરી છે.

જુનાગઢના તુલસી પાર્ક સોસાયટી, મધુરમમાં રહેતા નરેન્દ્રભાઈ નારણભાઈ બાલસ, ને ગત તા.૧૨/૧૨/૨૪ ના રોજ અજાણ્યા મોબાઈલ નં. ૭૪૮૮૯૭૧૩૫૬ પરથી ફોન આવેલ હતો અને પોતે એકિસસ બેંકના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, ફરીયાદી નરેન્દ્રભાઈને એકિસસ બેંક એકાઉન્ટ ઓપન કરવા બાબતે વાતચીત કરી, વિશ્વાસમાં લઈ, નરેન્દ્રભાઈ પાસે મોબાઈલ ફોનમાં એકિસસ બેંક જેવીજ એપ્લીકેશન મોકલી ડાઉનલોડ કરાવી, મોબાઈલ ફોન હેન્ક કરી બાદમાં અજાણ્યા મો.નં.૮૯૮૧૪૯૦૫૨૯ ના ધારકે નરેન્દ્રભાઈને બે વખત ફોન કરી, અને એકસીસ બેંકના એકાઉન્ટ માંથી રૂ. ૨૯,૦૦૦ તથા રૂ. ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૩,૨૯,૦૦૦/- ઓનલાઈન ઉપાડી, કેનારા બેંકના અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી, ખોટા નામે ઠગાઈ, વિશ્વાસઘાત કરી, ઓનલાઈન નાણાકીય ફ્રોડ કર્યા અંગેની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નરેન્દ્રભાઈ નારણભાઈ બાલસ એ ૯ માસ બાદ ફરિયાદ નોંધાવતા પોલીસે મો.નં. ૭૪૮૮૭૧૩૫૬ તથા ૮૯૮૧૪૯૦૫૨૯ ના ધારક તથા કેનેરા બેંક એકાઉન્ટ નંબર ૧૧૦૨૧૨૨૬૫૧૧૦ ના ધારક સામે ગુન્હાઓ નોંધી, એ ડીવી. પી.આઈ. આર.કે. પરમાર એ વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ: વિદેશી દારૂના બે દરોડા, ત્રણ ઝડપાયા

## શરાબને ૮૭ બોટલ અને બાઈક મળી, રૂ.૫૮ ગુજરાતનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં બે સ્થળે વિદેશી દારૂના દરોડા પડ્યા છે. જેમાં ગોંડલ શહેરમાં અને દેરડી (કુંભાજી) ગામે પોલીસે વિદેશી દારૂના દરોડા પાડી, શરાબની ૮૭ બોટલ અને બાઈક મળી રૂ.૫૮ હજારના મુદ્દા માલ સાથે ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોંડલ સીટી પોલીસ ની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક નંબર વિનાનું બાઈક શંકાસ્પદ જણાતા તેને અટકાવી તલાસી લેતા શરાબની ૨૨ બોટલ મળી આવતા, બાઈક અને શરાબ મળી રૂ. ૨૯ હજારના મુદ્દા સાથે ભગવતપુરા માં રહેતો કિશન જયંતીભાઈ ચૌહાણને ગોંડલ સીટી પોલીસે ધરપકડ કરી છે. જ્યારે બીજો વિદેશી દારૂનો દરોડો દેરડી (કુંભાજી) ગામે પાડી શરાબના ૬૫ ચપલા સાથે, દેરડી (કુંભાજી) ગામે રહેતો મનુ ઉર્ફે ચોટી લખુભાઈ હુદડ અને કનુભાઈ ઉર્ફે કની અરજણભાઈ ગજેરા નામના શખ્સોને સુલતાનપુર પોલીસની ટીમે ઝડપી લીધા છે.

# આટકોટના વિરમગામે ઝેરી જનાવરે ડંખ મારતા મહિલાનું મોત

## મેટોડાના ખીરસરામાં ભરનિંદ્રામાં વૃદ્ધાને ઝેરી જનાવર કરડતા મોત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર માં ભાદરવા ના તપતા દિવસોમાં ઝેરી જનાવરોનો ઉપદ્રવ વધ્યો હોય તેમ વિરમગામ માં વાડીએ ખેતી કામ કરતી વખતે અને ખીરસરા ગામે પથારીમાં સુતેલી મહિલાઓ નેઝેરી જનાવર કરી જતા સારવાર કારગત નિવડે તે પહેલા જ મોત નીપજયાના બનાવો નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ આટકોટ પોલીસ મથકની હદમાં આવેલ વિરમગામ માં રહેતા ધર્મિષ્ઠાબેન ભાવેશભાઈ વેકરીયા ૩૨ ગઈકાલે ખેતરમાં કામ કરી રહ્યા હતા, ત્યારે પગમાં ઝેરી જનાવર કરડી જતા બેભાન હાલતમાં પ્રથમ કે ડી પી હોસ્પિટલ બાદ ગોંડલ લઈ જવાતા હતા ત્યારે રસ્તામાં જ મોત નિપજ્યું હતું આ અંગે આટકોટ પોલીસે તપાસ હાથ ધરી છે ઝેરી જનાવર કરડી જવાથી મોતના અન્ય બનાવમાં મેટોડા નાખી ખીરસરા ગામે રહેતા અમીનાબેન ઉમરભાઈ ૬૦ ગત રાત્રે પોતાના ઘેર સૂતા હતા ત્યારે પથારીમાં કોઈ ઝેરી જનાવર સાપ કરડી જતા સારવાર મળે તે પહેલાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ના તબીબો એ મૃત જાહેર કર્યા હતા અમીના બેન ના પતિ ગુજરી ગયા બાદ બે પુત્રો સાથે અમીનાબેન રહેતા હતા આગે મેટોડા પોલીસે તપાસ હાથ ધરી છે.




जीवेत शरदः शतम्

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

## અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



### સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



### સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓક્ટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન



## સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ ગુજરાતની મક્કમ ગતિ

# બ્રાસ ઉદ્યોગ પર જીએસટીના દરોડા : ૧૩૬ % પેનલ્ટીથી નાના ઉદ્યોગકારોમાં હાહાકાર

## સાંઢીયા પુલ પાસે ૬ વાહનોમાંથી કાચો માલ જપ્ત, દસ્તાવેજોની ચકાસણી ચાલુ

## અતિભારે દંડથી ઘર આધારિત નાના ઉદ્યોગકારોમાં અસંતોષ

## ઉદ્યોગ એસોસિએશન અને અગ્રણીઓની જીએસટી કચેરીએ દોડી જઈ રજૂઆત

જામનગરમાં આવેલો બ્રાસ ઉદ્યોગ જે વિશ્વકક્ષાએ પ્રખ્યાત છે અને તેમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાખો લોકો રોજગારી મેળવે છે. ત્યારે જામનગરમાં જીઆઈડીસી સામેના સાંઢીયા પુલ પાસે જીએસટીની સ્કોર્ડની ટીમ ત્રાટકી હતી. આ દરમિયાન રિક્ષા સહિતના અનેક વાહનોમાંથી કાચો માલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એટલું જ નહિ ૧૩૬ ટકાની પેનલ્ટી ફટકારતા ઉદ્યોગકારો નારાજ થયા હતા. ઉદ્યોગ એસોસિયેશનના પ્રમુખ સહિતનાઓએ જીએસટી કચેરી ખાતે દોડી જઈ રજૂઆત કરી હતી.પ્રાપ્ત વિગત અનુસાર જીએસટીવિભાગની અમદાવાદની ચેકીંગ સ્કવોડની ટીમ જામનગરના બ્રાસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ વેળાએ સાંઢીયાપુર પાસે રસ્તા ઉપરથી બ્રાસપાટનો માલ ભરીને પસાર થતાં ૬ વાહનો ને રોકી ને તેમનો માલ સામાન જપ્ત





કર્યો હતો. જેમાં ૧૩૬ ટકાની પેનલ્ટીની રકમની માંગ કરી હતી. ઉદ્યોગકારો નાના ભાઈએ પોતાના વ્યવસાય ચલાવતા હોય અને ઘર બેઠા કામ કરી કમાણી કરતા હોવાથી તેઓને આટલી મોટી રકમ ભરવી પરવડે તેમ ન હોવાથી વેપારીઓને ચેકિંગ કરતી ટીમ વચ્ચે રકઝક થઈ હતી. બાદમાં તમામ વાહનોમાં ભરેલો બ્રાસપાર્ટનો માલ સામાન જપ્ત કર્યો હતો. બીજી બાજુ આ મમલે જાણ થતા જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ પટેલ, સ્થાનિક ઉદ્યોગપતિ મંડળના આગેવાનો અને કેટલાક રાજકીય અગ્રણીઓ તાત્કાલિક લાલ બંગલા ખાતેની જીએસટી કચેરી પર રજૂઆત માટે દોડી ગયા હતા, જ્યાં તેમણે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉદ્યોગકારોને ખોટી રીતે પરેશાન ન કરવામાં આવે અને સમગ્ર મામલે યોગ્ય તપાસ થાય તેવી માંગણી કરી હતી. હાલમાં, અમદાવાદથી આવેલી ટીમ દ્વારા જપ્ત કરાયેલા દસ્તાવેજો અને માલસામાનની ચકાસણીની પ્રક્રિયા ચાલુ છે.

# આપણી ધાર્મિક ભાવનાને સાચી દિશા આપીએ ઉજવણીમાં પૂરતી તકેદારી રાખીએ: જીતુભાઈ લાલ

## એચ. જે. લાલ ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદારલાલ ફાઉન્ડેશન દ્વારા ગણપતિ પંડાલોના આયોજકોનો ૧૫મો સન્માન સમારોહ યોજાયો

**અબતક, જામનગર**

સમગ્ર હાલાર તેમજ સૌરાષ્ટ્ર ગુજરાતમાં અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓમાં સતત કાર્યરત એવા જામનગરની હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ (કેદાર જીતેન્ લાલ) ફાઉન્ડેશનના ઉપક્રમે જામનગરમાં ગણેશ મહોત્સવ પંડાલના આયોજકોને સન્માનવાનો સમારોહ સતત ૧૫ માં વર્ષે યોજાયો હતો.

આ સમારોહમાં જામનગર આણદાબાવા સેવા સંસ્થાના મહંત પૂ.દેવપ્રસાદજી મહારાજ, નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ના આચાર્ય પૂ.કૃષ્ણમણીજી મહારાજ તથા સ્વામી નારાયણ મંદિરના કોઠારી સ્વામી પૂ.ચર્તુભુજદાસજી સ્વામી આર્શિવચન પાઠવવા ખાસ




ઉપસ્થિત રહયા હતાં. આ ઉપરાંત જામનગર શહેના વિવિધ મહિલા સંસ્થાઓના પ્રમુખો અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતાં. સમારોહનો પ્રારંભ મહંતો તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આરતી સાથે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ (કેદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન ના ટ્રસ્ટી જીતુભાઈ લાલે સૌને આદરપૂર્વક આવકારતા જણાવ્યું હતું કે લાલ પરિવાર દ્વારા ગણેશ મહોત્સવના આયોજકોને ઈકો ફ્રેન્ડલી માટીના ગણેશ મૂર્તિની સ્થાપના કરવા અપીલ કરી હતી. જે અપીલના કારણે આજે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ૯૦ ટકા જેટલા મહોત્સવમાં માટીની મૂર્તિનું સ્થાપન કરી ઉત્સવ ઉજવવામાં આવી રહયો છે. આ આયોજકોના સહકારના કારણે આ અભિયાન સફળ થયું છે.વધુમાં જીતુભાઈ લાલે અગાઉના વરસોમાં દરિયામાં મૂર્તિના વિર્સજન માટે લાલ પરિવાર દ્વારા ક્રેઈન સહિતની સુવિધા પુરી પાડી હોવાનું જણાવ્યું હતું જયારે હવે મહાનગરપાલીકા તંત્ર દ્વારા કુત્રિમ કુંડ બનાવાય છે ત્યારે સૌ આયોજકોને કોઈપણ જાતનું જોખમ લીધા વગર મૂર્તિઓ કુંડમાં જ પધરાવવા તેમણે અનુરોધ કર્યો હતો.સમગ્ર સમારોહનું સંચાલન બિમલભાઈ ઓઝા તથા અલ્કાબેન નથવાણીએ કર્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા અજય કોટેચા, વિરાજ કાનાબાર, જીતુભાઈ નથવાણી, અકરમ સુમરા, આર.કે.પરમાર, રાજેશ વ્યાસ, રાજેશ ચંદારાણા વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકાઃ ઈનપુટ ક્રેડીટ ચાલુ રાખવા સહિતના મુદ્દે હોટલ એસોસિએશન દ્વારા જીએસટી કમિશનરને રજુઆત

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

તાજેતરમાં દેશભરમાં લાગુ થયેલા જી.એસ.ટી. ૨.૦ રીફોર્મસમાં કરવામાં આવેલ ધરખમ ફેરફારોમાં ૧૭ ટકા અને ૫ ટકા એમ બે સ્લેબ પૈકી હોટલ ધંધાર્થીઓને ૫ ટકા સ્લેબમાં ઈનપુટ ક્રેડીટ મળતું ન હોય જે અનુસંધાને દ્વારકા હોટલ એસોસીએશનના ઉપપ્રમુખ શૈલેષભાઈ ઘઘડા, મંત્રી રવિભાઈ બારાઈ, સહમંત્રી ભરતભાઈ સોલંકી, નીરવભાઈ સામાણી, શીતલભાઈ બથીયા સહિતના સભ્યોએ રાજકોટ ખાતે



જીએસટી કમીશ્નર કચેરીની મુલાકાત લીધી હતી અને હોટલ ધંધાર્થીઓને ૫ ટકાના સ્લેબમાં પહેલાની જેમ ઈનપુટ ક્રેડીટ ચાલુ રાખવા સહિતના મુદ્દાઓ પર રજૂઆત કરવામાં આવી હતી.

# નવનિર્માણ માટે રેલવે સ્ટેશનનો ફૂટ ઓવરબ્રિજ રહેશે બંધ

જામનગર રેલવે સ્ટેશન પર મુસાફરોના આવા જવા માટે દ્વારકા તેમજ રાજકોટ છેડા માટેનો ખાસ ફુટ ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. પરંતુ બ્રિજના નવનિર્માણના કારણે રાજકોટ છેડા તરફનો ઓવરબ્રિજ તારીખ ૧૮ સપ્ટેમ્બર સુધી જાહેર ઉપયોગ માટે બંધ કરવામાં આવ્યો છે.

રાજકોટ ડિવિઝનના જામનગર રેલવે સ્ટેશન પર મુસાફરોને આવાગમન કરવામાં મુશ્કેલી ન પડે તે માટે ખાસ દ્વારકા અને રાજકોટ બંને તરફ ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો પર છે આ બ્રિજને સ્થાને ૧૨ મીટર નવા ફુટ ઓવર બ્રિજનું બનાવવામાં આવશે જેના નિર્માણ કાર્ય માટે રાજકોટ છેડા તરફનો ઓવરબ્રિજ તારીખ ૧૮ સપ્ટેમ્બર સુધી મુસાફરો માટે બંધ કરવામાં આવ્યો છે આ સમયગાળા દરમિયાન મુસાફરો ફરજિયાત પડે બીજા ઓવરબ્રિજ એટલે કે દ્વારકા છેડા વાળો ઓવરબ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે તેમ રેલ તંત્ર દ્વારા મુસાફરોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ૩ શિક્ષકની બદલી થતા શાળાના આચાર્ય સામે પણ આકરા પગલાના ભણકારા

જામનગરમાં પોલીસ હેડક્વાર્ટરવાળી શાળા નંબર-૨૯ના બે શિક્ષિકાની બદલીના જે તે સમયે ચકચારી બનેલા કિસ્સામાં શિક્ષકોએ પણ પ્રાથમિક શિક્ષણ વિભાગના સચિવને આચાર્યા વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. જે બાદ ગાંધીનગરથી આચાર્યા સામે પણ પગલા લેવા તા.૧૫ના રોજ શાસનાધિકારીને મંજુરી મળી છે. જે અંગે શાસનાધિકારી પોતે અજાણ હોવાનું જણાવે છે.

કોર્પોરેશનની પ્રાથમિક શાળાનાશૈક્ષણિક વર્તુળમાં ચકચારી બનેલી બદલી અન શિક્ષાત્મક પગલાની ઘટનાની વિગતો મુજબ વાલીઓની ફરિયાદોનો તથા આચાર્યાની ફરિયાદોનો હવાલો આપીને તપાસ બાદ અને ગાંધીનગરથી શિક્ષણ --મળેલી નિયામકની કચેરીની સુચનાના આધારે ગત તા.૨૫/જુલાઈના રોજ શાસનાધિકારીએ શાળા નંબર ૨૯ના બે શિક્ષિકા અને એક શિક્ષકની બદલી કરવાનો તેમજ ભવિષ્યની અસરથી જુલાઈ માસનો ઈજાફો પણ રોકવાનો આદેશ કર્યો હતો.

જે સામે શિક્ષકો વતી નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પણ શિક્ષણ સમિતિ અને શાસનાધિકારીને રજુઆતો કરવામાં આવી હતી. સાથે સાથે શિક્ષકો દ્વારા ગાંધીનગર ખાતેના પ્રાથમિક શિક્ષણ સચિવને આચાર્યા વિરૂધ્ધ પણ ફરિયાદ કરવામાં આવી હતી. જે અંગે સચિવની મંજુરી બાદ આચાર્યા સામે પણ શિક્ષાત્મક બદલી જેવા પગલા લેવા ગાંધીનગરથી મંજુરી આવી જતા આગામી દિવસોમાં પગલા લેવાઈ તેવી શકયતા છે.

# સીમંધર સ્વામી જૈન મંદિરના ઉપક્રમે દશ લક્ષણ પર્યુષણ પર્વ સંપન્ન

## ધ્વજા, ભગવાનને લઈને પ્રદક્ષિણા તથા ભગવાનનો અભિષેક, સમૂહ પૂજા સહિતનાં કાર્યક્રમ

અર્ધ શત્રુંજય'નું બિરૂદ ધરાવતા જામનગર માં આર્યસમાજ રોડ પર આવેલ શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર તથા શ્રી સીમંધર જૈન મંદિર પાર્ક કોલોનીના ઉપક્રમે દશ લક્ષણ પર્યુષણ પર્વ યોજાયું હતું. જેમાં પ્રતિદિન જૈન પરંપરાઓ અનુસાર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.

ગઈકાલે તા.૧૪ અને રવિવારે પર્વનાં અંતિમ દિને સવારે પાર્ક કોલોનીમાં શ્રી સિમંધર સ્વામી મંદિરમાં ગુરૂદેવનાં સીડી ટેપ પ્રવચન, ધ્વજા, ભગવાનને લઈને પ્રદક્ષિણા તથા ભગવાનનો





અભિષેક, સમૂહ પૂજા સહિતનાં કાર્યક્રમ યોજાયા હતાં.બપોરે સ્વામી વાત્સલ્ય જમણવાર પણ યોજાયો હતો.

# પાઈપલાઈનની કામગીરી સંદર્ભે અનેક વિસ્તારોમાં પાણીકાપ

## ફ્લોમીટર અને વાલ્વ ફીટ કરવાની કામગીરી દરમિયાન પવનચકકી, જામનુ ડેરૂ, પાબારી ઝોન સહિતના વિસ્તારોમા પાણી વિતરણ બંધ

જામનગરમાં પમ્પ હાઉસ ફીલ્ટર પ્લાન્ટ ખાતે પાણીના જાવકની ૮૦૦ એમ.એમ.ડાયાની શંકર ટેકરી ઈ.એસ.આર.ની પાઈપ લાઈનમાં ફ્લોમીટર અને વાલ્વ ફીટ કરવાનુ હોવાથી શંકર ટેકરી ઈ.એસ.આર. થી પાણી વિતરણ થતા વિસ્તારના લોકોને પાણીકાપ ભોગવવાનો વારો આવ્યો હતો. આજે તા. ૧૭ ને બુધવારના રોજ પમ્પ હાઉસ ફીલ્ટર પ્લાન્ટ ખાતે શંકર ટેકરી ઈ.એસ.આર.ની પાઈપ લાઈનમાં ફલોમીટર અને વાલ્વ ફીટ કરવાનું આયોજન હોય જેના ભાગરૂપે શંકર ટેકરી ઈ.એસ.આર. થી પાણી વિતરણ થતા પવનચકકી, જામનુ ડેરૂ અને પાબારી ઝોન તથા શંકર ટેકરી ઈ.એસ.આર. ખાતે પાણી વિતરણ બંધ રહેવા રહ્યું હતું. જામનગર શહેરમા પાણી વિતરણ કરતા શંકર ટેકરી ઝોન-એ હેઠળ આવતા વિસ્તારો જામનુ ડેરૂ ઝોનમા સમાવિષ્ટ ખોજાનાકુ, ખોજાવાડ, રંગુનવાલા વિસ્તાર, ભાનુશાળી વાડ, શેઠ થળી, બર્ધન ચોક,મુલ્લા મેડી, અને પાબારી ઝોનમા સમાવિષ્ટ વિસ્તારો જેવા કે ખંભાળીયા નાકા થી સેન્ટ્રલ બેંક વિસ્તાર, હવાઈ ચોક, નાગર ચકલો હવેલી વિસ્તાર પંચેશ્વર ટાવર, વંડાફળી, બેડી ગેઈટ, રણજીત રોડ, કડીયાવાડ, ગ્રેઈન માર્કે, કે.વી. રોડ, ત્રણ દરવાજા, રેલનગર, ભોંયવાડો, લંઘાવાડનો ઢાળીયો, ચાંદી બજાર, રતનબાઈની મસ્જીદ વાળો વિગેરે વિસ્તારો, પવનચકકી ઝોન મા સમાવિષ્ટ આવતા વિસ્તારો પ્રેમચંદ કોલોની, પૂર્વ ધારાસભ્ય મનહરભાઈ ઝાલા વાળી શેરી, કિશાન ચોક, અંજલી ન્યુઝ વાળી શેરી, હીરાસર વાસ, ખોજા નાકુ, ટીટોડી વાડી, સુમરાચાલી, તવા રેસ્ટોરન્ટ વાળી શેરી, બાવાવાડ, કબીર આશ્રમ, ઉનની કંદોરી, નાગરપરા, કનખરા સમાજ, ખાઈ ફળી, સોનીની વાડી, મતવા શેરી, એમ.જે.પાર્ક, સહિતના વિસ્તારોમાં પાણી બંધ રહ્યું હતું. બાદમાં બીજા દિવસે રૂટીન લગત ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે.

# મોટી ખાવડીમાં આધેડ ઉપર પરપ્રાંતિય શખ્સનો હુમલો

જામનગર જિલ્લાના મોટીખાવડી ગામે આવેલ આંબાવાડી વિસ્તાર દ્વારકાધીશ જનરલ સ્ટોર પાસે મહોબતસિંહ અભેસંગ ચુડાસમા નામના ૫૪ વર્ષીય આધેડ ઉભા હતા. આ દરમિયાન આરોપી અજયકુમાર રાજ બલ્લમસીંગ (રહે. રોહતાસ બિહાર) ત્યાં હાથમાં લોખંડના પાઈપ સાથે ધસી આવ્યો હતો. આ દરમિયાન કોઈ કારણસર મહોબતસિંહ અભેસંગ ચુડાસમા સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગ્યો હતો.

બાદમાં પોતાના હાથમા રહેલ લોખંડના પાઈપના બે ત્રણ ઘા ઝીંકી લેતા મહોબતસિંહને ઈજા પહોચી હતી. માથામા હેમરેજની ગંભીર ઈજા કરી હતી.

આથી તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા છે. બીજી બાજું ઈજાગ્રસ્તના પુત્ર મયુરસિંહની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# "નાઈટ કોમ્બિંગ" ટ્રાફિક ડ્રાઈવઃ નિયમ તોડનારાઓમાં ફફડાટ અનેક વાહનો ડીટેઈન

## પવનચકકી વિસ્તાર સહિત શહેરના પ્રવેશદ્વારો પર કડક ચેકિંગ

## ૫ થી વધુ બાઈક ડીટેઈન, નિયમોના ભંગ બદલ રૂ. ૧૨,૩૦૦ દંડ વસુલાયો

જામનગર શહેર/જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા અવારનવાર ''કોમ્બનિંગ નાઈટ'' યોજાતી હોય છે. ત્યારે સીટી એ ડિવિજન પોલીસ દ્વારા પવનચક્કી વિસ્તારમાં ડ્રાઈવ યોજાઈ હતી. જામનગર એસપી અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા મંગળવારે યોજેલી ડ્રાઈવમાં નંબર પ્લેટ વગર ના વાહનો, કારની બારીઓમાં અપારદર્શક ફિલ્મો લગાડનારા, ફેન્સી નંબર પ્લેટ લગાવેલા, ડ્રીંક એન્ડ ડ્રાઈવ તેમજ વાહનોમાં ધોકા જેવા





હથિયારો સાથે નીકળેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ''કોમ્બનિંગ નાઈટ'' દરમ્યાન સમગ્ર જિલ્લા તેમજ શહેરના વિવિધ વિસ્તારો તેમજ શહેરના પ્રવેશદ્વાર રોડ ઉપર કડક ચેકીંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જ્યારે, જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એ.ચાવડા સહિત સર્વેલન્સ ટીમ દ્વારા પવનચક્કી સર્કલ ખાતે ટ્રાફિક નિયમો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૫ થી વધુ બાઈક ડીટેઈન કરાયા હતાં અને અનેક લોકો પાસેથી કુલ રૂ.૧૨,૩૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી નિમયોનો ભંગ કરનારાઓ વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ''કોમ્બનિંગ નાઈટ'' દરમ્યાન પોલીસે દુકાનોએ કે, જાહેર સ્થળોએ વાહનો સાઈડમાં પાર્ક કરીને મોડી રાત સુધી જમાવડો કરીને બેસનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અમુક લોકો તો પોલીસને જોઈને ભાંગ્યા હતાં.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતમાં સેવાકાર્યોનો અમૃતોત્સવ

## વિશ્વના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૧૨ કલાકનો મેગા રકતદાન કેમ્પ: એક લાખ લોકો કરશે મહાદાન

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજે ૭૫મો જન્મદિવસ છે. ગુજરાત સહિત દેશભરમાં સેવા કાર્યો થકી જનનાયક, ૧૪ કરોડ ભારતીયોના હૃદય સમ્રાટ એવા નરેન્દ્રભાઈના જન્મદિનની સેવાત્સવ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ૧૨ કલાકનો મહારકતદાન કેમ્પ યોજાયો હતો જેમાં એક લાખથી વધુ લોકો રકતદાન કરી નરેન્દ્રભાઈના દીધાર્યુ માટે શુભકામનાં પાઠવશે.

માત્ર ગુજરાત જ કે ભારતીય જ નહી વિશ્વના ૭૫ દેશોમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ઉજવણી કરવામાં આવી રહી છે. ૭૫૦૦થી વધુ સ્થળોએ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૪૦૦૦થી વધુ બ્લડ બેંક, અને ૨૫ હજારથી વધુ લેખ ટેકિનશિયન સેવા યજ્ઞમાં જોડાયા છે. આજે રકતદાનનો મહાવિક્રમ અંકિત થશે.








આજે સ્વસ્થ નારી , સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ૦૨ ઓકટોબર ૨૦૨૫ સુધી સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

રાજ્યમાં અંદાજે કુલ ૧.૪૧ લાખ કરતાં વધુ હેલ્થ કેમ્પ યોજાશે જેમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પ દ્વારા (અનુ. આઠમા પાને)

## સ્વસ્થ નારી, સશકત પરિવાર અભિયાન, સફાઈ અભિયાનનો આરંભ: ૨ ઓકટોબર સુધી સેવા પખવાડીયું ઉજવાશે

# ટેકાના ભાવની ખરીદીમાં એરંડાનો સમાવેશ કરવા ગુજરાતની ભલામણ

## મગફળી, ચણા અને સોયાબીનની ખરીદીમાં ઉત્પાદનના ૨૫ ટકાની મર્યાદા વધારી ૫૦ ટકા કરવાનું પણ સુચન

**અબતક, રાજકોટ**

નવી દિલ્હી ખાતે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતા હેઠળ 'વન નેશન, વન એગ્રીકલ્ચર, વન ટીમ'ની થીમ પર નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રબી કેમ્પઈન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ સહિત કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

આ સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી ૩ ઓકટોબરથી ૧૮ ઓકટોબર દરમિયાન રાષ્ટ્રવ્યાપી વિકસિત રવિ કૃષિ સંકલ્પ અભિયાન યોજાશે. જે દેશના ખેડૂતોની જમીનનું સ્વાસ્થ્ય જાળવીને ખેત ઉત્પાદકતા વધારવા તેમજ પ્રાકૃતિક કૃષિને વેગ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પૂરવાર થશે.

આ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગુજરાતના કૃષિ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અને રવી પાકના વિવિધ અંદાજો રજૂ કર્યા હતા. સાથે જ, ગુજરાતમાં આ વર્ષે થયેલા કૃષિ વિકાસ, પાકની સ્થિતિ અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના પગલાં પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે સારો વરસાદ થયો હોવાથી અત્યાર સુધીમાં સામાન્ય વાવેતર વિસ્તારની દ્રષ્ટીએ ૯૭ ટકા વિસ્તારમાં વાવણી પૂર્ણ થઈ છે. જ્યારે, બાકીના વિસ્તારમાં એરંડા અને તમાકુનું વાવેતર ચાલી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં પાકની સ્થિતિ એકંદરે સારી છે અને આ વર્ષે પણ સારા ઉત્પાદનની અપેક્ષા છે. આ ઉપરાંત સારા વરસાદના પરિણામે રાજ્યના તમામ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. જેના કારણે રવિ અને ઉનાળુ પાકનું સારું વાવેતર થવાની અને સારું ઉત્પાદન મળવાની આશા છે.

ભારત સરકારને સૂચન કરતા કહ્યું હતું કે, પ્રમાણિત બીજ કૃષિ માટે ખૂબ જ જરૂરી છે. ગુજરાતમાં ખરીફ-૨૦૨૫ સીઝનથી સાથી પોર્ટલ પર સર્ટિફિકેશનની પ્રક્રિયા સફળતાપૂર્વક શરૂ કરાઈ છે, જેમાં અત્યાર સુધી ૮૫ હજાર હેકટરથી વધુ વિસ્તારનું રજિસ્ટ્રેશન થયું છે. બીજનું રિવેલીડેશન ઓછામાં ઓછું બે વાર કરવાની અને રિવેલીડેશન માટે બીજ ટેસ્ટિંગ સરકારી કે માન્યતા પ્રાપ્ત લેબમાં જ કરવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી.


આ ઉપરાંત તેમણે ખાતર વિતરણ સંસ્થાઓને પીઓએસ મશીનને બદલે ડેસ્કટોપ કોમ્પ્યુટર અને થમ્બ સ્કેનર પૂરા પાડવા માટે સૂચન કર્યું હતું, જેથી ખાતરનું વિતરણ ઝડપી અને સરળ બની શકે. આ કોમ્પ્યુટરનો ઉપયોગ અન્ય સરકારી યોજનાઓ માટે પણ થઈ શકે છે. નેટવર્ક ન હોય ત્યારે ઓફલાઈન ડેટા એન્ટ્રી કરવાની સુવિધા વિકસાવવા માટે પણ મંત્રીએ અનુરોધ કર્યો હતો.

ટેકાના ભાવે ખરીદી અંગે સૂચન કરતા મંત્રીએ કહ્યું હતું કે, ભારતમાં સૌથી વધુ એટલે કે, ૮૦ ટકા એરંડાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. સીઝન દરમિયાન ઘણીવાર એરંડાના બજાર ભાવ ઓછા હોવાથી ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવે છે. જેથી કૃષિ ક્ષેત્ર અને આર્થિક દ્રષ્ટીએ મહત્વપૂર્ણ એરંડાના પાકને લઘુત્તમ ટેકાના ભાવની યોજનામાં સામેલ કરવા માટે ભારત સરકારને ભલામણ કરી હતી.

વધુમાં, મગફળી, ચણા અને સોયાબીન પાકના ઉત્પાદનના ૨૫ (અનુ. આઠમા પાને)

# તૂટેલા રોડની યાદી તૈયાર કરી કસૂરવાર કોન્ટ્રાકટરો સામે કાર્યવાહી કરાશે

## વરસાદને કારણે ખેતીના પાક-વાવેતરનું ધોવાણ કે ખેતીની જમીનનનું ધોવાણ થયું છે ત્યાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોને ઝડપભેર સહાય આપવા મુખ્યમંત્રીની સૂચના: મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ મુખ્યત્ત્વે પાંચ મુદ્દે સમીક્ષા કરી તાકીદ અને આદેશ કર્યા



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે જન્મ દિવસ છે અને તે નિમિત્તે રાજ્યભરમાં સંખ્યાબંધ પ્રજાહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે ત્યારે તેમાં વ્યસ્તતાને કારણે સામાન્ય રીતે દર બુધવારે મળતી રાજ્ય મંત્રીમંડળ (કેબિનેટ)ની બેઠક મંગળવારની સવારે ૮ વાગ્યે યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મંત્રીમંડળની આ બેઠકમાં મુખ્યત્ત્વે ૫ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં ભારે વરસાદને કારણે તૂટી ગયેલા માર્ગો-રસ્તાઓની વિગતવાર ચર્ચા, એમાંથી ક્યા માર્ગો ખાનગી કોન્ટ્રાક્ટરોએ બનાવ્યા છે, ક્યા માર્ગ-મકાન વિભાગ કે સરકારી તંત્ર હસ્તક બનાવાયા છે ?, આવા તૂટી ગયેલા નાના-મોટા રસ્તા ક્યારે બન્યાં હતા ? જે પૈકી છેલ્લા એક વર્ષમાં બનેલા અને તૂટી ગયેલા રસ્તાઓને બનાવનારાઓની યાદી તૈયાર કરી તેમને તે રસ્તા ફરી બનાવવાનો આદેશ અને તેમને બ્લેક લિસ્ટ કરવાની તાકીદ, વરસાદને કારણે ખેતીના પાક-વાવેતરનું ધોવાણ કે ખેતીની જમીનનું ધોવાણ થયું છે ત્યાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોને ઝડપભેર સહાય આપવા જેવા મુદ્દાનો સમાવેશ થાય છે.આમ તો, છેલ્લા પાંચેક કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા વરસાદને કારણે ગ્રામ, તાલુકા, જિલ્લા કે રાજ્ય કક્ષાએ તૂટેલા માર્ગોની ચર્ચા કરાતી જ રહી છે પરંતુ ૧૬મીની આ બેઠકમાં મુખ્યમંત્રીના તેવર બદલાયેલા



હતા. તેમણે તૂટેલા માર્ગોની વિગતવાર સમીક્ષા કરી હતી. સાથોસાથે આવા કોન્ટ્રાક્ટરોને એક જ વર્ષમાં તૂટી ગયેલા રોડ-રસ્તા ફરીથી બનાવી આપવાની સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ માર્ગ-મકાન વિભાગ કે તંત્ર દ્વારા બનાવાયેલા રોડ-રસ્તા પણ જો છેલ્લા એક વર્ષ દરમ્યાન તૂટ્યા હોય તો તેવા કિસ્સાઓમાં પણ પગલાં ભરવાનો આદેશ જારી કર્યો હતો.તાજેતરમાં ચોમાસા દરમ્યાન ઘણા જિલ્લાઓ - તાલુકાઓમાં ભારેથી અતિભારે વરસાદને કારણે કાંતો વાવેતર કે ઉભા પાકને નુકસાન થયું છે. કેટલાક વિસ્તારોમાં તો વરસાદના પાણી ભરાઈ રહેવાના કારણે ખેતીની ફળદ્રુપ જમીનનું ધોવાણ થયું છે. આ ઉપરાંત વરસાદને કારણે બાગાયતી પાકોને પણ નુકશાન થયું છે ત્યારે મંત્રીમંડળની બેઠકમાં આવા ખેતી ક્ષેત્રે થયેલી નુકશાનીનો તાત્કાલિક સર્વે પૂરો કરીને અસરગ્રસ્ત ખેડૂતોને નિયમાનુસાર તેનું વળતર ચૂકવવાની પણ સૂચના આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાંથી ૭૬ છલોછલ

## રાજ્યના ૧૧૧ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસ્તર, ૧૪૫ જળાશયો હાઈએલર્ટ હેઠળ

**અબતક, રાજકોટ**

ચોમાસુ હવે વિદાય ભણી રહ્યું છે ત્યારે રાજ્યના ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ જળસ્તર ૯૧ટકા છે જ્યારે ૧૧૧ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસ્તર છે. હાલ ૧૪૫ જળાશયો હાઈએલર્ટ હેઠળ છે.

હાલ જે મુખ્ય જળાશયોમાં જળસ્તર ૧૦૦ ટકાથી વધુ છે તેમાં અરવલ્લીમાંથી હાથમતી, ભાવનગરમાંથી શેત્રુંજી, મોરબીમાં મચ્છુ-૧, મચ્છુ-૨, અમરેલીના ધાતરવાડી, છોટા ઉદેપુરના રામી, જામનગરના વાઘોડિયા, કચ્છના કંકાવટી-નિરૂણાનો સમાવેશ થાય છે. ૧૪૫ જળાશયોમાં જળસ્તર ૯૦ ટકાથી વધુ હોવાથી હાઈએલર્ટ, ૧૨ જળાશયોમાં જળસ્તર ૮૦ ટકાથી ૯૦ ટકા વચ્ચે હોવાથી એલર્ટ, ૧૭ જળાશયોમાં જળસ્તર ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે હોવાથી વોર્નિંગ હેઠળ મૂકવામાં આવેલા છે. ૭૦ ટકાથી ઓછું જળસ્તર હોય તેવા કુલ ૩૨ જળાશયો છે.

રીજિયન પ્રમાણે જોવામાં આવે તો સૌરાષ્ટ્રના ૧૪૧માંથી ૭૬, કચ્છના ૨૦માંથી ૧૩, દક્ષિણ ગુજરાતના ૧૩માંથી ૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા છે. ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ૯૨.૪૭ ટકા જેટલું જળસ્તર ધરાવે છે.



## ૨૪ કલાકમાં ૨૦ તાલુકામાં મેઘમહેર વલસાડના કપરાડામાં અઢી ઈંચ

પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. સાથે જ પંજાબ અને ગુજરાતના કેટલાક ભાગોમાંથી ચોમાસું બે દિવસમાં વિદાય લે એ પ્રકારનું અનુકૂળ વાતાવરણ સર્જાયું હોવાનું હવામાન વિભાગનું અનુમાન છે. ચોમાસાની વિદાય વચ્ચે બંગાળની ખાડીમાંથી સક્રિય થઈને આગળ વધેલું લો પ્રેશર મહારાષ્ટ્રમાં ધબધબાટી બોલાવી રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વરસાદ વરસી રહ્યો છે. લો પ્રેશર હાલ મધ્ય મહારાષ્ટ્રમાં સક્રિય છે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળી શકે છે. ઉપરાંત બંગાળની ખાડીમાં હાલ નવું એક સર્ક્યુલેશન પણ સક્રિય થયું છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં હાલ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ૧૮ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડના કપરાડામાં ૬૨ મીમી, તાપીના વ્યારામાં ૩૭ મીમી , નવસારીમાં ૩૧ મીમી અને તાપીના વાલોદમા ૨૪ મીમી વરસાદ વરસ્યો છે.

# ૧૦૮ ઈમરજન્સી સેવામાં અત્યાર સુધી રેકોર્ડબ્રેક ૧.૮૧ કરોડથી વધુ કોલ

## આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટનો ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લીધો લાભ: ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરાયા




**અબતક, રાજકોટ**


જ્યારે સમયની સોય અટકી જાય, આશાનો દોર તૂટી જાય ત્યારે ૧૦૮ એક નામ નહિ, પણ એક સંજીવની, એક આશ્વાસન, એક જીવનદીપ બનીને નાગરીકોના વ્હારે આવે છે. કટોકટીની પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ નાગરીકો માટે ૧૦૮ સહારો બની છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાના શહેરો, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪x૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.

ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઈમરજન્સી સેવા શરુ થઈ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૧ કરોડથી વધુ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક એટેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૫૯.૦૭ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી અને માર્ગ અકસ્માતના કિસ્સામાં ૨૨.૦૫ લાખથી વધુ ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યારસુધીમાં કુલ ૧૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, તેમજ એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૫૩ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

૧૦૮ ઈમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો ૧.૩૦ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૧૦૩ વાન થકી ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો છે. વર્ષ (અનુ. આઠમા પાને)

શ્રધ્ધાંજલિ સભા



શ્રી ચંદ્રકાંતભાઈ હરસુખલાલ કોટિચા
સ્વ.તા.૧૩-૯-૨૦૨૫, શનિવાર

જય જિનેન્દ્ર...
શબ્દો નિષ્ફળ બની જાય છે ત્યારે, મૌન હૃદયની ભાષા બોલે છે,
રાજકોટનાં વતની શ્રી ચંદ્રકાંતભાઈ હરસુખલાલ કોટિચા ઉ.વ.૮૧
તા.૧૩-૯-૨૦૨૫ ને શનિવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

તેમનું જીવન એક અદ્દભુત કાવ્ય સમાન હતું. સાદગી ની સુગંધ, સેવાભાવની ગંગા અને સ્નેહની અનંત ઝરણાધારા, પરિવાર, સગા-સ્નેહી અને સ્વજનો માટે તેઓ વટવૃક્ષ જેવા હતા. જેની છાયામાં સુરક્ષા, શકિત અને સ્નેહનો અવિરત આશિર્વાદ મળતો રહયો. આ વિયોગે હૃદયમાં જે ખાલીપો રચ્યો છે, તે ક્યારેય પુરાઈ શકે તેમ નથી. તેમની યાદો ચિરંજીવ પ્રકાશ સમાન અમને માર્ગદર્શન આપતી રહેશે.

શ્રધ્ધાંજલિ સભા
તા.૧૮-૯-૨૦૨૫ ગુરુવારે બપોરે ૪ થી ૬ કલાકે
શ્રી સ્વામીનારાયણ મંદિર-BAPS, પ્રમુખ સ્વામી સભા ગૃહ
પ્રવેશ ગેઈટ નં.૫, પાર્કિંગ ગેઈટ નં.૧ અને ૮,
કાલાવડ રોડ, રાજકોટ

કોટિચા પરિવાર તથા પ્રોજેકટ 'લાઈફ',
લાઈફ બ્લડ સેન્ટર અને જયશ્રી વ્યાપાર લિમિટેડ પરિવાર
savelife@999life.org